કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ ૬૧મું · અંક ૪થો · એપ્રિલ ૧૯૮૪
સળંગ અંક ૭૨૪

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

તંત્રી
બિહારીલાલ ટાંક



હેન્રી ગોદીએર બ્ઝેસ્કાનાં ત્રણ બળકટ આલેખન.



વર્તમાન યુગના કલાકારોને હિંમતબાજ સંશોધકો પણ ગણવા જોઇએ. ઘણા કહે છે તેમ તેઓનાં કલાસર્જનોમાં પરંપરિત રીતિઓની ઉપેક્ષા નહિ, પણ તેનાં બંધનોમાંથી મુક્ત થવાના પ્રયાસો દેખાય છે. ગઈ કાલની રીતિઓથી ટેવાએલી આંખ આ નવતર સર્જનને માણી ન શકે તો તેમાં દોષ પરિચિત જૂની રીતિ સાથે તેની તુલના કરવાનો આગ્રહ આપણે છોડી શકતા નથી તેનો છે. પ્રાચીન ગુફાવાસીઓનાં ચિતરામણ વાસ્તવિક માપ પ્રમાણોની અપેક્ષા કે આગ્રહ રાખ્યા વિના આપણે માણી શકતા હોઇએ તો આ અન્ય પ્રકારની લાગતી કલામાં પણ શા માટે રાખવા જોઇએ ! અંતે તો કલાકાર એક સર્જક છે. અને કલાની દરેક નવી રીત એક નવો જન્મ છે. પ્રથમ દષ્ટિએ આપણને જે નકારાત્મક લાગે તે રીત એક નવી જ પરિપાટીનો પ્રારંભ પણ હોઈ શકે. પ્રત્યેક વસ્તુનો પ્રારંભ હોય છે જ, તો પછી નવી પરંપરામાં પણ એ કેમ ન હોય ?

આ અંકમાં જેમનો પરિચય આપ્યો છે તે કલાકાર વિશ્વંભર ખજાની અહીં આપેલી આ ત્રણે કૃતિઓને નામ નથી આપ્યાં. બાજુની રંગીન કૃતિ મીનાકારીથી કરેલી છે. નીચે ડાબી બાજુની એકવાટિન્ટ અને જમણી બાજુની મૅનોપ્રિન્ટ છે. ભાવક તેમાંથી કંઈક તો માણી શકશે જ, કદાચ એ રંગ હોય, કદાચ અમૂર્ત આકારોનું સંયોજન હોય અથવા પોતપોતાની અનુભૂતિ પ્રમાણે કંઈક પરિચિત પામી શકાતું હોય. જો કે આમાંની એક કૃતિ તો સારી પેઠે સ્પષ્ટ છે જ.





કુમાર

એપ્રિલ ૧૯૮૪

સળંગ અંક ૭૨૪

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમારકાર્યાલય લિમિટેડ • ૧૪૫૪ રાયપુર ચકલા - અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૧ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

તમે માનો છો ને? / દેવજી રા. મોઢા

શિખરિણી-સૉનેટ

તમે માનો છો ને અધિક સુખણી હું થઈ ગઈ
અહીં આવ્યા કેડે? જબરજસ તો ભૂલ તમ એ;
તમે જો ત્યાં મારા વિરહ તણી આગે બળી રહો,
નથી તો હું બેઠી મલય-તરુની હેઠ અહીંયાં!

તમે માનો છો ને સઘળું ભૂલી હું પૃથ્વી પરનું,
ત્યજી તેને જતાં? કશું જ નવ હું ભૂલી, તમને
નહીં ભૂલી, ભૂલી ઘર ન ઘર-મેડી ય ઉર એ
જહીં ઝૂલ્યાં ખીલ્યાં, જહીં રચી તમે રમ્ય કવિતા!

તમે માનો છો ને જીવ મુજ ન શેમાં પણ રહ્યે
વિમુક્તિ હું પામી? વિતથ નરી વાતો જ : રહી ગૈ
ખરી મુક્તિ તો ત્યાં પૃથિવી પરનાં લગ્ન-યુગલો–
તણા સંબંધોમાં દૃઢ અચળ આશ્લેષ–રૂપમાં!

રહ્યું પ્હેલાં જેવું હજી પણ મને આકરષણ
તમારું, પૃથ્વીનું, ઘરનું, ઘરની મેડીનું પણ!

હું / ધીરેન્દ્ર મહેતા

- ગાન -

હું જ ફૂલું ને ફાલું,
હું મારી અંદર મ્હાલું!

કિરણ અડીને ચાલી ગયું: એને મારા સલામ!
ઝાકળ દડીને ખાલી થયું: એને મારા સલામ!
આમથી આવી પવન હમણાં ઊડી ગયો છે આમ!
હું યે સૌ સંગાથે ચાલું!
હું જ ફૂલું ને ફાલું!

નભથી કાંઈ રંગ ખરે: એને ભાઈ, હિલ્લોળા!
ધરતી કાંઈ ગંધ ઝરે: એને બાઈ, હિલ્લોળા!
પંખીના કલશોર મહીં હિલ્લોળા હું હિલ્લોળા!
હરુંફરું ના કૈં યે ઝાલું!
હું મારી અંદર મ્હાલું!
હું જ ફૂલું ને ફાલું!

વસમી આ શી કીધ?

સુન્દરજી બેટાઈ

- ગાન -

ખૂબ વિસામા લીધ,
મનવા! ખૂબ વિસામા લીધ;
થાક ઉતાર્યા બ્હાને અધિકું
અંગે આળસ કીધ,
મનવા! અદકું આળસ કીધ.

માલમશાલા, શાલદુશાલા કર્યા પથારા બીચ;
પ્રવાસપંથ અનન્ત ન જાણે?
શાં ઓશીકે શીર્ષ,
ઝાઝાં ઓશીકે શાં શીર્ષ?
બિસ્તર ઝટપટ શે ન લપેટે?
રોકત શી પથબીચ,
આ તે રોકત શી પથબીચ?

ગિરિશિખરોના સાદ સનાતન
મૌને ડૂબવી દીધ?
અંતરના પંખલ અશ્વોનાં
જીન ઉતારી લીધ,
શું તેં જીન ઉતારી લીધ?
વસમી આ શી કીધ,
મનવા! વસમી આ શી કીધ?

મુક્તક / 'પંથી' પાલનપુરી

ભૂલ વારંવાર નરબંકા ન કર!
તું અયોધ્યામાં ફરી લંકા ન કર!
આગ સોંસરવી સીતા નીકળી જશે,
રામ જેવો રામ થઈ શંકા ન કર!

જીવ્યા કરે / ભરત યાજ્ઞિક

• મુક્તક •

ઓલવાતા શ્વાસ લઈ માણસ પછી જીવ્યા કરે,
ચાંગળું અજવાસ લઈ માણસ પછી જીવ્યા કરે,
એક દરિયો કે નદી કે ઝાંઝવાનો વસવસો
રેતનો સહવાસ લઈ માણસ પછી જીવ્યા કરે.



ઉદ્દેશપૂર્ણ સાહિત્યના સર્જક

ગુરુદત્ત

પ્રફુલ્લ રાવલ

'ખાવું, પીવું, પહેરવું, રમવું, કૂદવું તથા માતા-પિતા, ભાઈ-બહેનોને પ્રેમ એ સિવાય વિશેષ જે વાત સહુથી પ્રથમ મારી બાબતમાં મને સ્મરણમાં છે તે એ કે હું હિન્દુ છું.' આ શબ્દો પ્રબળ-પ્રખર સુધારક, ચિંતક, દાર્શનિક, હિન્દુ સંસ્કૃતિ-રાષ્ટ્રના પૂજક, જાગરૂક, નીડર, માનવતાવાદી છતાં વ્યક્તિપૂજાના વિરોધક, બહુચર્ચિત છતાં બહુ ઉપેક્ષિત સાહિત્યકાર ગુરુદત્તના છે. લગભગ ૧૭૫ જેટલી નવલકથા લખનાર આ વયોવૃદ્ધ સાહિત્યકારની કલમ સતત ગતિશીલ જ રહી છે. વાર્ધક્યે દેહનું રૂપ બદલ્યું છે, પરંતુ એમની વિચારસરણી અને વિચારધારા વૃદ્ધ થઈ નથી. આથી જ પ્રતિવર્ષ એમની કૃતિઓ મળતી રહે છે.

'અદૃશ્ય વ્યક્તિ' નામક પ્રથમ વાર્તા લખનાર ગુરુદત્તનો જન્મ એક સામાન્ય ખત્રી પરિવારમાં આઠમી ડિસેમ્બર ૧૮૯૪માં થયો હતો. જન્મ સ્થળ લાહોર, જે લાહોર આજે આપણે ગુમાવી દીધું છે. અખંડ હિન્દુસ્તાનનો એ હિસ્સો આજે આપણે માટે વિદેશ છે. આપણી રાજનીતિનું એ ફળ છે. આ લાહોર શહેરના મોચી દરવાજાની અંદરના ભાગમાં આવેલા પિપ્પલવેડા નામક મહોલ્લાની સાત ગલીઓ પૈકી એક ગલીમાં એમનું વંશપારંપરિક મકાન હતું. આ સાતેય ગલીઓમાં હિન્દુઓની વસ્તી હતી, પરન્તુ એ સિવાય ચારે બાજુએ મુસલમાનોનો વિસ્તાર હતો. મહોલ્લામાં આવવાજવા તે વિસ્તારમાં થઇને જ જવું પડતું. બત્રીસ વર્ષ ગુરુદત્ત એ વિસ્તારમાં રહ્યા હતા. એમના સંસ્મરણોમાં એ લખે કે 'મહોલ્લાની સ્થિતિનો મારી હિન્દુ હોવાની માન્યતા સાથે સંબંધ છે.' આ વિધાનમાં જ એ વિસ્તારની પરિસ્થિતિનો ખયાલ મળે છે. પ્રથમ જ્યાં વ્યક્તિગત રૂપે હિન્દુ-મુસલમાનના ઝઘડા થતા ત્યાં ત્યારની સરકારની નીતિની કારણે ક્રમશઃ સાંપ્રદાયિકતાની ભાવના જન્મતી ગઇ. ઈ. ૧૯૦૬ સુધી જે ઝઘડાઓ વ્યક્તિગત રૂપના હતા તે પછીથી કોમવાદ રૂપે ફાલતા ગયા. લાહોરમાં ઈ. ૧૯૦૮-'૯માં પ્રથમ વાર સ્પષ્ટ રૂપે કોમવાદી ઝઘડાઓ થયા. એ પછી ૧૯૧૬ અને ૧૯૨૭માં પણ એ જ રૂપે વિખવાદ થયા અને ૧૯૪૭માં એનું રૂપ દેશના વિભાજન સુધી પહોંચ્યું. આનો પ્રભાવ ગુરુદત્તના જીવન પર પડે એ સ્વાભાવિક છે. ગુરુદત્ત આનું મૂળ પ્રજામાં નહિ, પરંતુ અંગ્રેજ સરકારની અને તે પછીની રાજનીતિમાં જુએ છે.

ગુરુદત્તનું મૂળ નામ તો ગુરુદાસ હતું. એ અરોડવંશના હતા. પિતા કર્મચંદ વૈદ્ય હતા. વૈદ્યકીય વ્યવસાય કુટુંબમાં પારંપરિક હતો. પિપ્પલવેડા વિસ્તારમાં કર્મચંદની અત્તરની દુકાન હતી. અત્તર દ્વારા એ ચિકિત્સા કરતા. દુકાનમાં શરબત, અર્ક અને દવાઓ બનતી હતી. તેનું વેચાણ થતું અને સાથેસાથે ચિકિત્સાકાર્ય પણ ચાલતું. આર્થિક દૃષ્ટિએ સ્થિતિ સામાન્ય હતી, પણ કર્મચંદની પ્રતિષ્ઠા ખૂબ સારી હતી. આજુબાજુના સહુ લોકો સુખદુ:ખની વાત એમની પાસે કરતા અને સલાહ લેતા. ક્યારેક મહોલ્લામાં કોઈ મુશ્કેલી આવતી તો તેનું નેતૃત્વ કર્મચંદ જ કરતા અને સહુ એમની વાતને માન્ય રાખતા. કર્મચંદના પિતા સહજધારી શીખ હતા. ગુરુદત્તનાં માતા વૈષ્ણવ સંપ્રદાયની માન્યતાઓમાં શ્રદ્ધા ધરાવતાં, જ્યારે કર્મચંદ ચુસ્ત આર્યસમાજી હતા. આર્યસમાજી પિતા અને વૈષ્ણવધર્મી માતાના વિચારો અને માન્યતાઓનો પ્રભાવ ગુરુદાસ પર પડેલો. દુકાન પર નિયમિત 'સત્યાર્થ-પ્રકાશ'નો પાઠ કરનાર પિતાના આર્યસમાજી સત્સંગીઓનો મોટો વર્ગ હતો. દુકાન પર એ જ ચર્ચા ચાલતી. લાહોર એ કાળે મહાનગર બન્યું નહોતું. હિન્દી ભાષાનો પ્રચાર ન હતો. ઉર્દૂ ભાષાનાં જ સમાચારપત્રો આવતાં. દરરોજ નાનાવિધ ગોષ્ઠિ ચાલતી રહેતી. બાળક ગુરુદાસનું માનસ આ વાતાવરણ અને સંસ્કારોથી ક્રમશઃ ઘડાતું ગયું.

પ્રત્યેક રવિવારે ગુરુદાસ એમના ભાઇઓ સાથે આર્યસમાજના સાપ્તાહિક સત્સંગમાં જતા. લગભગ શાળામાં દાખલ થયા તે પહેલાંથી તેઓ આ સત્સંગમાં જતા હતા. શરૂઆતમાં ગુરુદત્તને આ સાપ્તાહિક સત્સંગમાં જવાનું એ આકર્ષણ હતું કે પાછા વળતાં મોટાભાઈ લોહારી દરવાજાની બહાર આવેલી દુકાનમાંથી ફળો લેતા જે ઘેરે જઇને ખાવા મળતાં. સાચી રુચિ તો ગુરુદાસ છઠ્ઠા-સાતમા ધોરણમાં આવ્યા ત્યારે ખીલી. સાચી સમજણ ત્યારે આવી. પરંતુ સંસ્કારો પૂર્વકાલીન હતા એટલું ચોક્કસ. અવારનવાર એ સમાજમાં વિદ્વાનો આવતા અને પોતાના વિચારો અભિવ્યક્ત કરતા. ત્યાં જ ગુરુદાસે લાલા લજપતરાય, ડૉ. ગોકુલચંદ નારંગ, ભાઈ પરમાનંદ ઇત્યાદિ અનેક વિદ્વાનોને સાંભળેલા. આર્ય સમાજનો સંબંધ ડી. એ. વી. કૉલેજ તથા સ્કૂલ સાથે હતો તેથી એ કૉલેજ-સ્કૂલના અધ્યાપકો પણ અવારનવાર વ્યાખ્યાન માટે ત્યાં આવતા. પ્રવક્તાઓમાં પંડિત આર્યમુનિનું સ્મરણ ગુરુદત્ત વિશેષ રૂપે કરે છે. કેમ કે નાનપણમાં જ્યારે એમનું વ્યાખ્યાન થતું ત્યારે ગુરુદત્ત સાંભળતાં સાંભળતાં જ ઊંઘી જતા. ઈ. ૧૯૨૯માં જ્યારે પંડિત આર્યમુનિ સાથે મુલાકાત થઈ ત્યારે ગુરુદત્તે કહેલું : 'હું આપને ભૂલી નથી શકતો. આપ જ્યારેજ્યારે પણ આર્યસમાજમાં વ્યાખ્યાન આપતા હતા ત્યારે હું મુગ્ધ થઇને સૂઈ જતો હતો.' આમ, નાનપણથી જ એમના માનસ પર દેશ, જાતિ, ધર્મ, સંસ્કૃતિ, વેદ, શાસ્ત્ર વગેરેની કલ્પના દૃઢ થતી ગઈ હતી. આજનું એમનું ચિંતક માનસ પૂર્વકાલીન પ્રવાહોથી વ્યાપ્ત છે.

લાહોરની ડી. એ. વી. સ્કૂલમાં એમણે મૅટ્રિક સુધીનું શિક્ષણ લીધું. પછી એ સંસ્થાની કૉલેજમાં જ ઉચ્ચ શિક્ષણ લીધું. ૧૯૧૫માં એફ. એસ.સી.ની પરીક્ષા પાસ કર્યા પછી ત્યાંની કૉલેજમાં બી. એસસી.

થવા જોડાયા. ઈ. ૧૯૧૩થી ૧૯૧૫ સુધી ડી. એ. વી. સ્કૂલ-કૉલેજમાં રહ્યા તે કાળની સઘળી અસર એમણે ઝીલી. લાહોરની આ શિક્ષણ-સંસ્થા એક વિશિષ્ટ મૂલ્ય ધરાવતી હતી. આ સંસ્થાની સ્થાપના મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતીની સ્મૃતિમાં કરવામાં આવેલી. શિક્ષણ પર સરકારી પ્રભાવ ન પડે તેથી સંસ્થાના વહીવટદારોએ સરકારી સહાયતા ન જ લેવી એવું નક્કી કરેલું. અને ૧૯૪૭ સુધી એક પૈસો પણ અનુદાન લીધું નહોતું. મહર્ષિના ભક્તોના દાનથી જ સંસ્થા ચાલતી-નભતી. શિક્ષણ પરત્વે ૧૯૦૭ સુધી સંસ્થા સ્વતંત્ર રહી. સરકારના દબાણથી ક્રમશઃ આર્યસમાજની પ્રવૃત્તિથી સંસ્થા અલગ બનતી ગઈ જેની અસર શિક્ષણ પર પડી. દેશભક્તિનું કોઈ કાર્ય એવું નહોતું જેનો પ્રત્યક્ષ-પરોક્ષ સંબંધ આ સંસ્થા સાથે ન હોય. પંજાબમાંથી જે કોઈ પકડાયું તેનો સંબંધ આર્યસમાજ સાથે અચૂક રહેતો એ સાથે આ શિક્ષણસંસ્થા પણ સંબંધિત રહેતી. પણ તે પછી ક્રમશઃ સંસ્થા રાજનીતિથી અલગ થતી ગઈ. આ પરિવર્તન પછી જ ગુરુદાસનું એ કૉલેજ સાથે જોડાણ થયું, પરંતુ એમની વિચારધારા તો તે પહેલાંથી જ આર્યસમાજી વિચારસરણી સાથે જોડાયેલી હતી. રાજનીતિની હલચલનો અનુભવ ધીમેધીમે થવા માંડ્યો. સરદાર અજીતસિંહ માંડલે જેલમાંથી છૂટીને આવ્યા પછી લાહોરમાં રાજનીતિક આંદોલન ચલાવતા હતા. સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓ એમને મળવા લોહારી દરવાજા બહાર જતા. ગુરુદત્ત નવમા ધોરણમાં ભણતા હતા ત્યારે એક વાર સાથી મિત્ર સાથે જ્યાં બેઠક થતી ત્યાં સાથે ગયા. વિદ્યાર્થીઓ બેઠા હતા. એક વ્યક્તિ સ્વતંત્ર થવાની વિચારધારા સમજાવતા હતા. એ હતા લાલા હરદયાળજી. અદ્વિતીય સ્મરણશક્તિ ધરાવતા એ પ્રખર વિદ્વાન હતા. એ પ્રવૃત્તિ સાથે ગુરુદાસનો આ પ્રથમ પરિચય થયો. એ ક્રમશઃ પાંગર્યો. ઉત્તરોત્તર રાજનીતિમાં રુચિ અને જ્ઞાન વધતું ગયું. એ કાળનો પ્રવાહ જ એટલો પ્રભાવક હતો કે કોઈ પણ યુવાન એ રંગમાં ન રંગાય તો યુવાની લાજે!

ઈ. ૧૯૧૫થી ૧૯૨૨ સુધી ગુરુદાસ લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાં હતા. પ્રથમ વિદ્યાર્થી હતા, પછી રિસર્ચ-સ્કૉલર થયા અને છેલ્લે ડેમોન્સ્ટ્રેટર બન્યા. એ કાળનું પોતાનું વર્ણન એમણે કર્યું છે: 'ગવર્નમેન્ટ કૉલેજમાં પણ હું મારા સાદા પહેરવેશના કારણે પ્રાયઃ વિદ્યાર્થીઓની દૃષ્ટિમાં અલગ પડતો. જ્યાં અન્ય વિદ્યાર્થી પાટલૂન, કોટ, ટાઈ-કૉલર ઈત્યાદિ પહેરીને આવતા હતા, ત્યાં હું દેશી ઢંગના જોડા, પાયજામો, બંધ ગળાનો કોટ અને પાઘડી બાંધીને જતો હતો. મારા વર્ગના બીજા વિદ્યાર્થી પણ મને મહાશયજીના નામે સંબોધિત કરતા હતા. ઘરની આર્થિક સ્થિતિ તથા આર્યસમાજ અને ડી.એ.વી. સ્કૂલ-કૉલેજનું શિક્ષણ મારી ફૅશનમાં બાધક હતું.'

ગવર્નમેન્ટ કૉલેજનું વાતાવરણ સર્વથા પરિશુદ્ધ નહોતું. સિગારેટ-સિગારનું વ્યસન ધરાવતા વિદ્યાર્થીઓ ત્યાં હતા, પરંતુ અગાઉના સંસ્કારોને આ વાતાવરણ અસર ન પહોંચાડી શક્યું. પોતાના દૃઢ નિશ્ચયને લીધે પરિવર્તન પામતા સમાજમાં એ અપરિવર્તનશીલ રહ્યા.

ગવર્નમેન્ટ કૉલેજમાં જ્યારે એ ડેમોન્સ્ટ્રેટર હતા ત્યારે અસહકારનું આંદોલન પૂરજોરમાં ચાલતું હતું. અનેક વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ શાળા-કૉલેજો છોડી હતી. દેશમાં એ હવા હતી. પરંતુ ગુરુદાસ દ્વિધામાં હતા. હૃદયથી ગાંધીજીના આ આંદોલનના પ્રશંસક-સમર્થક હતા, પણ પારિવારિક સ્થિતિ એવી હતી કે નોકરી છોડવાનું ઉચિત નહોતું. એમનાં લગ્ન થઈ ગયેલાં. બે બાળકો પણ હતાં. એટલે નોકરીનો ત્યાગ કર્યા સિવાય જે પ્રવૃત્તિ થઈ શકતી તે તેઓ નિઃશંક રીતે અચૂક કરતા. ખાદી પહેરતા અને રાજનીતિના પ્રત્યેક કાર્યક્રમમાં જતા. કૉલેજના આધ્યાપકો-વિદ્યાર્થીઓ આ વાતથી સંપૂર્ણ જ્ઞાત હતા. જ્યારે વિદ્યાર્થીઓ કૉલેજ છોડવાનું પૂછતા ત્યારે પણ ગુરુદાસ સંમતિ ન આપતા. પરંતુ ઈ. ૧૯૨૨માં એક બનાવ એવો બન્યો કે જેનાથી કૉલેજની નોકરીમાંથી છૂટા થવાનું આવ્યું. પ્રિન્સ ઑવ વેલ્સ લાહોર આવ્યા ત્યારે એમના સન્માનાર્થે જે સરઘસ નીકળવાનું હતું તેમાં દર્શક રૂપે ઉપસ્થિત રહેવાનું સરકારી નોકરોને આગ્રહપૂર્વક સૂચવવામાં આવેલું. કૉલેજના આચાર્યે આ માટે ખાસ નોટિસ કાઢેલી. એ અનુસંધાને ગુરુદાસે એક જ સાથી પ્રોફેસરને પૂછેલું કે પોતે જવાના નથી તો શું લખવું? એમણે સલાહ આપેલી કે 'નોટિસ મળી' એટલું જ લખજો; ગુરુદત્તે એમ કર્યું અને સરઘસ જોવા ન ગયા. સમગ્ર કૉલેજમાં એ એક જ એવા કર્મચારી હતા કે જેમણે આચાર્યના આદેશનો અમલ કર્યો નહોતો. પરિણામે એમને કૉલેજમાંથી છૂટા કરવામાં આવ્યા. જોકે આ તો માત્ર બહાનું હતું. કૉલેજના આચાર્યને તો આ ખાદીધારી ક્યારના ખૂંચતા હતા.

ગવર્નમેન્ટ કૉલેજમાંથી છૂટા થયા પછી પ્રોફેસર રુચિરામ સાહની દ્વારા નેશનલ સ્કૂલમાં નોકરી મળી. શરૂઆતમાં વિજ્ઞાન-શિક્ષક તરીકે જોડાયા અને પછીથી ત્યાં જ હેડમાસ્ટર બન્યા. આ સ્કૂલની મૅનેજિંગ બોડીમાં લાલા લજપતરાય, ભાઈ પરમાનંદ, ડૉ. સત્યપાલ, ડૉ. ધનરાજ ભસીન ઇત્યાદિ હતા. સ્કૂલના વ્યવસ્થાપક ભાઈ પરમાનંદ હતા, આથી સતત એમનો સંપર્ક રહ્યો. ૧૯૨૨ થી '૨૬નાં ચાર વર્ષ નેશનલ સ્કૂલમાં ગુરુદાસ રહ્યા. આ ચાર વર્ષમાં ભાઈ પરમાનંદના સંપર્કથી એમના વિચારોમાં મોટું પરિવર્તન આવ્યું. ક્રમશઃ હિન્દુ રાષ્ટ્રનું સ્વરૂપ મનમાં અંકિત થવા માંડ્યું. આર્યસમાજ પરથી શ્રદ્ધા ઘટતી ગઈ. દયાનંદ સરસ્વતીનું સ્થાન તો હૃદયમાં હતું જ, પરંતુ એ કાળે જીવનમાં વળી એક નવો વળાંક આવ્યો. નેશનલ સ્કૂલ બંધ થઈ. અને ત્યાંની સેવામાંથી એ મુક્ત થયા.

આ પછી અવધના અમેઠી રાજ્યના રાજકુમાર કુંવર રણજયસિંહના પ્રાઇવેટ સેક્રેટરી તરીકેની નોકરી મળી. કુંવરસાહેબના વિચારો આર્યસમાજી હતા. કેન્દ્રીય લૅજિસ્લેટિવ ઍસેમ્બલીમાં તેઓ સભ્ય તરીકે પ્રથમ વાર જ ચૂંટાયેલા. આથી પોતાના કાર્યમાં સહાય કરી શકે તેવા શિક્ષિત યુવાનની એમને જરૂર હતી. ગુરુદાસને એમણે એ કામ માટે રાખી લીધા. અમેઠી એક તાલુકદારી હતી, અને રણજયસિંહના પિતા તાલુકદાર હતા. એમનું પદ રાજાનું હતું. રણજયસિંહ રાજકુમાર કહેવાતા. ડિસેમ્બર ૧૯૨૬થી '૩૧ના ઑક્ટોબર સુધી એ તેમને ત્યાં સેક્રેટરી તરીકે રહ્યા. ખૂબ નવરાશનો સમય મળતો એથી સ્વાધ્યાય-પ્રવૃત્તિ સારી થઈ. લગભગ ચારેક માસ કામ રહેતું. કુંવરસાહેબ સાથે વિધાન સંબંધમાં દિલ્હી-સિમલા જવું પડતું. બાકીનો સમય સભા-સમાજમાં જવાનું રહેતું કે અમેઠીમાં જ રહેવાનું થતું. સીમિત પ્રવૃત્તિ હતી. એટલે ગુરુદાસ શેષ સમયમાં સતત વાચન કરતા. એમના જીવનમાં આ પાંચ વર્ષનો ગાળો અતિ મહત્ત્વનો છે. આ કાળમાં સર્જક 'ગુરુદત્ત'નો જન્મ થયો. અમેઠી એમની સર્જનભૂમિ છે. ત્યાં જ એમણે 'અદૃશ્ય વ્યક્તિ' એ ટૂંકી વાર્તા લખી. લખનૌની 'માધુરી' પત્રિકામાં એ પ્રસિદ્ધ થયેલી. ત્યાં જ બીજી વાર્તાઓ લખી હતી. ૧૯૨૯માં નવલકથા 'મેરે ભગવાન' લખી. પ્રેમચંદજીએ તે વાંચેલી. અને પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાનું કહેલું, પરંતુ પ્રેમચંદજી 'માધુરી'માંથી છૂટા થયા આથી પુસ્તક છપાઈ શક્યું નહિ. મૂળ હસ્તપ્રત પણ ક્યાંક ખોવાઈ ગઈ. હિન્દી સાહિત્યના સમર્થ નવલકથાકારની પ્રથમ નવલકથા કાળના પ્રવાહમાં ક્યાંક દટાઈ ગઈ! ટૂંકી વાર્તાઓ લખાઈ છતાંય લેખનકાર્ય માત્ર મર્યાદિત રહ્યું. પ્રથમ કૃતિ રચાઈ તે કાળ વિષે પાછળથી ગુરુદત્ત નોંધે છે કે, 'વાર્તા લખતી વેળાએ આર્થિક સ્થિતિ સુસ્થિર થઈ ગઈ હતી. અવધના ગામડામાં બસો રૂપિયા વેતન સાથે

રહેવાનું મકાન અને એક નોકર મળ્યો હતો. અતઃ કોઈ પ્રકારનું આર્થિક કષ્ટ નહોતું. જેની પાસે નોકરી હતી, તેઓ પણ સજ્જન પુરુષ હતા અને મારા કાર્યથી સંતુષ્ટ પ્રતીત થતા હતા. અભિપ્રાય એ છે કે સાહિત્ય-રચનાનું કાર્ય કોઈ પણ પ્રકારે અર્થોપાર્જનને માટે નહોતું. તે સમયે એ અભિલાષા નહોતી કે કોઇ પણ રીતે આવક કરાય. આ વાત ૧૯૨૯ની છે. એ નોકરી ગયા પછી લગભગ આઠ-નવ વર્ષ આર્થિક વિટંબણાનાં રહ્યાં. આથી સાહિત્યનું કોઇ સર્જન ન થયું. આર્થિક પરિસ્થિતિ ઇ. ૧૯૩૯-'૪૦માં સુધરી, પરિવારનો નિર્વાહ સારી રીતે થવા માંડ્યો ત્યારે પ્રથમ નવલકથા 'સ્વાધીનતા કે પથ પર' લખી શકાઇ અને ત્યારથી આજ સુધી લેખનધારા સતત વહેતી રહી.

અમેઠીમાં સેવાકાર્ય પૂરું થતાં ગુરુદત્ત આયુર્વેદાચાર્ય પંડિત સિદ્ધેશ્વર અવસ્થી તથા પંડિત રામનારાયણ મિશ્ર પાસે આયુર્વેદનો અભ્યાસ કરવા લાગ્યા. પિતાનું કાર્ય, પરિચિત નુસખાઓ અને વિજ્ઞાનના જ્ઞાનથી એ અભ્યાસ સરળ બન્યો. લગભગ બે વર્ષ લખનૌમાં ચિકિત્સાકાર્ય કર્યું. ૧૯૩૪માં લાહોર ગયા અને ત્યાં પણ એ જ કાર્ય જારી રાખ્યું. પરંતુ લાહોરમાં ચિકિત્સાકાર્ય સારું ન ચાલ્યું. નિર્વાહની મુસીબત પડતી. લખવાનું ન થયું. માત્ર સ્વાધ્યાય-ચાલ્યો. આયુર્વેદના ગ્રંથો ઉપરાંત રાજનીતિ – ધર્મના જે ગ્રંથો મળ્યા તેનો અભ્યાસ કર્યો. અમેઠી, લખનૌ અને લાહોરમાં જે સ્વાધ્યાય સુવિધા મળેલી તે જ લેખક બનવામાં સહાયક બની. લાહોરમાં ચિકિત્સાકાર્યથી સારી આવક ન થતાં એ દિલ્હી આવ્યા. ત્યાં વૈદ્ય શ્રી આનંદસ્વામીનો પરિચય થયો જેમનું મૂળ નામ હતું શ્રી કૃષ્ણકુમાર. સાધુ ટી. એલ. વાસવાણીના સંપર્કે એ સંન્યાસી બન્યા પછી એમનું ઔષધાલય ગુરુદત્તને મળ્યું. ઈ. ૧૯૩૭ની ૬ એપ્રિલે દિલ્હીનું ચિકિત્સાલય શરૂ કર્યું અને બે વર્ષમાં તે સુસ્થિર બની ગયા. અગાઉનું દેવું પણ ભરપાઈ થઈ ગયું. આર્થિક વિટંબણા ન રહી. ત્યારથી ગુરુદત્તજી વૈદ્ય રૂપે પણ સુવિખ્યાત થયા જે વ્યવસાય આજ સુધી ચાલુ રહ્યો છે.

ઈ. ૧૯૪૦–'૪૧માં 'સ્વાધીનતા કે પથ પર' નવલકથા પ્રસિદ્ધ થઈ અને તેને સફળતા પણ સારી મળતાં ગુરુદત્તનું સર્જનકાર્ય પૂરજોરમાં ચાલ્યું. તેના પ્રતાપે આજે અનેક નવલકથાઓ, વિવેચનાત્મક ગ્રંથો, નાટક, વાર્તાસંગ્રહ, સંસ્મરણ ઇત્યાદિ ઉપલબ્ધ છે.

સ્વાતંત્ર્ય પછી જ્યારે શ્યામાપ્રસાદ મુખરજીએ હિન્દુસભા છોડી અને જનસંઘની સ્થાપના કરી ત્યારે ગુરુદત્ત એમાં જોડાયા, ૧૯૫૧ થી '૫૫ સુધી જનસંઘના સક્રિય સભ્ય રહ્યા. સૈદ્ધાંતિક વિરોધથી પક્ષનો ત્યાગ કર્યો અને રાજકીય પક્ષ સાથેની પ્રવૃત્તિ પણ છોડી. ઈ. ૧૯૫૩માં શ્યામાપ્રસાદ મુખરજીએ કાશ્મીરના પ્રશ્ને ત્યાંની યાત્રા કરી ત્યારે ગુરુદત્ત એમના સાથીદાર હતા. જેલનિવાસ પણ કરેલો. 'અંતિમ યાત્રા'માં એમણે શ્યામાપ્રસાદ મુખરજીની કાશ્મીર-યાત્રાનું વર્ણન કર્યું છે. જેલજીવન અને એમના મૃત્યુનું પણ વર્ણન લક્ષ્ય બને છે. એમનું જીવન અને વિચારધારા પણ દર્શાવવામાં આવી છે. જનસંઘની પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઇને ગુરુદત્તે રાજકીય પ્રવૃત્તિનો રસ ક્રમશઃ ઘટાડ્યો અને લેખન-પ્રવૃત્તિ એ જ મુખ્ય પ્રવૃત્તિ બની રહી. આના અનુષંગે તેઓ નોંધે છે: 'લખવામાં મને નૈસર્ગિક રુચિ પ્રતીત થાય છે. મને સ્મરણ છે કે હું છઠ્ઠી-સાતમીમાં ભણતો હતો અને તે દિવસોમાં શ્રી દેવકીનંદન ખત્રી દ્વારા લખાયેલ 'ચંદ્રકાન્તા સન્તતિ' પુસ્તક વાંચવા મળ્યું હતું. એ વાંચીને મારા મનમાં એક નવલકથા લખવાની ઇચ્છા તે સમયે થયેલી.'

ગુરુદત્તે જે સાહિત્યનું સર્જન કર્યું તેમાં ઉદ્દેશ વગરનું કશું જ નથી. પૂર્ણ ઉદ્દેશથી લખનારા એ સર્જક છે. એમની પ્રતિભા નવલકથાકારની છે અને એમણે નવલકથાઓ અન્ય સાહિત્યના પ્રમાણમાં ઘણી વિશેષ લખી છે, છતાં ય એક ચિંતક વિવેચના કરનાર તરીકે એમનું સ્થાન અવશ્ય નોંધપાત્ર છે. એમણે સામાજિક, રાજનીતિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક નવલકથાઓ લખી છે. આ નવલકથાઓમાં સ્વાધીનતા કે પથ પર, પથિક, ઉન્મુક્ત પ્રેમ, વિકૃત છાયા, વિશ્વાસઘાત, દિગ્વિજય, જમાના બદલ ગયા, પુષ્યમિત્ર, ગંગા કી ધારા ઇત્યાદિ કૃતિઓ નોંધપાત્ર છે. એમની પ્રત્યેક નવલકથામાં આદર્શનું નિરૂપણ થયું છે. 'સાહિત્ય ખાતર સાહિત્ય' એવા ખયાલથી નહિ, પણ સાહિત્ય દ્વારા સમાજને કશું આપવું – સમાજનું ઘડતર કરવું એવી ભાવનાથી એમણે નવલકથાઓમાંનું નિરૂપણ કર્યું છે. તેઓ કોઈ વાદમાં નથી તો કોઈ સાહિત્યિક વાડો પણ એમણે બાંધ્યો નથી. જેમની નવલકથાઓ વાચકો પૂરા રસથી વાંચે છે તેવા આ સમર્થ સર્જકની કૃતિઓનું વિવેચન હિન્દી સાહિત્યના વિવેચકોએ કર્યું નથી. છતાં ય એ વિષે સહેજ પણ ચિંતિત થયા વગર એમણે પોતાનું લેખનકાર્ય ચાલુ જ રાખ્યું છે.

'ભગવદ્ગીતા' પરનું તેમનું અધ્યયન અનુપમ છે. 'અદ્વૈત મીમાંસા'માં એક સરસ આધ્યાત્મિક વિવેચના પ્રાપ્ત થાય છે. ભારતની પરિસ્થિતિને અનુલક્ષીને લખાયેલું 'ભારત – ગાંધી નેહરુ કી છાયા મેં' એ પુસ્તક ખૂબ જ ચર્ચાસ્પદ બનેલું છે. એમને સાવરકરની માન્યતાઓ અને વિચારોમાં શ્રદ્ધા છે. 'ભાગ્યચક્ર' અને 'ભાવ ઔર ભાવના' એમના સંસ્મરણોનાં પુસ્તકો છે.

બલરાજ મધોક જેમને ઋષિતુલ્ય સાહિત્યકાર માને છે તે ગુરુદત્તનું વિપુલ સાહિત્યસર્જન તેમની દાર્શનિક પ્રતિભા અને ચિંતક દૃષ્ટિનો પરિચય કરાવે છે. નેવું વર્ષના આ સર્જક આજે પણ કલમથી યુવાન છે. ભારતની સતત ચિંતા સેવતા આ સર્જકનું અઢળક સાહિત્ય ભારતની જીવનકથા સમું છે. □

અનુસંધાન] **સૌરાષ્ટ્રનાં લઘુ બંદરો** [પૃષ્ઠ ૮૯થી

સિમર

સિંભોરના કિલ્લાની સામેના ભાગમાં આ નાનકડું બંદર છે. ૧૯૫૮-'૫૯ થી '૬૧-'૬૨ દરમિયાન ૧૮૩૩ ટન માલની આયાત-નિકાસ અહીં હતી. ૧૯૬૫ની સાલથી તો આ બંદર બંધ છે.

રાજપરા

ઉના તાલુકાનું રાજપરા બંદર સારી ઋતુમાં જ ઉપયોગમાં આવે છે ને મત્સ્યોદ્યોગ માટે જાણીતું છે. શિયાળામાં બે માસ વલસાડ જિલ્લાના માછીમારો અહીં માછલાં પકડવા આવે છે. રેલવે તથા રસ્તા દ્વારા તે જિલ્લાનાં અન્ય સ્થળો સાથે જોડાએલું છે. ૧૯૪૭-'૪૮ થી '૭૮-'૭૯ દરમિયાન અહીંથી ૯૭૭૪ ટન માલની આયાત અને ૩૬,૯૪૯ ટન માલની નિકાસ થઈ હતી. પરંતુ વચ્ચે સારો વધારો બતાવી પછી તેમાં ઉત્તરોત્તર ઘટાડો થઈ ૧૯૮૦-'૮૧થી હવે અહીંથી આયાત-નિકાસ બંધ છે. અહીં પણ વિલાયતી નળિયાં, મીઠું, કાથી, અનાજ, બળતણનું લાકડું ને પરચૂરણ માલ આવતો. તથા માછલાં, ડુંગળી તે પરચુરણ માલ અહીંથી બહાર જતો. સરકાર આ બંદરને પણ મચ્છીમારી માટે વિકસાવવા ધારે છે. (ક્રમશઃ)

સત્યજિત રાયની એક રહસ્યકથા

ઍટેચીની અદલબદલ

—સુકન્યા ઝવેરી

પૂર્વકથા : દીનાનાથ લાહિડીની ઍટેચી સાથે ગાડીમાં બદલાઈ ગએલી. મિ. ધમિજાની ઍટેચી એમને પહોંચાડવા ફેલુદા, તોપસે અને લાલમોહનબાબુ સિમલા જવા તૈયાર થાય છે. દરમિયાન મિ. લાહિડીની ઍટેચીમાં હતું તે મૅન્યુસ્ક્રિપ્ટ મેળવવા નરેશ પકડાશી ફેલુદાને ફોડવા પ્રયાસ કરે છે, પણ નિષ્ફળ જાય છે. સિમલા જતાં દિલ્હીમાં કરેલા રોકાણ દરમિયાન તોપસે અને લાલમોહનબાબુનો એક અજાણ્યો માણસ પીછો કરે છે, જ્યારે હોટેલમાં રોકાએલા ફેલુદા પર હુમલો કરી કોઈ બદમાશ એમની પાસેની મિ. ધમિજાની ઍટેચી ઉઠાવી જાય છે. રહી જાય છે એક ડબ્બી, જેમાં સોપારીના કકડા ભરેલા હતા અને એ લાલમોહનબાબુના ખિસ્સામાં રહી ગઈ હતી. એ ડબ્બીની સાથે એક ચબરખી પણ મળે છે, જેમાં સિમલા જ જવા માટેની ધમકી લખેલી હતી. પણ તેને ન ગણકારતાં મિ. ધમિજાની ઍટેચી જેવી જ બીજી એક ઍટેચી તૈયાર કરી ફેલુદા અને તેના બંને સાથીઓ સિમલા જવા ઊપડે છે...

રાતે સાડા નવ વાગ્યે અમે ટ્રેનમાં કાલકા ભણી જઈ રહ્યા હતા. સવારે ત્યાંથી સિમલાની ગાડી પકડવાની હતી. ડબ્બામાં અમારા ખાનામાં અમે ત્રણ જ જણ હતા એટલે ઉપરની એક બર્થ ખાલી હતી. મારા મનમાં ખુશી, ભય, કુતૂહલ, ઉત્તેજના એમ બધું મળી એક એવી લાગણી થતી હતી કે જેને હું વર્ણવી નહિ શકું.

અમે ત્રણે પોતપોતાના વિચારોમાં ચૂપચાપ બેઠા હતા. એવામાં એકાએક લાલમોહનબાબુએ પૂછ્યું, 'અચ્છા તો મિસ્ટર મિત્તિર, ખૂબ સારો ડિટેક્ટિવ અને ખૂબ સારો ક્રિમિનલ–એ બેમાં બહુ ઝાઝો તફાવત નથી હોતો, ખરું ?'

ફેલુદા એટલા અન્યમનસ્ક હતા કે એમણે કંઈ જવાબ આપ્યો નહિ, પણ હું બરાબર સમજી ગયો કે લાલમોહનબાબુએ આમ શા માટે પૂછ્યું હતું. એની સાથે તે સાંજના બનાવને સંબંધ હતો. અહીં એ કહી દેવું જરૂરી છે કે ફેલુદાની એક વિશેષ ક્ષમતા તેમાં જોઈ.

ધમિજાની અસલ ઍટેચી ઊપડી જતાં એને આપવા માટે બરાબર તેના જેવી જ બીજી ઍટેચી અમારે તૈયાર કરવાની હતી. એ મૂળ ઍટેચીમાં હતી એવી ચીજો એકઠી કરતાં તો કેવળ અર્ધો કલાક જ લાગ્યો, પણ અસલ જેવી જ ઍટેચી દિલ્હીમાં ક્યાંથી મેળવવી ? અહીં કોઈ એવું ઓળખીતું ય નહોતું કે તેમની પાસેથી માગી લઈએ ! બજારમાં એવા રંગની ને એવડી ઍટેચી તો મળી, પણ તેના ઉપર 'એર ઇન્ડિયા'નું લૅબલ ન હોય અને લૅબલ ન હોય તો ધમિજા અમારી બનાવટ પામી જાય. અંતે ફેલુદા અમને 'એર ઇન્ડિયા'ની ઑફિસમાં લઈ ગયા. અંદર જતાં જ કાઉન્ટર પાસે બેઠેલા એક પારસીબાવા પર અમારી નજર પડી. ખુરશીની બાજુમાં જ એમની ઍટેચી પડી હતી–અમારે જોઇતી હતી એવી જ, બ્લ્યૂ રંગની અને લૅબલ લગાડેલી.

અમે લીધેલી ઍટેચી હાથમાં પકડી ફેલુદા કાઉન્ટર પાસે ગયા. હાથમાંની ઍટેચી એમણે પેલા પારસીબાવાની ઍટેચીની બાજુમાં જ મૂકી અને કાઉન્ટર પાછળ બેઠેલા માણસને અસલ અંગ્રેજી ઉચ્ચારણમાં પૂછ્યું, 'દિલ્હીથી તમારી કોઈ ફ્લાઈટ ફ્રેંકફર્ટ જાય છે કે ?' પેલા માણસે તુરત જવાબ પણ આપી દીધો. અદાથી 'થૅંક્યૂ' કહી ફેલુદાએ પીઠ ફેરવી અને ઝડપથી સિફતપૂર્વક પેલા બાવાજીની ઍટેચી ઉઠાવી લીધી અને સાથોસાથ પગથી હળવી ઠેસ મારી પોતે મૂકેલી ઍટેચી તેના સ્થાને સરકાવી દીધી. બુદ્ધિની જેવી જ એમની હાથસફાઈ પણ જોરદાર હોવાની મને આ પહેલી વાર જાણ થઈ. જોઈતી હતી તેવી જ ઍટેચી મળી જતાં એમણે બાકીની વસ્તુઓ પણ તેમાં ગોઠવી દીધી. હવે તો ધમિજાની ચૌદ પેઢીમાં યે કોઇને શક ન પડે એવી એ લાગતી હતી. લાલમોહનબાબુનો પ્રશ્ન ફેલુદાની આ હાથસફાઈના સંદર્ભમાં હતો.

અત્યાર સુધી ફેલુદા પોતાની નોટબુક ખોલી બેઠા હતા, તે હવે બંધ કરી, અને અમારા નાનકડા ખાનામાં આંટા મારવા માંડ્યા. 'બરાબર આવા કંપાર્ટમેન્ટમાં જ એ ચારેય હતા...' એ બબડ્યા.

ક્યારે કઈ ચીજમાં ફેલુદાને રસ પડશે તે કહી ન શકાય, અને તે શું કરવા માગે છે તે કળવું તો એથી ય મુશ્કેલ. કંપાર્ટમેન્ટમાં બારીની પાસે પાણીના ગ્લાસ ભરેલા હતા. એકાએક ફેલુદા તેના ભણી તાકી રહ્યા.

'ટ્રેનમાં તમને ઊંઘ આવે કે નહિ ?' અચાનક એણે જટાયુને પૂછ્યું. જળ-હાથીની જેમ મોં ફાડી બગાસું ખાવા જતા લાલમોહનબાબુ આ સાંભળી અધવચથી અટકી ગયા, અને હસીને બોલ્યા, 'ગાડીના આ હડદોલા ખરાબ તો નથી લાગતા.'

'ખબર છે. પણ બધાને એ ઊંઘાડતા નથી. મારા એક માસા ટ્રેનમાં આખી રાત જાગતા રહેતા અને ઘેર તો જમીને ઓશિકા પર માથું મૂકે કે તુરત એમને ઊંઘ ચડે.'

પણ આટલું બોલી અચાનક ફેલુદા કૂદકો મારી બંક ઉપર ચડી ગયા, રીડિંગ લાઈટ પેટાવી અને ધમિજાની ઍટેચીમાં મૂકવા દિલ્હીમાં ખરીદેલી એલરી ક્વીનની ચોપડી ખોલીને થોડી વાર તેનાં પાનાં ઉથલાવ્યાં, ને પછી શરીર લંબાવી સૂતાસૂતા છત ભણી ચૂપચાપ તાકી રહ્યા. અંધકારને ચીરતી ટ્રેન દોડી રહી હતી. જટાયુને હું પૂછવા જતો કે તેઓ જે નવું હથિયાર અમને બતાવવાના હતા તે હવે ક્યારે બતાવશે, ત્યાં ફેલુદા જ બોલ્યા, 'એક ભૂલ થઈ ગઈ. ડાઇનિંગકારના માણસને પૂછવું પડશે કે એ લોકો સોપારી રાખે છે કે નહિ. જો ન રાખતા હોય તો કોઈ સ્ટેશન પર તપાસ કરી ખરીદી લેવી પડશે. ધમિજાની ડબ્બીમાં હવે એકાદ કટકો જ રહ્યો હશે.'

લાલમોહનબાબુએ પેલી કોડાકની ડબ્બી ખિસ્સામાંથી કાઢી અંદર નજર નાખી તેને ઊંધી વાળી. પણ એમની હથેળીમાં કંઈ પડ્યું નહિ. 'કમાલ છે ! અંદર સોપારીનો એક કટકો દેખાય છે, પણ બહાર પડ્યો નહિ.' પછી એમણે ડબ્બીને હથેળીમાં ઠપકારી પણ પેલો કટકો બહાર આવ્યો જ નહિ. 'લાવો, મને આપો.' કહેતાં બંક ઉપરથી નીચે આવી ફેલુદાએ જટાયુ પાસેથી એ ડબી આંચકી લીધી. લાલમોહનબાબુ આ અચાનક આક્રમણથી નવાઈ પામ્યા. ફેલુદાએ પણ પોતાની હથેળીમાં ડબ્બી ઠપકારી, પણ પેલો કટકો બહાર આવ્યો નહિ. લાગ્યું સોપારીનો એ કટકો ડબ્બીમાં ચોંટી ગયો હશે. ફેલુદાએ અંતે

ડબ્બીમાં આંગળી ખોસી તેને ઉખાડવા પ્રયાસ કર્યો, અને જરા જોર કરતાં પેલો કટકો ઊખડી ગયો. ફેલુદાએ ડબ્બી સૂંઘી જોઈ, ને કહ્યું, 'કદાચ ડબ્બીને તળિયે ગુંદર કે એવું કંઈ હશે. 'એરલ્ડાઈટ' પણ હોય.'

બહાર કોરિડોરમાં કોઇનાં પગલાં સંભળાયાં. તુરત ફેલુદાએ કહ્યું, 'તોપસે, શટ ધ ડોર.' અને દરવાજો બંધ કરવા ગયો ત્યારે મેં એક પળ માટે એને ત્યાંથી બાથરૂમ તરફ જતો જોયો – એ જ પેલો કાળાં ચશ્માં અને કાનમાં રૂ ભેરવી ફરનાર ડોસો.

'સૂ-સૂ—' ફેલુદાના મોંએથી સીટી જેવો અવાજ નીકળ્યો. સોપારીના પેલા કટકાને એ ધ્યાનપૂર્વક જોઈ રહ્યા હતા. મને તુરત સમજાઈ ગયું કે એ કટકો ભલે સોપારી જેવો લાગતો હોય, પણ હકીકતે એ કંઈક બીજી જ ચીજ હતી, અને સોપારી જેવો રંગ લગાડી કદાચ તેની અસલીઅત ઢાંકી દીધી હતી.

'અરે તોપસે!' ફેલુદા એકાએક બોલી ઊઠયા, 'મારે આ પહેલાં જ સમજી જવું જોઇતું હતું. આઈ હેવ બીન અ ફૂલ!'

પછી ફેલુદાએ બારી પાસે ભેરવેલો પાણી ભરેલો એક ગ્લાસ લઈ તેમાં પેલો ટુકડો બોળીને તેને મસળવા માંડયો. થોડી જ વારમાં તેની ઉપર લગાડેલો કથ્થઈ રંગ પાણીમાં ફેલાઈ ગયો. ફેલુદાએ ટુકડો બહાર કાઢી પોતાના રૂમાલથી લૂછયો અને...અને પછી તેને હથેળીમાં મૂકયો. કંપાર્ટમેન્ટની બત્તીના પ્રકાશમાં ફેલુદાની હથેળીમાં ગાડીના હડબડાટથી આમતેમ ગબડતા એ પથ્થરનાં પાસાંનો ઝળહળાટ અમને ચકિત કરી રહ્યો હતો.

ખરેખર જ એ સાચો હીરો હોય તો! ફેલુદાની તો મને ખબર નથી, પણ મેં તો આટલો મોટો હીરો કદી જોયો નહોતો. અને લાલમોહનબાબુની વિસ્ફારિત આંખો જ કહેતી હતી કે એમણે પણ જોયો નહોતો. 'આ...આ શું? ડા...ડાઈ...ડાઈ...' ડઘાઈ ગએલા લાલમોહનબાબુ પૂરું બોલી યે ન શકયા. તુરત ફેલુદાએ હાથની મૂઠી વાળી દીધી અને એક કૂદકે જઇને બારણું લૉક કરી દીધું. પછી પોતાની જગ્યાએ બેસતાં ધીમા અવાજે કહ્યું, 'આમેય આપણા માથા પર મોતના ઓળા દેખાય છે, અને તમે પાછા જોરથી ડાઈ...ડાઈ કરો છો!'

'ના, ના. પણ હું...એટલે કે...' ગેંગેફેંફે થતા જટાયુ બોલ્યા.

'જે જુસ્સાથી અમુક લોકો આ ઍટેચી હાથ કરવા આપણી પાછળ પડયા છે, એ પરથી આ સાચો હીરો હોય તો નવાઈ પામવા જેવું નથી. છતાં હું ઝવેરી નથી એટલે કંઈ કહી શકું નહિ.'

'તો પછી આની વૅ...વૅ...'

'આની શી વૅલ્યૂ હોઈ શકે તે વિષે સ્પષ્ટ જ્ઞાન તો નથી, પણ કૅરેટનો અંદાજ આપી શકું. 'કોહીનૂર'ની અસલ કદની એક છબી મેં જોએલી છે, એ પરથી આ પથ્થર અંદાજે પચાસ કૅરેટનો તો હશે, અને હીરો જ હોય તો એથી આની કિંમત લાખ ઉપરાંત ઘણી વધુ હશે.'

ફેલુદા હજી એ પથ્થરને ફેરવીફેરવીને નીરખી રહ્યા હતા. મેં આસ્તે રહીને પૂછયું, 'મિ. ધમિજા પાસે આ કયાંથી આવ્યો હશે?'

'એ માણસને ઍપલની વાડી છે, અને ટ્રેનમાં ડિટેકટિવ પુસ્તક વાંચે છે, એથી વિશેષ એના વિષે ખબર નથી, તો પછી તારા સવાલનો જવાબ હું કઈ રીતે આપી શકું?'

હવે લાલમોહનબાબુ કંઈક સ્વસ્થ થયા હતા. કહે, 'તો હવે શું આ પાછો મિ. ધમિજા પાસે જ જશે?'

'જો લાગશે કે એ એમનો જ છે, તો પછી જશે જ.'

'મતલબ કે તમે એમ માનો છો કે કદાચ એ એમનો ન પણ હોય.'

'એની યે પહેલાં એક સવાલ એ છે કે બંગાળની બહાર ટુકડા કરીને સોપારી ખાવાનો રિવાજ છે કે નહિ.'

'પણ તો પછી...'

'હવે એક પણ સવાલ નહિ, તોપસે. હવે આ કેસે નવો જ વળાંક લીધો છે. એટલે ચારે તરફ અતિશય સાવધાનીથી ખૂબ વિચારપૂર્વક આગળ વધવાનું. હવે વાત કરવાનો સમય નથી.' આટલું કહી ફેલુદાએ છાતી પાસેના ખિસ્સામાંથી પોતાનું પાકીટ બહાર કાઢી તેમાં પેલો પથ્થર મૂકી તે પાછું ખિસ્સામાં સેરવી દીધું, અને ઉપરના બંક પર ચડી ગયા. હું સમજી ગયો કે હવે એ અમારી સાથે કંઈ જ વાત નહિ કરે. લાલમોહનબાબુ કંઈક બોલવા જતા હતા તેને પણ મેં ઇશારત કરીને વાર્યા. તો યે એમણે મને તો કહ્યું જ, 'તું જાણે છે? વિચારું છું કે આ રહસ્યકથાઓ લખવાનું હું છોડી જ દઉં!'

'કેમ? આવો ખયાલ વળી શાથી આવ્યો?'

'જો ને. આ બે દિવસમાં જે બધી ઘટનાઓ બની એવું બધું કંઈ કલ્પનામાં સૂઝે યે ખરું? પેલી કહેવત છે ને – 'ટ્રુથ ઈઝ સ્ટ્રેંગર ધેન ફિકશન.'

'સ્ટ્રેંગર નહિ, લાલમોહનબાબુ, સ્ટ્રેંજર. અસલ શબ્દ સ્ટ્રેંજર છે.'

'સ્ટ્રેંજર? સ્ટ્રેંગર નહિ?'

'ના, સ્ટ્રેંગર નહિ, સ્ટેંજર. એટલે કે વધુ વિસ્મયકર.'

'પણ સ્ટ્રેંજર એટલે તો આગંતુક એવો અર્થ છે ને! ઓહ, સમજ્યો. સ્ટ્રેંજ, સ્ટ્રેંજર, સ્ટ્રેંજેસ્ટ.'

હું એમને એક વાત કહ્યા વિના ન રહી શકયો. મને ખબર હતી કે એ સાંભળી તેઓ અવશ્ય ખુશ થશે. મેં કહ્યું: 'તમારે લીધે તો હીરો મળ્યો. સોપારી ખાઈખાઇને તમે ડબ્બી ખાલી કરી નાખી ત્યારે તો છેવટ આ એક નકલી સોપારી નીકળી.'

લાલમોહનબાબુના ચહેરા પર કાન સુધી પરિતોષનું સ્મિત ફેલાઈ ગયું. 'તો પછી આ કેસમાં મારું પણ થોડું કૉન્ટ્રિબ્યુશન છે એમ જ કહે છે ને તું?' અને એ મલકી રહ્યા. પછી જરા વિચાર કરી બોલ્યા, 'તું જાણે છે, હું શું માનું છું? આ તારા મોટાભાઇને આ હીરા વિષે પહેલે જ જાણ થઈ ગઈ હશે. નહિતર, તું જ વિચારી જો, બબ્બે વાર ઍટેચી ઊપડી ગઈ છતાં બંને વખત આ અસલ ચીજ તો આપણી પાસે જ રહી ગઈ. પહેલેથી એમને ખબર ન હોય તો એવું બને?'

લાલમોહનબાબુ કદાચ ઠીક જ કહેતા હતા. આ સોપારીની ડબ્બી હજી બદમાશોને હાથ ગઈ નહોતી. દિલ્હીની હોટેલમાં રીતસર ઍટેચી ઊપડી ગઈ, પણ એમનું એ સાહસ પણ નિષ્ફળ ગયું. પરંતુ એનો અર્થ એ પણ ખરો કે હજી અમે બદમાશોના પંજામાંથી છૂટયા નહોતા. કદાચ સિમલા પહોંચ્યા પછી એ...

આમ વિચારોમાં જ કયારે ઊંઘ આવી ગઈ તેનું ધ્યાન રહ્યું નહિ. જ્યારે જાગી ગયો ત્યારે કદાચ મધરાત થઈ હતી. ગાડી કાલકા ભણી હજી દોડી રહી હતી. બહાર બધે જ અંધકાર છવાએલો હતો, અને અમારા ડબામાં પણ. મતલબ કે ફેલુદા પણ ઊંઘતા હતા, અને સામે નીચેની બર્થમાં જટાયુ પણ. રીડિંગ લૅમ્પ પેટાવી હું ઘડિયાળમાં જોવા ફર્યો ત્યાં એકાએક મારી નજર બારણા પર પડી. તેના કાચ ઉપર પર્દો હતો. પણ એક બાજુ એ જરા ખસેલો હોઈ તેની પાછળ દૂધિયો કાચ દેખાતો હતો, અને એ કાચ ઉપર પડતી હતી કોઈ માણસની છાયા. બારણા બહાર કોરીડોરમાં ઊભો રહી એ જાણે કંઈ કરી રહ્યો હતો. હું ચૂપચાપ એ જોઈ રહ્યો. લાગ્યું કે એ બારણું ખોલવા પ્રયત્ન કરતો હતો. મને ખબર હતી કે બારણું લૉક કરેલું હોઈ તેનાથી એ નહિ ખૂલે, પણ તે છતાં મારો શ્વાસ રૂંધાતો લાગ્યો.

દૃઢ નિર્ધાર

રશિયામાં એક પુસ્તક પ્રકટ થએલું છે – 'એબાઉટ માઈ સેલ્ફ.' લેખક છે વુલ્ફ મહેફિન. એમાં એણે પોતાના જીવનનો એક અવિસ્મરણીય પ્રસંગ નોંધ્યો છે. એટલા માટે કે એ પ્રસંગે એની જિંદગી જ બદલી નાખી હતી.

ઈ. ૧૯૧૦ની એ વાત. ત્યારે વુલ્ફની ઉંમર પંદર-સોળ વર્ષની હતી. ઘેરથી નાસી જઈને એ જર્મની જતી એક ગાડીમાં ચડી બેઠેલો. પાસે એક પાઈ પણ હતી નહિ એટલે પાટલી નીચે છુપાઈને એ સફર કરતો હતો. એવામાં ટિકિટ-ચેકર આવી પડ્યો. વુલ્ફના તો છક્કા છૂટી ગયા. ચેકર જ્યારે નજીક આવ્યો ત્યારે તો એ પરસેવે રેબઝેબ થઈ ગયો. ચેકર એને જોઈ ગયો અને એની ટિકિટ જોવા માગી.

આંખ મિંચી એણે પાટલી નીચેથી હાથ લંબાવી ચેકરના હાથમાં કાગળનો એક ટુકડો આપતાં મનોમન એ પ્રાર્થના કરવા લાગ્યો કે, 'હે પ્રભુ, કાગળનો આ ટુકડો તેને ટિકિટ જ દેખાય એવું કરજે.'

અને ટિકિટ-ચેકરે તેને પેલો ટુકડો પાછો આપતાં કહ્યું, 'અલ્યા, તારી પાસે ટિકિટ તો છે છતાં ત્યાં પાટલી નીચે શા માટે ભરાઈને બેઠો છે?'

બસ, આ ઘટનાથી એનામાં કોઈ અજબ આત્મશ્રદ્ધા પ્રકટી અને એણે મહાન બનવા મનોમન નિર્ધાર કરી લીધો.

અને પછી... આગળ જતાં સ્ટાલીન, આઈન્સ્ટાઈન, ગાંધીજી વગેરે અનેક મહાનુભાવો પણ એનાથી પ્રભાવિત થયા હતા. છેલ્લા પાંચ સાડાપાંચ દાયકામાં પોતાની ધારણા-શક્તિના એણે જે પ્રયોગો બતાવ્યા એ અજોડ હતા.

ઈ. ૧૯૪૬માં એક મંચ ઉપર આ વુલ્ફ લોકોને વિચાર-સંક્રમણના પ્રયોગો બતાવી રહ્યો હતો ત્યાં એકાએક પોલીસોએ આવી એના કાર્યક્રમને અધવચ્ચે જ અટકાવીને તેને સ્ટાલીન પાસે લઈ ગયા.

માત્ર પોતાની આંતરિક ધારણાશક્તિથી બીજા કોઇની ધારણાને પ્રભાવિત કરી શકાય એ વાત માનવા સ્ટાલીન તૈયાર જ નહોતા. એમણે એ વાત પુરવાર કરી આપવા વુલ્ફને કહ્યું. વુલ્ફ તૈયાર જ હતો.

સ્ટાલીનની સૂચના પ્રમાણે બીજે દિવસે વુલ્ફને મૉસ્કોની એક બૅન્કમાં લઈ જવામાં આવ્યો, ભરી બંદૂકે પાસે ઊભેલા પોલીસોની હાજરીમાં જ વુલ્ફે બૅન્કના કૅશીઅરની પાસેથી એક લાખ રૂબલ લેવાના હતા. વુલ્ફ મહેફિને પોતાની બૅગમાંથી એક કોરો કાગળ કાઢ્યો. બેએક મિનિટ ધ્યાનથી તેના તરફ જોઈ એ કાગળ તેણે કૅશીઅરને આપ્યો. કૅશીઅરે પણ એ કાગળ ધ્યાનથી જોયો અને એક લાખ રૂબલ ગણી આપ્યા. વુલ્ફે એ રૂબલ સ્ટાલીનને પહોંચાડ્યા, એટલું જ નહિ, એની પાસેથી પાછા લઈ એ રૂબલ બૅન્કને પરત કરી પેલો કાગળ પાછો લઈ લીધો. એ કાગળમાં કંઈ જ નહોતું. તદ્દન કોરો હતો એ.

આ વુલ્ફ મહેફિનને મારી લાવવા માટે હિટલરે બહુ મોટું ઇનામ પણ જાહેર કરેલું.

ગાડીમાં પાટલી નીચે પોતાની મનોશક્તિના પ્રભાવની અકસ્માત જાણ થયા પછી એ શક્તિના વિકાસ માટે એણે ત્યારે કરેલા નિર્ધારનું એ પરિણામ હતું. દૃઢ નિર્ધારથી માણસ શું ન કરી શકે?

—જ્યોતિર્ રાવલ

કેટલીક વાર આ ચાલત એ તો ન કહી શકું, પણ અચાનક લાલમોહનબાબુ ઊંઘમાં બરાડી ઊઠ્યા – 'બૂમરેંગ.' એકદમ પેલી છાયા કાચ પરથી સરી ગઈ.

આટલી ઠંડીમાં ય હું પરસેવે રેબઝેબ થઈ ગયો હતો.

દાર્જીલિંગમાં મેં કાંચનજંઘાનું હિમાચ્છાદિત શિખર જોયું છે. દિલ્હી આવતી વેળા આ વખતે સ્વચ્છ દિવસ હોઈ પ્લેનમાંથી દૂર બરફથી ઢંકાએલું અન્નપૂર્ણા શિખર પણ જોયું. સિનેમામાં ઠંડા પ્રદેશનાં દશ્યોમાં યે ઘણી વાર બરફ જોયો છે, પણ સિમલામાં એને આંખ સામે જ જોતાં તો હું આભો જ બની ગયો. માર્ગમાં જો આપણા દેશના લોકોને આવતા-જતા જોયા ન હોત તો હું માની પણ ન શક્ત કે આ આપણા દેશનું જ દશ્ય છે. જો કે આમે યે આ શહેરનો દેખાવ કંઈક વિદેશીવિદેશી તો લાગે જ છે. ફેલુદાએ કહ્યું કે દાર્જીલિંગની જેમ સિમલા પણ અંગ્રેજોએ વસાવેલું છે. ઈ. ૧૮૧૯માં લેફ્ટેનન્ટ રૉસ નામના એક અંગ્રેજે અહીં આવી પોતાને માટે લાકડાંનું એક ઘર બંધાવ્યું હતું, અને ત્યારથી સિમલામાં સાહેબલોકોનો વસવાટ શરૂ થયો. આમે ય અંગ્રેજોને આપણા દેશની ગરમી આકરી લાગતી, એટલે ઉનાળામાં ઠંડક માણવા તેઓ પહાડોમાં ઊંચે રહેવા માટે આવા વસવાટો ઊભા કરી લેતા.

કાલકાથી મીટર ગેજની નાની ગાડીમાં અહીં આવ્યા પછી ખાસ કોઈ અનિચ્છનીય ઘટના બની નથી. પેલો કાનમાં રૂવાળો બુઢ્ઢો પણ અમારી ગાડીમાં જ અહીં આવ્યો છે, અને અમારી આ 'ક્લાર્ક્સ હોટેલ'માં જ ઊતર્યો છે. પણ અહીં અમારા પર નજર રાખતો લાગતો નથી. કદાચ અમે એના પર ખોટો સંદેહ પણ રાખતા હોઇએ. કારણ અત્યારે તો એ સાવ સીધા-સરળ માણસ જેમ વર્તી રહ્યો છે. લાલમોહનબાબુ પણ અમારી સાથે આ જ હોટેલમાં રહ્યા છે. આ બરફીલી ઋતુમાં અહીં કદાચ બહુ લોકો નહિ આવતા હોય, એથી અગાઉથી રિઝર્વેશન કરાવ્યું નહોતું છતાં એમને અહીં એક રૂમ મળી ગયો છે.

હોટેલ-રૂમમાં સામાન મૂકી તુરત ફેલુદા પોસ્ટ ઑફિસની તપાસ કરવા ગયા. તેની સાથે જવાની અમારી ઇચ્છા હતી, પણ પેલી ઍટેચીનું ધ્યાન રાખવાની હવે વિશેષ જરૂર હોઈ એમણે અમને રૂમમાં જ રહેવા કહ્યું. અહીં પહોંચ્યા પછી ફેલુદાએ આ સિમલા શહેર કે અહીંના બરફ વિષે એક શબ્દ ઉચ્ચાર્યો નથી, પણ લાલમોહનબાબુનું એથી તદ્દન ઊલટું છે. જ્યાં ક્યાંય એમની નજર પડે કે એમના મોંમાંથી 'ફેનસ્ટૅટિક' શબ્દ નીકળી જાય છે. મેં જ્યારે એમની ભૂલ સુધારી એમને કહ્યું કે અસલ શબ્દ 'ફેન્ટૅસ્ટિક' છે, ત્યારે પોતાના બચાવમાં એ કહે કે, તેઓ અંગ્રેજી એટલી ઝડપથી વાંચે છે કે શબ્દના અક્ષરે-અક્ષર પર લક્ષ આપવાનો એમને વખત જ મળતો નથી. વળી, સિમલામાં 'પોલર બેર' (ધ્રુવ પ્રદેશનાં રીંછ) છે કે નહિ, અહીંના આકાશમાં 'ઓરોરા-બોરેલિસ' (ઉ. ધ્રુવ પ્રદેશમાં દેખાતો અરુણ પ્રકાશ – સુમેરુ જ્યોતિ) દેખાય કે નહિ, આ બરફ વડે એસ્કિમોના ઘર 'ઈગ્લુ' (મેં સુધાર્યું 'ઈગ્લુ' નહિ 'ઈગ્લૂ.') બાંધી શકાય કે નહિ, વગેરે આવા અનેક ચિત્રવિચિત્ર સવાલો એ લગાતાર પૂછ્યા કરતા હતા.

ક્લાર્ક્સ હોટેલ પહાડના ઢાળ ઉપર બનાવેલી છે. હોટેલના બીજા માળ સામે લાંબી પરસાળ છે, ને ત્યાંથી બહાર નીકળતાં રસ્તા પર પહોંચાય છે. ત્યાં મૅનેજરની રૂમ, લાઉન્જ – એટલે કે બેઠકખંડ હતો. અમારો ડબલ રૂમ હતો, જ્યારે લાલમોહનબાબુનો સિંગલ. પહેલે માળે બીજા રૂમ તથા ડાઇનિંગ રૂમની વ્યવસ્થા હતી.

ફેલુદાને પાછા ફરતાં મોડું થએલું એટલે લંચ લેતાં બે વાગી ગયા હતા. ડાઇનિંગ રૂમના એક ખૂણે બૅન્ડ વાગતું હતું જેને લાલ

મોહનબાબુ 'કૉન્સ્ટ' કહેતા હતા. અમારા ત્રણ ઉપરાંત, જમવામાં થોડે દૂરના એક ટેબલ પર પેલો કાનમાં રૂવાળો વૃદ્ધ પણ હતો. ફેલુદા હવે તેના પ્રતિ જોતા જ નહોતા. બીજા હતા ત્રણ વિદેશી – બે પુરુષ, એક મહિલા. અમે જ્યારે જમવા માટે અંદર દાખલ થયા ત્યારે કાળાં ચશ્માં, અણિયાળી દાઢી અને માથે 'બૅરે' કૅપવાળો એક માણસ જમીને બહાર નીકળતો જોયો. મને લાગે છે કે આ બધા મળી કુલ આઠેક જણ જ ત્યારે હોટલમાં ઊતરેલાં હતાં.

સૂપ પીતાંપીતાં મેં પૂછ્યું. 'મિ. ધમિજાની પાસે આપણે આજે જ જવાનું છે ને ?'

'ચાર વાગ્યાની ઍપોઈન્ટમેન્ટ છે. પણ ત્રણ વાગ્યે નીકળીશું તો ચાલશે.' ફેલુદાએ કહ્યું.

'એમનો બંગલો ક્યાં છે એ ખબર છે ?'

'વાઇલ્ડ ફ્લાવર હૉલ, કુફ્રી જતાં માર્ગમાં આવે છે. અહીંથી આઠ માઈલ દૂર છે.'

'તો એટલા અંતરમાં એક કલાક લાગશે ?'

'રસ્તો મોટે ભાગે બરફથી ઢંકાએલો છે. પાંચ માઈલથી વધુ ઝડપે જઈએ તો ગાડી કદાચ સ્કીડ થઈ જાય.' પછી ફેલુદાએ લાલમોહનબાબુને કહ્યું, 'તમારી પાસે જે જે ગરમ કપડાં હોય તે પહેરી લેજો. આપણે જ્યાં જવાનું છે એ સ્થળ સિમલા કરતાં ય એક હજાર ફૂટ વધુ ઊંચાઈએ છે. બરફ પણ ખૂબ હશે.'

સબડકો બોલાવી ચમચામાંથી સૂપ પીતાં એમણે પૂછ્યું, 'આપણી સાથે શેરપા આવશે ?'

એમને સવાલ સાંભળી મને હસવું આવી ગયું, પણ ફેલુદાએ ગંભીરતાથી જવાબ આપ્યો, 'ના. રસ્તો છે, અને તેના પરથી મોટર જઈ શકે છે.'

સૂપ પૂરું કરી અમે માછલીની રાહ જોતા હતા ત્યારે અચાનક ફેલુદાએ પૂછ્યું, 'લાલમોહનબાબુ, તમે જે અસ્ત્રની વાત કરતા હતા એ કયું હથિયાર છે ?'

પાતળી સોટી જેવી કડક લાંબી એડસ્ટ્રીકનું બટકું ભરી એમણે કહ્યું, 'એ મારી બૅગમાં જ પડ્યું છે. હજી તમને બતાવવાનો મોકો જ ક્યાં મળ્યો છે ?'

'પણ એ શું છે ?'

'બૂમરેંગ.'

'બાપ રે ! એટલે જ કાલે રાતે ઊંઘમાં એ બૂમરેંગ બોલીને બરાડી ઊઠ્યા હતા !'

'એ વળી તમને ક્યાંથી મળ્યું ?'

એક ઑસ્ટ્રેલિયન સાહેબે છાપામાં જાહેરખબર આપી હતી. એમની પાસે બીજી યે ઘણી ચીજો વેચી નાખવાની હતી. પણ આને માટે હું લાલચ રોકી ન શક્યો. મેં સાંભળ્યું છે કે જો બરાબર વાપરતાં આવડે તો એ શિકારને ઘાયલ કરી શિકારીના હાથમાં પાછું આવે.'

'જરાક ખોટું. શિકાર જો ઘાયલ થાય તો એ શિકાર પાસે જ પડ્યું રહે. લક્ષ્ય જો મિસ થાય – ચૂકી જવાય તો જ એ પાછું આવે.'

'એ ગમેતેમ હોય, મોશાય ! પણ ફેંકવાનું બહુ અઘરું છે. મેં ગડપારના મારા ઘરની અગાશીમાંથી ફેંક્યું હતું, તે એ તો જઈ પડ્યું દિનેન્દ્ર સ્ટ્રીટના એક બમાળી મકાનના બારામદામાં, ને ત્યાં લટકતા ફૂલના કુંડાને તોડી નાખ્યું. સારા નસીબે ઓળખીતાનું ઘર હતું તે પાછું આપ્યું.'

'આજે એ સાથે લઈ લેજો.'

ફેલુદાનું સૂચન સાંભળી લાલમોહનબાબુની આંખો ચમકી ઊઠી. 'ડેન્જર એક્સ્પેક્ટ કરો છો કે શું ?'

'હજી પેલા માણસને પથ્થર પાછો ક્યાં મળ્યો છે ?'

ફેલુદા જોકે હળવાશથી વાત કરતા હતા, પણ હું સમજી ગયો કે એને કંઈક ધાંધલધમાલ થવાની આશંકા નથી એવું નહોતું.

ત્રણમાં પાંચ મિનિટ બાકી હતી ત્યારે એક ઍમ્બેસેડર ટૅક્સી આવી ગઈ. પરસાળમાં અમે એની રાહ જોતા બેઠા હતા. ગાડી આવતાં અમે ઊભા થયા. ડ્રાઈવર અહીંનો જ રહેવાસી હતો. ઉંમર પણ ઓછી લાગી, ફેલુદા તેની પાસે અને અમે પાછલી સીટમાં ગોઠવાઈ ગયા. મિ. ધમિજાને આપવાની ઍટેચી ફેલુદાએ પોતાની પાસે જ રાખેલી. લાલમોહનબાબુએ એમનું બૂમરેંગ પોતાના ઓવરકોટમાં સાથે લઈ લીધું હતું. મેં એ હાથમાં લઈને જોએલું. લાકડાનું બનેલું અને હૉકી-સ્ટીકના નીચેના વળેલા છેડા જેવું એ લાગતું હતું. પણ એના કરતાં ઘણું પાતળું અને સુંવાળું હતું.

આકાશમાં સફેદ વાદળો ઘેરાયાં હતાં. એથી ઠંડી જરા વધી હતી, પણ વરસાદ પડે તેવું લાગતું નહોતું. બરાબર ત્રણના ટકોરે અમે વાઈલ્ડ ફ્લાવર હૉલ તરફ રવાના થયા.

ક્લાર્ક્સ હોટેલ શહેરની અંદર જ છે, આવ્યા ત્યારથી અમે તેઓ હોટેલની બહાર નીકળ્યા જ નહોતા. શહેર છોડી ગાડી જ્યારે પહાડી પથ પર આવી ત્યારે પહેલી વાર સિમલાના બરફથી ઢંકાએલા પહાડો અને નિર્જનતાનો અનુભવ થયો. માર્ગની એક તરફ – ક્યારેક ડાબે તો ક્યારેક જમણે એક બાજુ પહાડ અને બીજી બાજુ ખીણનાં અદ્ભુત દશ્યો જોવા મળતાં હતાં. પહાડીમાં સર્વત્ર વનવૃક્ષોની ગીચ ઝાડી ઉપર પણ છવાએલા બરફથી એમનો દ્વિરંગી દેખાવ અમારા માટે નવો જ હતો. રસ્તો બહુ સાંકડો, ચઢઊતરવાળો ને વળાંકદાર હતો.

પહેલા ચારેક માઈલ તો વીસ-પચ્ચીસની ઝડપે આરામથી કપાઈ ગયા. કારણ એટલા માર્ગ ઉપર ખાસ કંઈ બરફ હતો નહિ. વનની વચ્ચેથી દૂરના પહાડો પર છવાએલો બરફ અજબ લાગતો હતો. પણ આગળ જતાં ધીમેધીમે બરફ વધતો જતો હતો અને અમારી ગાડીનો વેગ ઘટતો જતો હતો. પાંચેક માઇલ પછી તો લાગ્યું કે રસ્તા ઉપર બરફનો ખાસ્સો એવો થર હતો. અગાઉ પસાર થએલી ગાડીએ તેમાં પાડેલા ઊંડા ચીલામાં જ અમારી ગાડી પણ ચાલતી હતી. ક્યાંક તો વચ્ચે જમીન એટલી લપસણી આવતી કે તેના ઉપર પૈડાં ફર્યાં કરે પણ ગાડી આગળ ખસે નહિ.

ધીરેધીરે નાકના ટેરવા અને કાનની બૂટ પર ઠંડીની અસર વરતાવા લાગી. લાલમોહનબાબુ તો ઘડીક કાનમાં ધાક પડી જવાની, તો ઘડીક નાક બંધ થઇ જવાનો ભય વ્યક્ત કરતા હતા, પણ મારું મન તો આ બરફઆચ્છાદિત અદ્ભુત સૌંદર્યમાં લીન હતું. અહીં માણસે વસવાનો કોઈ અર્થ નથી. અહીં તો બરફીલા પ્રદેશની વનરાઈ વચ્ચે રહેવાને ટેવાએલાં પક્ષી-પ્રાણીઓ જ વસવાં જોઇએ. પણ પછી તુરત મનમાં થયું કે આ રસ્તો માણસોએ જ બનાવ્યો છે, તેની ઉપર છવાએલા બરફમાં પડેલા મોટરના ચીલા જોઇ લાગ્યું કે થોડી વાર પહેલાં જ આ માર્ગે કોઈ પસાર થયું છે. એ પહેલાં યે ગયું હશે. અને હજી યે કોઈ જતું રહેશે.

આ તુષાર રાજ્યમાં બીજી વીસેક મિનિટ સુધી આગળ જતાં માર્ગની એક બાજુએ થાંભલા પર કાળું પાટિયું જોયું. સફેદ અક્ષરે તેના ઉપર લખ્યું હતું 'વાઈલ્ડ ફ્લાવર હૉલ.' મતલબ, વિના વિઘ્ને હવે અમારી આ સફર પૂરી થવા આવી હતી.

બ્રિજ અને શતરંજ

સુરેશ મોદી

પહેલી નજરે આ કોયડો બહુ સરળ લાગે છે. ઉત્તર-દક્ષિણ પાસે હુકમના પાંચ હાથ તો છે. જે બે ભાતનાં વધુ પાનાં તેમના બે હાથમાં છે તે બન્ને ભાતમાં તેમને હાથ કરતાં અટકાવે તેવાં પાનાં સામા પક્ષમાં એકમાત્ર પૂર્વ પાસે છે, અને તેને હુકમ ઊતરી squeeze કરી શકાશે તેમ લાગે છે. પણ આમ લાગે છે તેટલો સરળ આ કોયડો નથી.

	S A K Q 5 H 9 8 7 6 D — C —	
S 10 9 5 4 H — D — C 10 9 8 7		S — H K Q J 10 D A Q 9 8 C —
	S J 7 6 3 2 H — D 7 6 5 C —	

હુકમ : કાળી

કોયડો : દક્ષિણે ઊતરવાનું અને ૭ હાથ કરવાના.

દક્ષિણ ચોકટથી શરૂ કરે છે. પશ્ચિમ તેના ઉપર ફુલ્લી ફેંકે અને ઉત્તર અઠ્ઠાથી નહિ, પણ ભારે પાનાંથી કાપે. ઉત્તર લાલ ઊતરે તેને દક્ષિણ સત્તાથી કાપે તથા પશ્ચિમ તેને ભારે પાનાથી કાપે. પશ્ચિમ સ્વાભાવિક રીતે હુકમ ઊતરી પોતાના એક સામે વિરોધ પક્ષના બે હુકમ પડાવી લે. ઉત્તર કાળજીપૂર્વક અઠ્ઠો સાચવી રાખી ભારે પાનાથી હાથ લઈ ફરી લાલ ઊતરે. દક્ષિણ છક્કાથી કાપી પશ્ચિમને ફરી ભારે પાનાથી કાપીને હાથ લેવાની તક આપે છે. પશ્ચિમ ફરીથી કાળી ઊતરે અને હવે ઉત્તર તેના પર અઠ્ઠો રમે. પૂર્વ તેના પર કયું પાનું ફેંકે છે અને તેની પાસે કયાં ત્રણ પાનાં બાકી રહે છે તે પ્રમાણે દક્ષિણ રમે.

પૂર્વ પાસે બે લાલ અને એક ચોકટ હોય તો દક્ષિણ ગુલામ નાખી હાથ લઇને ચોકટ ઊતરે. આને ઉત્તરના હાથમાં કાપીને ચોકટના છેલ્લા પાનાથી વધારાનો હાથ મેળવે.


પૂર્વ પાસે એક લાલ અને બે ચોકટ બાકી રહી હોય તો દક્ષિણ કાળીનું હલકું પાનું રમીને ઉત્તરના અઠ્ઠાનો હાથ થવા દે. ઉત્તરની લાલની ઊતરને કાપ્યા પછી ચોકટ કાપીને લાલના છેલ્લા પાનાથી વધારાનો હાથ મેળવે.

જો આ વિકલ્પમાં બતાવ્યા પ્રમાણે પશ્ચિમ લાલને ભારે પાનાથી ન કાપે, કે ઊતર મધ્યે કાળીનું પાનું ન ઊતરતાં ફુલ્લી ઊતરે તો તો ઉત્તર-દક્ષિણનું કામ ઘણું આસાન થઈ જાય.

સરળ દેખાતા આ કોયડામાં દક્ષિણ પશ્ચિમને બે વખત ભારે પાનાં કાપીને હુકમના હાથ લેવા દે છે (જો તે ધારત તો પડાવી શક્ત) અને બે વખત અઠ્ઠાનો હાથ થતો હોવા છતાં લાલચ છોડી ભારે પાનાંથી હાથ લઇને squeeze માટે યોગ્ય પરિસ્થિતિ ઉપજાવે છે. □

શતરંજનાં કેટલાંક કૉમ્બિનેશન (combination) ટૂંકાં હોવાં છતાં ઘણાં જ આકર્ષક લાગે છે. ઘણાં વર્ષો સુધી જેમણે વિશ્વમાં ત્રીજું સ્થાન (કૅન્ડિડેટ ટુર્નામેન્ટમાં બીજું) જાળવી રાખ્યું હતું તે રશિયન મહાઉસ્તાદ કેરેસ (Keres)ની રમતમાંનું એક આવું ટૂંકું અને આકર્ષક કૉમ્બિનેશન આપણે આ વખતે જોઇએ.

Wilkins



Keres

સફેદે રમવાનું

અહીં હુમલા માટે કેરેસે બે પ્યાદાંનો ભોગ આપ્યો છે. તેનો ઊંટ પ્યાદાથી મરે તેમ છે. તેની દરકાર કર્યા વિના તરત મ્હાત કરવા વધુ મ્હોરાંનો તે ભોગ આપે છે. અહીં દેખાય છે કે જો Q8 પર કોઈ કાળા મહોરાનો કાબૂ ન હોય તો ઊંટના જોરે હાથી RQ8થી મ્હાત કરી શકે. પણ કાળાનાં બે મહોરાં QR અને N તે ખાનાનો કાબૂ ધરાવે છે. સફેદ ભોગ આપીને તે બન્ને મ્હોરાંને પોતાની બચાવાત્મક સ્થિતિથી ખસેડે છે.

1 Q×Nch, P×Q; 2 N×QBPch, R×N. હવે બન્ને મહોરાં જતાં મ્હાત શકય બને છે. 3 R-Q8 mate.

આ સ્થિતિ મારી જેમ બીજાને પણ આકર્ષક લાગી હશે. તેથી 'How to play combinative chess' પુસ્તકના પૂઠા પર એ છાપવામાં આવી છે. □

જરા વધુ આગળ જતાં રસ્તાની એક બાજુએ મોટો ઝાંપો આવ્યો. તેના પર લટકતા બોર્ડમાં લખ્યું હતું 'ધ નૂક'. મિ. ધમિજાના બંગલે અમે આવી પહોંચ્યા હતા. જમણી તરફ વળી અંદર જરા આગળ જતાં વિલાયતી ઢબનો ટાવરવાળો એક વિશાળ જૂનો બંગલો નજરે પડ્યો. એનાં છાપરાં ઉપર બરફનો જાડો થર બાઝેલો હતો. સાહેબી મિજાજનો માણસ ન હોય તો આવા દિવસોમાં આવી જગ્યાએ આવા બંગલામાં કોઈ ન રહી શકે.

પોર્ટિકોની નીચે જઈ અમારી ગાડી ઊભી રહી. અમે ઊતર્યા કે તુરત વર્દી પહેરેલો બેરા અમારી પાસે આવ્યો, અને ફેલુદાએ આપેલું કાર્ડ લઈ અંદર ચાલ્યો ગયો. બીજી જ મિનિટે બંગલાના માલિક જાતે જ બહાર આવી અમને આવકારતાં બોલ્યા :

'ગુડ આફ્ટર નૂન, મિસ્ટર મિત્તર! તમારી પંક્ચ્યુઆલિટી ખરેખર પ્રશંસનીય છે. આવો, અંદર આવો. પ્લીઝ!'

મિ. ધમિજાના અંગ્રેજી ઉચ્ચારો સાંભળો તો અસલ અંગ્રેજ

ખાઈ છે એવું જ લાગે. દીનાનાથબાબુએ વર્ણવ્યા પ્રમાણે લગભગ એવો જ એમનો દેખાવ હતો. ફેલુદાએ મારો અને લાલમોહનબાબુનો પરિચય કરાવ્યો અને પછી અમે સૌ અંદર ગયા. લાકડાનું જ તળ અને દીવાલોવાળો બહુ મોટો એમનો ડ્રૉઈંગરૂમ હતો. એક તરફ ફાયરપ્લેસમાં લાકડાં સળગતાં હતાં. બહારની ઠંડી અનુભવ્યા પછી અહીં અંદર બહુ સારી હૂંફ લાગી. સોફા ઉપર બેસતાં પહેલાં જ ફેલુદાએ મિ. ધમિજાના હાથમાં એમની ઍટેચી મૂકી દીધી. એમના ચહેરા પરનો નિશ્ચિંત ભાવ જોતાં લાગ્યું કે ઍટેચી નકલી હોવાનો સહેજ પણ વહેમ એમને પડ્યો નહોતો.

'થૅંક યૂ સો મચ! મિ. લાહિડીની ઍટેચી પણ મેં અહીં લાવી રાખી છે.'

'એક વાર ખોલીને જોઈ તો લો કે તમારી બધી વસ્તુ અંદર બરાબર છે.' ફેલુદાએ આછું સાહેબી હાસ્ય કરી કહ્યું.

'વેલ! ઇફ યૂ સે સો.' કહી મિ. ધમિજાએ પણ હસીને ઍટેચી ખોલી અંદરની વસ્તુઓ પર નજર ફેરવી લીધી. પછી તેમાંનાં છાપાં બહાર કાઢી બોલ્યા, 'બધું બરાબર છે. માત્ર આ છાપાં મારાં નથી.'

'તમારાં નથી?' ફેલુદાએ એ છાપાં ઝડપી લેતાં પૂછ્યું.

'ના. ઍન્ડ નાઈધર ધીસ.' કહી મિ. ધમિજાએ અમે કાલકા સ્ટેશનેથી ખરીદેલી સોપારી ભરેલી કોડાકની ડબ્બી પણ ફેલુદાને સોંપતાં કહ્યું, 'બાકી બધું બરાબર છે.'

'ઓહો! કદાચ ભૂલથી તમારી ઍટેચીમાં મુકાઈ ગયું હશે.'

તો પછી મિ. ધમિજાને પેલા પથ્થર સાથે કંઈ નિસ્બત લાગતી નથી. પણ તો એ ડબ્બી અને પેલાં છાપાં એમની ઍટેચીમાં ક્યાંથી આવ્યાં હશે? હું વિચારી રહ્યો.

'ઍન્ડ હીઅર ઈઝ મિસ્ટર લાહિડીઝ ઍટેચી.' કહી મિ. ધમિજાએ ખૂણાના એક ટેબલ પરથી દીનાનાથબાબુની ઍટેચી લાવીને ફેલુદાને સોંપી. પછી હસીને કહે, 'તમે જે મને કહેલું એ હવે હું તમને કહું – એક વાર ખોલીને અંદર જોઈ લો.'

ફેલુદા કહે, 'મિ. લાહિડી માત્ર એમની એક જ વસ્તુ માટે વિચારતા હતા 'ઍન્ટેરોવાયોફૉર્મ'ની એક શીશી...'

'ઇટ્સ ધેર. ઍટેચીમાં એ છે.'

'...અને એક મૅન્યુસ્ક્રિપ્સ.' ફેલુદાએ વાક્ય પૂરું કર્યું.

'મૅન્યુસ્ક્રિપ્સ!' મિ. ધમિજા જરા નવાઈ પામતાં બોલી ઊઠ્યા.

ફેલુદાએ ઍટેચી ખોલી. પાંચ હાથ દૂરથી યે દેખાય કે તેમાં ચોપડી જેવું કંઈ નહોતું. ફેલુદાનાં ભવાં એકદમ સંકોચાઈ ગયાં. ખુલ્લી ઍટેચી તરફ એ તાકી રહ્યા.

'શાના મૅન્યુસ્ક્રિપ્ટની તમે વાત કરો છો?' મિ. ધમિજાએ પૂછ્યું.

ફેલુદા હજી ચૂપ હતા. એના મનની સ્થિતિ હું સમજી ગયો. કાં તો એમણે મિ. ધમિજાને ચોર કહેવા પડે, અથવા તો ચૂપચાપ પેલી મૅન્યુસ્ક્રિપ્ટ વિનાની ઍટેચી લઇને થેંક યૂ કહી ચાલતા થવું પડે.

'આઈ એમ વેરી સૉરી, મિ. મિત્તર. પણ પ્રથમ જ્યારે મેં ગ્રૅન્ડ હોટલમાં ઍટેચી ખોલી ત્યારે તેમાં જે હતું એ અત્યારે પણ એમનું એમ જ છે. મૅન્યુસ્ક્રિપ્ટ તો નહોતું જ, પણ કાગળની એક ચબરખી સુધ્ધાં નહોતી. તેના માલિકનું સરનામું જોવા ઍટેચીનો ખૂણેખૂણો જોયો હતો. અહીં આવીને યે એ ઍટેચી મેં મારી આલમારીમાં તાળાકૂંચીમાં રાખી હતી. એક પળ ભર પણ કોઈ બીજી વ્યક્તિનો હાથ તેને અડ્યો નથી. એની હું ખાતરી આપી શકું છું.'

ફેલુદા આ સ્થિતિમાં કરે પણ શું? શરમાવાનો દેખાવ કરી સોફા ઉપરથી ઊઠતાં એ બોલ્યા, 'અમારી જ કંઈ ભૂલ હશે, મિ. ધમિજા. તમે કંઈ માઠું લગાડશો નહિ. થૅંક યૂ વેરી મચ.'

'જરા કૉફી કે ચા-નાસ્તો...'

'જી ના. થૅંક યૂ. અમે હવે જઇએ. ગુડ બાય.'

અને અમે મિ. ધમિજાની રજા લઈ ચાલતા થયા. ક્યાં ગયું હશે એ મૅન્યુસ્ક્રિપ્ટ? આ ઍટેચીમાં તો નહોતું. મને કશી ગમ પડતી નહોતી. અચાનક યાદ આવ્યું. નરેશ પકડાશીએ કહેલું કે એણે દીનાનાથબાબુને ટ્રેનમાં કંઈ વાંચતા જોયા નહોતા. તો શું એની વાત ખરી હશે? અને એમ હોય તો શું દીનાનાથબાબુની મૅન્યુસ્ક્રિપ્ટ હોવાની વાત બનાવટી હશે?

(ક્રમશઃ)

અનુસંધાન] **૧૧ અને ૧૨** [પૃ. ૯૨થી

વાણી, ભારતી, સરસ્વતી, આર્યા, બ્રાહ્મી, મહાધેનુ, વેદગર્ભા, ઈશ્વરી, મહાલક્ષ્મી, મહાકાલી અને મહા સરસ્વતી.

ગૌરી (પાર્વતી)નાં બાર સ્વરૂપો : ઉમા, પાર્વતી, ગૌરી, લલિતા, શ્રિયા, કૃષ્ણા, હિમવંતી, રંભા, સાવિત્રી, ત્રિખંડા, તોતળા અને ત્રિપુરા.

ગરુડનાં બાર નામ : સુપર્ણ, વૈનતેય, નાગારિ, નાગભૂષણ, શિતાન્તક, વિધાદી, અજિત, વિશ્વતોમુખ, ગુરુત્માન, ખગપતિ, તાર્ક્ષ્ય અને કશ્યપનંદન.

બાર યાદવકુળ : દાશાર્હ, સાત્વક, અંધક, અર્બુદ, માથુર, શૂરસેન, કુંતિ, કુકુર, વિસર્જન, મધુ, ભોજ અને વૃષ્ણય.

દુષ્ટ અને અભક્તજનનાં બાર લક્ષણ : કામાતુર, ક્રોધી, લોભગ્રસ્ત, પ્રપંચનિષ્ણાત, ગર્વિષ્ઠ, વિકારી, મહામોહી, વિકલ્પી, અસદ્બુદ્ધિ, છળકપટી, સ્વાર્થી અને જ્ઞાનવિક્રેતા.

સત્પુરુષોના બાર ગુણ : ધર્મમાં તત્પરતા, મુખમાં મધુરતા, દાનમાં ઉત્સાહ, મિત્રમાં નિષ્કપટ, ગુરુમાં વિનય, ચિત્તમાં ગંભીરતા, આચારમાં પવિત્રતા, ગુણમાં રસિકતા, શાસ્ત્રમાં નિપુણતા, સ્વરૂપમાં સુંદરતા, પરસ્ત્રીમાં ઉદાસિનતા અને હરિમાં ભક્તિ.

ધન્ય ગૃહસ્થાશ્રમનાં બાર લક્ષણ : ઘરમાં આનંદ, બુદ્ધિશાળી પુત્રો, મધુર-ભાષિણી પત્ની, સારો મિત્ર, ધન, નીરોગીપણું, આજ્ઞાંકિત સેવકો, અતિથિને સત્કાર, પ્રભુનું પૂજન, તૃપ્તભોજન, સજ્જનનો સમાગમ અને વૃદ્ધોની સલાહ.

વડીલો સમક્ષની બાર અશિષ્ટતા : બગાસાં ખાવાં, થૂંકવું, ક્રૂરતા બતાવવી, ક્રોધ કરવો, આળસ મરડવી, થાક બતાવવો, કંટાળો બતાવવો, ભ્રૂકુટિ ફેરવવી, ઓડકાર ખાવો, છીંકવું, વાછૂટ કરવી અને હેડકી ખાવી.

શરીરના બાર મેલ : ચરબી, વીર્ય, લોહી, મજ્જા, મૂત્ર, વિષ્ટા, નાકનો મેલ, કાનનો મેલ, કફ, આંસુ, ચીપડા અને પરસેવો.

બાર અનિચ્છનીયની એક રમૂજી પ્રાર્થના :

રાત અંધારી અને બળદિયા કાળા,
આઘેરું ખેતર અને પગમાં વાળા,
આંખે અંધાપો અને બારણે ખાડા,
મારકણી ભેંશ અને જણતી પાડા,
રૂપાળી પાડોશણ અને આંખના ચાળા,
વઢકણી વહુ અને ગામમાં સાળા,
આટલું મા દેજો મારા દ્વારકાવાળા.

એક ઉખાણામાં બાર ઉખાણાં : વાયુનો મિત્ર, તે મિત્રનો પુત્ર, તે પુત્રનો ભાઈ, તે ભાઈનું વાહન, તે વાહનનો શત્રુ, તે શત્રુ જેનું ભૂષણ, તેના મસ્તકે રહેનારી, તે રહેનારીનો પુત્ર, તે પુત્રનો વેરી, તે વેરીની બહેન, તે બહેનનો પતિ, તે પતિનો મિત્ર એ કોણ?

([illegible])

સૌરાષ્ટ્રનાં લઘુ બંદરો

ડૉ. શિવપ્રસાદ રાજગોર



આ મલીથી કચ્છના નાના રણ સુધીની સૌરાષ્ટ્રની સાગરકંઠાર ૬૭૨ કિલોમીટર (૪૨૦ માઈલ) લાંબી છે. જેના પર બેડી, ઓખા, પોરબંદર, વેરાવળ વગેરે મધ્યમ કદનાં બંદરો બાદ કરતાં જોડિયા, પિંડારા, બેટ, રૂપેણ, લાંબા, મિયાણી, નવીબંદર, સીલ, માંગરોળ, માધવપુર, સિમર, સૂત્રાપાડા, મઢવાડ, રાજપરા, કોટડા, મૂળ દ્વારકા, નયા બંદર, જાફરાબાદ, ભેરાઈ, પીપાવાવ, મહુવા, તળાજા, ઘોઘા અને ઘોલેરાનાં નાનાં બંદરો આવેલાં છે. આ ચોવીસ બંદરોમાંથી લાંબા, મિયાણી, નવીબંદર, સીલ, સિમર, સૂત્રાપાડા, માધવપુર, મૂળ દ્વારકા અને ઘોલેરા – એ આઠ બંદરો વર્ષોથી બંધ પડ્યાં છે. આ બંદરો જેને 'રોડસ્ટેડ' કહે છે તેવાં, સમુદ્રકાંઠા પરનાં ખુલ્લાં બંદરો હતાં. જ્યારે પિંડારા, માંગરોળ, કોટડા, મઢવાડ અને રાજપરા, એ પાંચ બંદરો ક્વચિત્ નહિવત્ બંદરી વેપારવાળાં છે. જોડિયા, રૂપેણ, બેટ, નવાબંદર, જાફરાબાદ, ભેરાઇ, પીપાવાવ, મહુવા, તળાજા અને ઘોઘાનાં બંદરોમાં હજી વહાણોની આવનજાવન રહે છે, પણ આ બધાં બંદરો ૧૫ મેથી ૧૫ સપ્ટેમ્બર, એટલે કે ચોમાસામાં બંધ રહે છે. વહાણો પણ અહીં ભરતીનાં પાણી ચઢે ત્યારે બંદરોમાં પ્રવેશી શકે છે. પીપાવાવ અને જાફરાબાદમાં સ્ટીમરો પણ આવી શકે છે. મહુવા, પીપાવાવ અને જાફરાબાદનો પરદેશ સાથે પણ વેપાર છે. જાફરાબાદમાં બ્રેકવૉટર અને નવી જેટીની સગવડ હોઈ ૫૦૦ ટન સુધીનાં વહાણો છેક તેનાં કાંઠા સુધી જઈ શકે છે.

જોડિયા

સૌરાષ્ટ્રને ઉત્તર કાંઠે પૂર્વમાં જોડિયા બંદર છે. જોડિયા ગામથી બંદર બે કિલોમીટર અને જોડિયાના જૂના કિલ્લાથી ત્રણ કિ. મી. દૂર છે. એક સમયે આ બંદર દ્વારા દૂર વિદેશ સાથે વેપાર ચાલતો હતો, પણ હાલમાં અહીંથી કાંઠાનાં સ્થળો સાથે જ વહેવાર ચાલે છે.

અસલ તો જોડિયા મચ્છીમારી માટેનું ગામ હતું. પણ જસાજી જામે પોતાના દીવાન મેરામણ ખવાસને તેની લાંબી સેવા બદલ ઈ. ૧૭૯૮માં બાલંભા અને આમરણ સાથે જોડિયા ગામ પણ ભેટ આપ્યા પછી મેરામણે અહીં બંદર વિકસાવ્યું. સન ૧૮૧૬ પછી ઘોડાના વેપારી અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નેટિવ ઍજન્ટ તરીકે વિખ્યાત સુંદરજી સોદાગરને ૧,૧૫,૦૦૦ જામશાહી કોરીના વાર્ષિક ઈજારાથી 'ફારમે' અપાયું હતું અને ત્યાર પછી જોડિયા બંદર વધુ વિકાસ પામ્યું હતું. જામ વિભાજીના વખતમાં ગામ અને બંદર તથા દીવાદાંડીના સ્થળને જોડતો માર્ગ બંધાયો. સન ૧૮૩૦ સુધી ઓખામંડળના વાઘેર ચાંચિયાઓને કારણે જોડિયાનો વેપાર કાંઠાનાં બંદરો પૂરતો સીમિત હતો. સન ૧૮૭૯–'૮૦ દરમિયાન ૧૩,૫૯,૮૦૦ રૂપિયાનો વેપાર કરી જોડિયા બંદરે બેડીબંદર પછીનું બીજું સ્થાન મેળવેલું. સતત ત્રણ વર્ષના દુષ્કાળને કારણે અહીં અનાજની આયાત વધી હતી. અહીંથી રૂની મુંબઇ નિકાસ થતી. મુંબઈ ઉપરાંત કરાંચી સાથે પણ જોડિયાનો વાણિજ્ય વ્યવહાર હતો. કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજ-

સ્થાનનું ગાલિચા બનાવવામાં ઉપયોગી એવું ઊન જોડિયાથી જ નિકાસ થતું, અને આથી એ 'જોડિયા ઊન' તરીકે જાણીતું બનેલું. બેડી અને નવલખીનો વિકાસ થતાં તે બેની વચ્ચે આવેલા આ જોડિયા બંદરનો વેપાર ઘટી ગયો. કાપડ, ખાંડ, નાળિયેર, ચોખા, ઇમારતી લાકડું, ખજૂર વગેરે અહીંની આયાતની મુખ્ય વસ્તુઓ હતી. ઈ. ૧૯૫૩–'૫૪ થી '૬૪–'૬૫ દરમિયાન અનુક્રમે ૭૮૭૭ અને ૮૯૪ ટન માલની આયાત-નિકાસ થઈ હતી. તે પછી નિકાસ લગભગ અટકી જઈ ૧૯૬૫થી '૭૩ દરમિયાન સોથી બસો ટનની આસપાસ લાકડું તથા વિલાયતી નળિયાંની નામની જ આયાત થએલી. '૭૩ થી '૭૮ દરમિયાન તો જોડિયાનો વેપાર તદ્દન બંધ હતો. પછી '૭૮ થી '૮૩ દરમિયાન ૨૧૯૪ ટન માલની નિકાસ નોંધાઈ, પણ આયાત તો બંધ જ હતી.

હડમતિયા–જોડિયા રેલમાર્ગનું આ ટર્મિનસ છે. આમરણ, ધ્રોળ, મોરબી, જામનગર, હડિયાણા વગેરે સાથે માર્ગો દ્વારા જોડાએલું છે. લખપતથી આરંભાતો કોસ્ટલ હાઇવે જોડિયા પાસેથી પસાર થાય છે. મત્સ્યોદ્યોગ, મગફળીના તેલના ઘાણા અને મીઠાના અગરોને લીધે તેનો વેપાર ટકી રહ્યો છે. અહીંના સુથારો વહાણો બાંધવા માટે જાણીતા છે, અને હજી પણ અહીં વહાણો બંધાય છે. અહીં વરસે સરેરાશ ૪૧૬ મિ. મી. વરસાદ પડે છે. અનાજ અને મગફળી જોડિયા તાલુકાની ખેતીની મુખ્ય પેદાશો છે.

પિંડારા

બેડીથી નૈઋત્યે ૬૪ કિલોમીટર અને તાલુકાના મથક કલ્યાણપુરથી ૨૬ કિ. મી. દૂર પિંડારાનું બંદર આવેલું છે. નજીકના રેલવે સ્ટેશન ભાટિયા સાથે એ રસ્તા દ્વારા જોડાએલું છે. કિનારાથી ૧૬ કિ. મી. દૂર ૮–૯ ફૅધમ ઊંડાં પાણીમાં આ બંદરની લંગરગાહ છે.

પિંડારા, એટલે કે જૂનું પિંડતારક, દ્વારકાથી પણ પ્રાચીન સ્થાન મનાય છે. અહીંના એક કુંડ ઉપર પાંડવોએ દુર્વાસાના કહેવાથી ભ્રાતૃહત્યાના પાતકની મુક્તિ માટે લોખંડના પિંડોનું દાન કરેલું, અને અહીં ચોખાના પિંડ તરશે એવા દુર્વાસાએ આશીર્વાદ આપ્યા હતા. બસો વર્ષ પહેલાં સમુદ્રના આક્રમણને કારણે જૂનું ગામ લોકોએ ત્યજી દીધું છે.

પિંડારા એક નાનકડું – લઘુ બંદર છે. ૧૯૫૬–'૫૭ થી '૬૪–'૬૫ દરમિયાન અહીંથી ૩૧૬૬ ટન માલની નિકાસ થઈ હતી. '૬૮–'૬૯માં નજીકના ટાપુમાંથી બોક્સાઈટ મળી આવતાં પરદેશ સાથેનો તેનો વેપાર પણ આરંભાયો અને ૯૯૪૦ ટન બોક્સાઇટ કેરાળા તથા યુરોપના દેશોમાં મોકલવામાં આવ્યું. પણ તે પછી અહીં આયાત-નિકાસ બંધ છે. પિંડારા નજીક કલ્યાણપુર તાલુકામાંથી બોક્સાઇટ તથા ચીરોડી-નો મોટો જથ્થો મળી આવ્યો છે, પણ તેની નિકાસ ઓખા બંદરેથી થવા માંડતાં પિંડારા બંદરની દશા મૃતઃપ્રાય જેવી થઈ ગઈ છે.

બેટ

બેટ એટલે કે બેટ શંખોદ્ધાર એક ઘણું જાણીતું યાત્રાધામ છે. ઓખા બંદરની પૂર્વમાં બેટનું નાનુંશું બંદર પણ છે. લૉંચ અને મછવા દ્વારા અહીં વરસે બે લાખથી વધુ યાત્રીઓ દર્શનાર્થે આવે છે. અહીં આર. સી. સી.ની એક નાની જેટી પણ છે. એક યાત્રાસ્થળથી વિશેષ આ બેટનું વ્યાપારી દષ્ટિએ કોઈ ખાસ મહત્ત્વ નથી, તેમજ માછલી તથા મીઠા સિવાય બહાર મોકલી શકાય એવી અહીં કોઈ ખાસ પેદાશ નથી. અલબત્ત, શંખ-છીપો સાથે અહીં ઓઇસ્ટર પણ મળે છે અને તે સાથે હલકી જાતનાં મોતી પણ મળી આવે છે. બેટની જરૂરત મુજબ ઇમારતી લાકડું, વિલાયતી નળિયાં, સિમેન્ટ ને અનાજ અહીં આવે તે જ અહીંની આયાત, અને માછલી તથા મીઠું તેની નિકાસ. આ રીતે '૭૭–'૭૮ દરમિયાન ૩૭ ટનની આયાત અને ૫૩ ટનની નિકાસ નોંધાયા બાદ ૧૯૮૧થી તો એ પણ બંધ જ છે. અહીંના મુસલમાન ખારવાઓ પણ પાકિસ્તાન ચાલ્યા ગયા છે. આમ, હાલમાં તો અહીંની જેટી યાત્રીઓની ચડઊતર માટે જ વપરાય છે અને એમને લાવવા લઈ જવા માટે લૉંચ કે મછવા આવે-જાય છે.

રૂપેણ

દ્વારકાથી એકાદ કિલોમીટર દૂર રૂપેણ બંદર છે. દ્વારકાના મંદિરથી ૨ કિ. દૂર ૧૨ મીટર ઊંડા જલવિસ્તારમાં રૂપેણ બંદરની લંગરગાહ છે. પણ ખડકોને કારણે વહાણોની અવરજવર માટે તે જોખમી છે. રૂપેણની ખાડીમાં નાનાંનાનાં વહાણો સલામત રીતે આવી શકે છે, ને તેના દ્વારા ઇમારતી લાકડું, નળિયાં, સુપરફૉસ્ફેટ, કપાસિયાં, મીઠું, અનાજ અને કઠોળ આવે છે. જ્યારે સિમેન્ટ, સૂકી માછલી અને તેનું ખાતર અહીંથી નિકાસ થાય છે. આ રીતે ૧૯૫૩–'૫૪થી '૬૪–૬૫' દરમિયાન ૨૧,૦૭૧ ટન માલ આયાત, તથા ૮૫,૬૧૨ ટન માલ નિકાસ થએલો. આમાં ૧૯૫૭–૫૮માં ૮૦૯૩ ટન આયાત અને ૧૪,૩૦૫ ટન નિકાસનો આંક સૌથી વધુ હતો. હાલમાં અહીંથી સિમેન્ટની નિકાસ બંધ છે, મુખ્યત્વે અહીંથી માછલીની નિકાસ થાય છે અને ઇમારતી લાકડું તથા મીઠું આયાત થાય છે. ઈ. ૧૯૬૮–'૬૯થી ૧૯૮૨–'૮૩ના ગાળામાં તેની કુલ આયાતનિકાસ માત્ર ૩૨૬૫ ટન જેટલી હતી. આમાં ૧૯૭૫–'૭૬થી આયાત તો લગભગ બંધ જ છે. રૂપેણ બંદરમાં લાકડાની એક જેટી જ છે, જ્યાં ૧૯૭૭–'૭૮થી ૮૧'–'૮૨ દરમિયાન કુલ ૪૩૫૭ નાનાં વહાણો લાંગર્યાં હતાં. રૂપેણ દ્વારકા રેલવેસ્ટેશનથી બે કિ. મી. દૂર છે. અહીંથી કોસ્ટલ હાઇવે પસાર થાય છે. પાંત્રીસ કિ. મી, દૂર જ ઓખા બંદર હોવાને કારણે પણ રૂપેણનું બંદર તરીકે ખાસ કંઈ મહત્ત્વ ન રહે તે સ્વાભાવિક છે.

લાંબા

સૌરાષ્ટ્રની પશ્ચિમ કંઠારે લાંબા કેવળ નામનું જ બંદર કહી શકાય. આસપાસની સ્થાનિક જરૂરત પૂરતું ઈમારતી લાકડું અહીં આવતું જેની ૧૯૬૩–'૬૪માં માત્ર ૪૩ ટન જેટલી આયાત હતી. અહીં વહાણો માટે ઢોળાવ સિવાય બીજી કોઈ બંદરી સગવડ પણ નથી, એટલે ૧૯૬૫ પછી તો રૂપેણનું બંદર બંધ જ છે. અહીંના દરિયાકાંઠેથી 'સમદરફીણ' તરીકે ઓળખાતાં માછલીનાં અસ્થિ મળી આવે છે.

મિયાણી

આઇને અકબરીમાં પુરમિયાણીનો બંદર તરીકે ઉલ્લેખ મળે છે. તેની નજીક પૂર્વે ગાધવીનું બંદર હતું. આ સ્થળ પોરબંદરથી ૩૬ કિ. મી. દૂર આવેલું છે. અહીં બિરલા કંપનીના મીઠાના અગરો છે. વર્તુની ખાડીમાં આવેલા ખડકોને કારણે અહીં વહાણની અવરજવર પણ સલામત નથી અને કાંપને કારણે ખાડી પણ હવે તો પુરાઈ ગઈ હોઈ બંદર તરીકે મિયાણીનું હવે તો માત્ર નામ જ રહ્યું છે. મિયાણી પાસે આવેલાં હર્ષદ (હરિસિદ્ધ) માતા તથા બ્રહ્માના ૧૩મી સદી જેટલાં જૂનાં મંદિરો યાત્રાધામ તરીકે ખ્યાત બની ગયાં હોઈ એના થકી જ મિયાણીનું મહત્ત્વ છે. કહે છે કે અહીં જગડુશાહે પશુવધ થતો અટકાવ્યો હતો. વાહનવ્યવહારની સુવિધાઓ વધતાં હમણાં-હમણાં સૌરાષ્ટ્રના પ્રવાસે આવતા યાત્રીઓ આ તરફ નીકળે તો હર્ષદ માતાનાં દર્શને પણ આવે છે, એટલે હવે અહીં લોકોની અવર-જવર વિશેષ દેખાવા લાગી છે, પણ એથી મિયાણીને કોઈ ખાસ લાભ મળવાની શક્યતા નથી.

માધવપુર

પોરબંદરથી ૬૦ કિ. મી. નીચે આવેલું માધવપુર ખાસ તો ત્યાંના ૧૩મી સદીના માધવરાયજીના મંદિરને કારણે વિશેષ જાણીતું

છે, સમુદ્રકિનારા પાસે તેનું સ્થાન હોઈ બંદર તરીકે તે વપરાય તે સ્વાભાવિક છે, બાકી અહીંનું ખુલ્લું બારું સમુદ્ર-પ્રવાહ (સ્વેલ)ને કારણે વહાણવટા માટે સલામત નથી. ઈ. ૧૯૪૭-'૪૮ થી '૫૮-'૫૯ દરમિયાન અહીં ૩૬૬૫ ટન માલની આયાત તથા ૧૧૦૬ ટન માલની નિકાસ થઇ હતી. જેમાં ઈમારતી લાકડું તથા વિલાયતી નળિયાં જેવી સ્થાનિક જરૂરિયાતનો માલ જ મુખ્ય હતો, તે પછી તો માધવપુરનો બંદરી વહેવાર જ બંધ પડી ગયો છે.

સીલ

માંગરોળથી ઉપર નવ કિલોમીટર દૂર આવેલું આ સ્થળ બંદર તરીકે ખાસ વપરાયું નથી. સ્વાતંત્ર્ય પૂર્વે પણ બંદર તરીકે તે ઉપયોગમાં લેવાતું નહોતું, હવે તો ત્યાંની ખાડી યે કાંપથી પુરાઈ ગઈ હોઈ ચોમાસામાં ક્વચિત્ કોઈ વહાણ ત્યાં આવે તો ભલે.

નવીબંદર

ભાદર નદીના મુખથી દક્ષિણે એકાદ કિલોમીટર દૂરનું આ નાનકડું બંદર ઘેડપ્રદેશનું દ્વાર છે. જૂના પોરબંદર રાજ્યનું એ એક નાનું બંદર હતું, અને સારી મોસમમાં નાનાં વહાણો ત્યાં આવતાં, પણ તેનો બંદરી વેપાર-વ્યવહાર ખાસ કંઈ હતો નહિ. એની લંગરગાહમાં નવેક મીટર ઊંડું પાણી રહે છે. પણ બંદર તરીકે હાલમાં તેનો કોઈ ઉપયોગ થતો નથી.

માંગરોળ

પોરબંદર અને વેરાવળની વચ્ચે સૌરાષ્ટ્રની પશ્ચિમ કંઠારે જે ટચૂકડાં બંદરો હતાં અને છે તેમાં માંગરોળ જરા વધુ જાણીતું છે. માંગરોળ ગામથી બંદર બે કિ.મી. દૂર છે. આજે તો એ કોસ્ટલ હાઇવે દ્વારા પોરબંદર વેરાવળ સાથે જોડાએલું છે. એની નજીકમાં નજીકનું રેલવે-સ્ટેશન કેશોદ પણ તેનાથી ૨૫ કિ.મી. દૂર છે. પણ આ સ્થળ, બહુ જૂના કાળથી જાણીતું છે. ટોલેમીએ માંગલોસન નામે જેનો ઉલ્લેખ કર્યો છે તે આ માંગરોળ હોવાનું મનાય છે. ઈ. ૧૧૪૬ના અરસાના સોઢડીવાવના શિલાલેખ પરથી જણાય છે કે કુમારપાલના સમયમાં સહજાંગ ગોહિલનું અહીં શાસન હતું. તે પછી વાઘેલા રાજપૂતો પાસેથી ગુજરાતના સુલતાનના સમયમાં મુસ્લિમ આધિપત્ય નીચે આવ્યું અને ત્યાંનાં મંદિરો મસ્જિદોમાં ફેરવાઈ ગયાં. મખદૂમ જહાંનિયા અને સિકંદર જહાંનિયા તરીકે ઓળખાતા મુસ્લિમ સંતની અહીં કબર છે. ઘોડા, ઘઉં, ચોખા, સૂતરાઉ કાપડ વગેરે ખરીદવા અને નાળિયેર, સોપારી, મીણ, તેજાના વગેરે વેચવા મલબારથી અહીં વહાણો આવતાં એવો ઉલ્લેખ ૧૬મી સદીના આરંભમાં બાર્બોસાએ કરેલો છે. ચૌદમી સદીથી અહીં મુસલમાન વેપારીઓ વસતા હતા. અહમદશાહના કાકા ફતેહખાનને માંગરોળનો વહીવટ સોંપાયો હતો. મુઘલકાળમાં ૧૫૯૧માં અઝીઝ કોકલતશે આ બંદર કબજે કર્યું હતું. ઇ. ૧૭૨૦ થી '૪૮ દરમિયાન તે મરાઠા શાસન નીચે હતું. પણ શેખમિયાં કાઝીના નેતૃત્વમાં મુસ્લિમોએ મરાઠાઓને હાંકી કાઢીને કબજો લીધો હતો. ૧૭૬૪માં શેખે જૂનાગઢનું આધિપત્ય સ્વીકારી તેનો અર્ધો ભાગ નવાબને આપ્યો હતો. માંગરોળ પર આ શેખ કબિલાનું શાસન છેક ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી રહ્યું હતું. પોરબંદરથી મુંબઈ જવા નીકળેલી સ્ટીમર 'વૈટર્ના' આ માંગરોળ પાસે ડૂબી ગયાનો ગોઝારો અકસ્માત 'હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ'ના રાસડામાં આજે યે ઘણા યાદ કરે છે.

માંગરોળની લંગરગાહ કિનારાથી ત્રણ કિ.મી. દૂર છે. ચોમાસા સિવાય અહીં વહાણોની અવરજવર રહેતી. ઈ. ૧૯૪૭ થી ૧૯૫૪ દરમિયાન આ બંદરે ૧૯,૩૫૬ ટન માલની આયાત અને ૩૬,૫૪૨ ટનની નિકાસ થયેલી. ૧૯૫૫-'૫૬ થી '૬૫-'૬૬ના ગાળામાં ૩૭,૪૨૧ ટન આયાત ને ૨૦,૨૬૭ ટન નિકાસ થઈ. અગાઉ કરતાં નિકાસ ઘટી ગઈ હતી. ૧૯૬૫-'૬૬ પછી તો આયાત-નિકાસ બંનેમાં ઘટાડો દેખાયો અને '૬૫થી '૭૦ દરમિયાન અનુક્રમે ૨૩૮૮ ટન અને ૮૦૮૦ ટન આયાત નિકાસ નોંધાઈ હતી. આ ઘટાડો ૧૯૭૬ સુધી ચાલતો રહ્યો. અને તે પછી તો આ બંદરનો ટ્રાફિક લગભગ નહિવત્ બની ગયો છે. ઇમારતી લાકડું, વિલાયતી નળિયાં, કપાસિયાં અને અન્ય પરચૂરણ માલ અહીં મલબાર બાજુથી આવતો. અને અહીંથી ખાસ તો ડુંગળી મુંબઈ અને સીલોન જતી હતી. ચૂનાના પથ્થરો પણ અહીંથી મુંબઈ જતા.

લીલી નાઘેરમાં આવેલું આ સ્થળ નાળિયેર, કેળાં ને કેસર કેરીની પેદાશ માટે જાણીતું રહ્યું છે. પણ હમણાંહમણાં આ તરફના કૂવાઓનાં પાણી ઊંડાં ઊતરી ગયાં છે એટલું જ નહિ, ખારાં પણ થયાં છે. ચૂનાના છિદ્રાળુ પથ્થરને કારણે ભૂતળમાં સમુદ્રની ખારાશ પ્રસરતી હોવાથી આમ બન્યું છે એમ મનાય છે. માંગરોળમાં ૧૩૭ મીટર લાંબા બ્રેકવૉટરથી બંદરને રક્ષણ અપાયું છે તથા કાંઠાના રક્ષણાર્થે ૧૯૯ મીટર લાંબી દીવાલ પણ કરેલી છે. ૯૧ મીટર લાંબો ધક્કો અને છ ગોદામો પણ અહીં છે. વહાણો માટે ૨૦ મીટર લાંબા બે ઢાળ પણ છે. વેરાવળ ને પોરબંદરનો વિકાસ પણ માંગરોળને નડ્યો છે. હાલમાં મચ્છીમારી એ જ અહીંનો મુખ્ય ઉદ્યોગ છે, ૨૨૩-૪૨ લાખના ખર્ચે ગુજરાત સરકાર આ બંદરને મત્સ્યબંદર તરીકે વિકસાવવા વિચારે છે. મચ્છીમારી માટેની ૧૦૦ જેટલી હોડીઓ રહી શકે તેવા બર્થિંગ સ્થાન માટે પણ પગલાં લેવાઈ રહ્યાં છે. મત્સ્યબંદર તરીકે તેના વિકાસ માટે વર્લ્ડ બૅંકે પણ લોનની સગવડ કરી આપી છે.

મઢવાડ


જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં મઢવાડનું નાનકડું બંદર છે, જે મત્સ્યોદ્યોગ માટે જાણીતું છે. તેની નજીકમાં નજીકનું રેલવે સ્ટેશન કોડીનાર છે. અહીં અનાજ, ખનિજ તેલ અને પરચૂરણ માલની આયાત તથા માછલી, ચોખા અને હાડવેરની નિકાસ થતી હતી. ઈ. ૧૯૫૩-'૫૪ થી '૬૧-'૬૮ દરમિયાન અહીંથી ૧૩,૦૦૬ ટન માલની આયાત તથા, ૨૪,૫૨૭ ટનની નિકાસ હતી. '૭૧-'૭૨ થી '૮૨-'૮૩ના ગાળામાં ૨૯૩૯ ટન માલની આયાતનિકાસ હતી. પણ પાછી ઈમારતી લાકડું, નળિયાં વગેરેની આયાત અને મચ્છી, ડુંગળી ને પરચૂરણ માલની નિકાસ હતી. ૧૯૭૦-'૭૧ થી '૮૧-'૮૨નાં વર્ષોમાં અહીં કુલ ૯૮ વહાણો આવેલાં, પણ તે પછીનાં બે વર્ષમાં ફક્ત એક જ વહાણ આવ્યું હતું. મોરબીમાં વિલાયતી નળિયાં બનવા માંડતાં મેંગલોરથી તેની આયાત અહીં, તેમજ આ તરફનાં બીજા બંદરોમાં પણ ઘટી ગઈ. એ જ રીતે મલબારી સાગ બહુ મોંઘો પડવા માંડતાં મધ્યપ્રદેશ અને થાણા જિલ્લામાંથી રેલવે તથા ટ્રકો દ્વારા ઈમારતી લાકડું આવવા માંડ્યું તેથી પણ અહીંની બંદરી આયાતમાં ઘટાડો થયો. વળી, આ બંદરે પણ જેટી, ટગ કે બજરા વગેરેની સગવડનો અભાવ છે.

સૂત્રાપાડા

વેરાવળથી પૂર્વમાં ૧૯ કિ.મી. દૂર સૂત્રાપાડાનું બંદર આવેલું છે. ભૃગુઋષિ અને પુલોમાના પુત્ર ચ્યવનના નામ સાથે આ સ્થળ સંકળાએલું છે. શર્યાતિની પુત્રી સુકન્યા સાથે આ ચ્યવનનું લગ્ન થયું હતું. અહીં ચૌદમી સદીના આરંભકાળના સૂર્યમંદિર તથા ભૃગુકુંડ વગેરેના પ્રાચીન અવશેષો છે. ઈમારતી લાકડું, વિલાયતી નળિયાં અને પરચૂરણ માલની અહીં આયાત થતી. ઈ. ૧૫૫૯ થી '૬૨ દરમિયાન ૧૦૬૪ ટન માલની માત્ર આયાત જ હતી.

(અનુસંધાન પૃષ્ઠ ૮૦)

સરગવો



હિમાલયની તરાઈ અને અવધનાં જંગલો-નું વનવૃક્ષ, પણ આપણા દેશના ઘણાખરા ભાગોમાં ફૂલવાડી અને શાકવાડીમાં તેમજ ઘરઆંગણે પણ ઉગાડાતું સરગવાનું ઝાડ, એની સુંદરતા અને ઉપયોગિતાને કારણે સારી પેઠે પરિચિત બની ગયું છે. જાન્યુઆરીથી એપ્રિલના અરસામાં(અને સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં પણ) જ્યારે એને ફૂલ બેસે છે ત્યારે તેનાં મોટાં શ્વેત ઝૂમખાંથી વૃક્ષની શોભા ઓર ખીલી ઊઠે છે.

શોભાંજન, શિગ્ર, તીક્ષ્ણગંધ, આક્ષીવ, મોચક, હરિચ્છદ, સુભંગી, અવદંશ વગેરે અનેક નામે સંસ્કૃતમાં તેનાં વર્ણન મળે છે. હિન્દીમાં સુહાંજના, સહિજન અને મરાઠીમાં શેગટા કે શેવગા નામે તે ઓળખાય છે. અંગ્રેજીમાં એ 'હોર્સ રેડિશ ટ્રી' અને 'ડ્રમસ્ટિક ટ્રી' કે 'બેન ટ્રી' નામે ઓળખાય છે. તેનું વૈજ્ઞાનિક નામ છે મોરિન્ગા ઓલીફેરા (Moringa Oleifera) તથા મોરિન્ગા ટેરીગોસ્પર્મા (Moringa Pterygosperma). મોરિન્ગા તમિળ ભાષાનું નામ છે, જ્યારે ટેરીગોસ્પર્મા ગ્રીક છે, જેનો અર્થ છે પાંખાળા બીજવાળું. લૅટિન નામ ઓલીફેરાનો અર્થ છે તેલયુક્ત.

સરગવાની બે જાત હોય છે: કડવી અને મીઠી. મીઠી જાત મધુશિગ્ર નામે સંસ્કૃતમાં ઉલ્લેખિત છે. મધ્યમ કદનું સીધું ઊંચું વધતું સરગવાનું વૃક્ષ સહેજે દસેક મીટર ઊંચે પહોંચે છે. એનાં પાન સંયુક્ત અને એકાંતરે ગોઠવાએલાં તથા તળિયે ઉપસેલી દાંડીવાળાં હોય છે. એનો આકાર લંબગોળ અને કદમાં એ લગભગ બે-અઢી સેન્ટિમીટરનાં હોય છે. શીતકાળમાં આ પાન ખરી પડે છે અને પછી નવાં સોહામણાં પાન સાથે મધુગંધી શ્વેત પુષ્પોનાં મોટાંમોટાં ગુચ્છાથી વૃક્ષ અનેરી શોભા ધારણ કરે છે.

સરગવો બહુ ઉપયોગી વૃક્ષ છે. એકમાત્ર એનું કાષ્ઠ બરડ હોવાને કારણે કોઈ ખાસ ઉપયોગમાં લઈ શકાતું નથી. એના આ બરડપણાને લીધે સંસ્કૃતમાં સરગવાને 'સુભંગી' તેમજ 'સુભંજન' એવાં નામો પણ અપાયાં છે. કાષ્ઠ બાદ કરતાં સરગવાનાં બધાં અંગો ઉપયોગી છે.

એની ભૂખરી છાલમાંથી નીકળતા જાડા રેસા સાદડીઓ, દોરડાં અને કાગળ બનાવવામાં કામ આવે છે. સરગવાનાં પાન પણ સ્વાદિષ્ટ હોઈ તેનું અને તેનાં ફૂલનું પણ શાક બનાવાય છે, અને સરગવાની શીંગો તો શાક તરીકે જાણીતી છે જ. પાન ને ડાખળાં ઢોરના ચારામાં પણ વપરાય છે. સરગવાના વૃક્ષ પરનો ગુંદર કાપડ ઉપરની છપાઈમાં ઉપયોગી છે. સરગવાનાં બીજમાંથી સ્વચ્છશ્વેત તેલ નીકળે છે, જે 'બેન ઑઈલ' કહેવાય છે. ઘડિયાળો જેવી નાજુક યંત્રરચનાઓમાં ઊંજણ તરીકે તેનો ઉપયોગ થાય છે. આ તેલ અત્તર-સુગંધીઓ બનાવવામાં પણ ઉપયોગી છે.

સરગવાનાં લગભગ બધાં અંગોનો ઔષધીય ઉપયોગ થાય છે.

એનાં મૂળની છાલ તીક્ષ્ણ સ્વાદવાળી, ઉષ્ણ, મધુર, ક્વચિત્ કડવી, પાચક અને દાહક હોઈ વાત, કફ અને બધા ત્રિદોષ તાવ, હૃદયની ક્રિયાદો, આંખના રોગો, સોજા, અજીર્ણ, બરોળવૃદ્ધિ, ગાંઠ, ચાંદાં અને કાનના દુઃખાવામાં પ્રયોજાય છે. તેનો ઉકાળો તાણ આવતી હોય ત્યારે શેક કરવા માટે વપરાય છે.

સરગવાનો ગુંદર તેલમાં મેળવીને શરદીથી થતા કર્ણશૂળમાં કાનમાં નાખવામાં આવે છે. દાંતના સડાથી થતા કળતરમાં પણ એ ગુણકારી ગણાય છે.

સરગવાનાં મૂળ કડવાં, તીખાં, દાહક અને ઉત્તેજક હોઈ તે મૂત્રલ, પિત્તસ્રાવક અને શ્વાસશામક ગણાય છે. શરીર તેમજ ફેફસાં માટે એ શક્તિવર્ધક કહેવાય છે. ગળા અને છાતીનાં વ્રણ, ઉધરસ, સોજા, હરસ, અજીર્ણ, વાઈ, લકવો, દમ, તાવ, કેડનો દુખાવો વગેરે મટાડવા તે ઉપયોગી મનાય છે.

સરગવાનાં પાન સ્વાદિષ્ટ હોઇ તેની ભાજી બનાવાય છે યા કઢીમાં નાખવામાં આવે છે. આંખનાં દર્દોમાં, વાત, શરદી, સુસ્તી, દમ વગેરેના ઉપચારમાં એ વપરાય છે. વાંદરાં વગેરે જેવાં પ્રાણીના કરડવા ઉપર સરગવાનાં તાજાં પાન વાટીને લગાડવામાં આવે છે. માથાના દુખાવામાં પણ એ લગાડાય છે. આ પાન વાટીને ગરમ કરી ગાંઠને ઓગાળવા તેની ઉપર બાંધવામાં આવે છે. પાનનો રસ પીવાથી હેડકી મટે છે અને શ્વાસ બેસે છે.

સરગવાનાં ફૂલ ગરમ, કૃમિઘ્ન ને પૌષ્ટિક છે. સોજા, સ્નાયુઓના રોગ, કફ, વાત, ગાંઠ ને બરોળની વૃદ્ધિને મટાડે છે.

શીંગ તો શાક તરીકે જાણીતી છે જ. એ પણ મધુર, તીખી ને કૃમિનાશક હોઈ કફ, પિત્તપ્રકોપ ને ગાંઠને મટાડે છે.

તેની શીંગ સુકાઇને ત્રણ ભાગમાં ફાટી પડતાં તેમાંથી સરગવાનાં બીજ બહાર પડે છે. આ બીજ અથવા કાપકલમથી સરગવો ઉગાડવામાં આવે છે. આયુર્વેદ કોશકારો સરગવાના બીજને 'શ્વેત મરિચ' કહે છે. આ બીજ ઉપર ત્રણ બાજુએ પાંખ જેવી વૃદ્ધિ જોવા મળે છે જેના પરથી તેને 'ટેરિગોસ્પર્મા' એટલે કે પાંખવાળું બીજ એવું ગ્રીક નામ અપાયું છે. આ બીજ ગરમ, ઉત્તેજક, દાહક અને તીખાં હોઈ આંખનાં દર્દો, માથાનો દુખાવો, વાત વગેરે મટાડે છે. તેનું તેલ કોઢનાં ચાંદાં પર ઉપયોગી ગણાયું છે.

મૂળની છાલ ઘસીને દાદર ઉપર ચોપડાય છે. આ છાલનો ક્વાથ પથરી પર પણ ગુણકારી છે. જલોદર, યકૃત ને આંતરિક સોજા પર પણ આ ક્વાથ અથવા છાલનો સ્વરસ લાભકારી ગણાય છે. આ ક્વાથ ઘી કે તેલ સાથે લેવાથી સળેખમ મટતું હોવાનું મનાય છે. □

ચરિત્ર - નિબંધ

અમીના માશી

'આનંદશર્મન'

ઈ. ૧૯૭૩નું એ વર્ષ. વર્ગમાં એક વિદ્યાર્થિની ઊભી થઈ. કહે, 'આ પંક્તિ ન સમજાઈ.' હું એની સામે જ જોતો રહ્યો. 'ફરી સમજાવો' એણે આગળ વાત લંબાવી. વર્ગ સાવ શાંત. સહુને આશ્ચર્ય થએલું. હું શું કહીશ એ સવાલ સૌના ચહેરા પર રમતો'તો. નવી જ આવેલી વિદ્યાર્થિની. બાકી કોઈ હિંમત ન કરે. મેં કહ્યું, 'બેસી જાવ.' કાવ્ય આગળ ચલાવ્યું. ઊભી થઈ ગઈ. 'પહેલાં આ પંક્તિ સમજાવો.' અવાજમાં મક્કમતા હતી.

'શું નામ તમારું?' મેં પૂછ્યું. 'ફોજદાર.'

'અટક કે નામ?' 'અટક.'

'નામ?' 'જેનબબાનુ.'

'સરસ. ક્યાં રહો છો?' 'પાનચકલે.'

'તમારા પપ્પા શું કરે છે?' 'રીટાયર્ડ ફોજદાર છે.'

'માટે જ તમારા અવાજમાં ગરમી છે. તમને કાવ્ય નહીં સમજાય.'

'કેમ?'

'ફોજદાર છો માટે.' મેં વાત ઉડાડી દીધી. બેલ પડયો. હું વર્ગ બહાર નીકળ્યો. મારી પાછળ જ એ પણ વર્ગ બહાર. અમારા આચાર્યને ફરિયાદ કરી. એમણે વાત ટૂંકાવી દીધી. બીજે દિવસે એ તેની બા સાથે શાળામાં હાજર થઈ. એની બા એટલે અમીના 'જાડી.' એમના સ્થૂળપણાને લીધે નામ પાછળ વિશેષણ લાગ્યું છે. માનવજાતે ઓળખ માટે નામનો વિનિયોગ શરૂ કરેલો. નામ માત્રથી ઓળખ પૂરતી ન થઈ એટલે આગળ-પાછળ કશુંક છોગું લગાડવાનું શરૂ કર્યું. એમ જ નામમહિમા ચાલતો રહ્યો. એ મને ઓળખે. હું એમને ઓળખું. એમને જોઇને મેં કહ્યું : 'કેમ અમીના માશી?'

'આ તો ઘરનો છોકરો છે, બેટા.' એમણે પોતાની છોકરીને ઉદ્દેશીને કહ્યું. મેં તો ચાલાકીથી માશી કહેલું. પરંતુ એમણે ગ્રહી લીધું. પોતાપણાનો સ્વીકાર કર્યો. પછી ઇન્કાર કેમ કરાય? મેં ય સ્વીકારી લીધું. લોકપ્રચલિત વિશેષણને સ્થાને મેં 'માશી' શબ્દનો વિનિયોગ કર્યો અને એ તો સાચે જ મા શી (મા જેવી) બની રહી. આજ સુધી મા જેવી ચિંતા સેવ્યા કરે છે.

અમીના માશીને ચાર પુત્રી અને એક પુત્ર. પતિ ફોજદાર હતા, પણ પ્રામાણિક. નિવૃત્ત થયા ત્યારે ફંડ, ગ્રેજ્યુઇટી અને થોડુંક પેન્શન. એ જ મૂડી, બાકી શાન. જેનબ માટે ખૂબ આશા-અરમાન. એસ. એસ. સી.માં ફર્સ્ટ ક્લાસમાં એક ટકો ઓછો આવેલો. તો ય સહુને નોતરેલા. હું જાણે અતિથિવિશેષ. પેલા પ્રસંગ પછી તો એ પણ શરમિંદી થયેલી. તે દિવસથી આજ સુધી મેં એને નાની બેન જેમ રાખી છે.

અમીના માશી એટલે સાક્ષાત્ વાઘ. સ્થૂળ શરીર અને ગુજરાતી પહેરવેશ. મોંમાં છીંકણી ભરેલી હોય. બોલે તો ય જાણે ગર્જના કરતાં હોય તેવું લાગે. પુરુષ સમોવડી સ્ત્રી. ભલભલા ચમરબંધીથી ય ન બીએ. રસ્તા પર જ મકાન. છતાં ય અર્ધી રાતે હુંકારો ન ભણે તો એ અમીના જાડી નહીં. ક્યારેક ગાળો પણ બોલે. પીંજવાનો ધંધો કરે. સહુના શયનખંડ સજાવે, પોતાની તો પાટની પાટ. ઈદના દિવસે બોલાવીને ખીર-ખુરમો ખવડાવે. રસ્તેથી પસાર થઉં તો બૂમ પાડીને બોલાવે. મોટેથી વાતો કરે. ક્યારેક શરમ-સંકોચ થાય, પરંતુ સ્નેહનું વર્ષણ જ એવું કે ભીંજાયા વગર ન રહેવાય. સ્વભાવ વિચિત્ર લાગે. પરંતુ મન સર્વથા સ્વચ્છ. જીવનની મુસીબતમાં પણ હિંમત ન હારે. આખું ઘર એ ચલાવે છતાં પતિની આમન્યા સદાય પાળે. જેનબ ઘરે ભણવા આવતી. મેં પૈસા લેવાની ના પાડેલી. પરાણે આપેલા. ઉપરાંત ગાદલું કરી આપેલું. મારાં લગ્ન ટાણે એમણે ય રસ દાખવેલો. શિખા-મણના બોલ પણ કહે. બે ધારાનું જીવન એ જીવે છે, વજ્ર જેવું કઠણ ને પુષ્પ જેવું કોમળ. એમની જીવનરીતિ પણ માણવા જેવી રસિક છે.

જેનબ કૉલેજમાં ગઈ છતાંય સંબંધમાં ઓટ ન આવી. પરંતુ એણે જીવનસાથીની પસંદગી કરી એ ઘટનાએ અમીનામાશીના માનસને હચમચાવી નાખ્યું. ધૂંવાફૂંવા થઇ ગયેલાં. જેનબ પ્રત્યે મારી સહાનુભૂતિ હોવાની માન્યતા ઘર કરી ગઈ. વહેમ પાકો થવા માંડ્યો. હું તો કેફિયતનો માણસ જ નહિ, ગાંઠ ધીમેધીમે પાકી થવા માંડી. જેનબ તો ન બોલે અને અમીના માશીય ન બોલે. પાન-ચકલેથી પસાર થાઉં ત્યારે કોઈ અપરાધ કર્યો હોય તેમ મારું મન ભારે થઈ જાય. કહેવાનો અવકાશ જ ન રહ્યો. કહેવું ય શું? ઠીક સમય એ અબોલા ચાલ્યા. ફોજદારકાકા મૃત્યુ પામ્યા ત્યારે પણ નહિ જઇ શકેલો. એક વાર હિંમત કરીને ગયો. ધીમેધીમે અમીનામાશીએ ચંડિકાનું રૂપ ધારણ કરવા માંડ્યું દાબી રાખેલો ગુસ્સો તેમાં પૂર્ણ સ્વરૂપે પ્રકટવા લાગ્યો. ધારણા હતી તે જ થયું. મેં તો મૌન ધારણ કરેલું. બધા જ પ્રવાહો ઝીલ્યા. બીભત્સ ગાળો પણ સાંભળી. છેવટે કહેલું : 'તમે માનો છો એ સત્ય નથી.' પરંતુ તે દિવસે એમનો આત્મા એ માનવા જ તૈયાર નહિ. બધું જ ઠલવાઈ ગયું. લાગતું'તું કે હવે હળવા ફૂલ જેવાં થઇ ગયાં હશે. પેલી ગાંઠ સહેજ ઢીલી થઇ. હું પણ સાંભળીને જાણે અપરાધમુક્ત થયો! સત્યને પણ તાકાત હોય છે. એમને સત્ય સમજાયું ત્યારે પોતે જ પસ્તાવો કરેલો. તે દિવસે હું સાંભળી રહ્યો ન હોત તો એમનું મન ક્યારે ય મને માફ ન કરી શક્યું હોત! પૂર્વવત્ વ્યવહાર ચાલ્યો. મારી નોકરી ગઈ તે સમાચાર મેં જ એમને આપેલા. સાચું નહિ માનેલું. બીજે દિવસે દક્ષા પાસે રડી પડ્યાં. જબરું દુઃખ લાગેલું. જેનબે સાંભળ્યું ત્યારે ઢીલી પડી ગયેલી. આશ્વસાન આપે પણ અંતર ચિરાય. થોડા દિવસ પછી માશી કહે : 'બેટા, મને સોણું આવ્યું છે. તું મોટો માણસ થઈશ. મારું સોણું કદી ખોટું પડતું નથી.' હાલ તો હું એ સોણાં પર વિશ્વાસ રાખું છું. સાંભળ્યું છે કે અજમેરના ઉર્સની બાધા પણ રાખી છે. એ મુસલમાન, હું હિન્દુ. પરભવનો સંબંધ જ માનવો રહ્યો. કોમવાદને જેટલું ફાલવું હોય તેટલું ફાલે, મારે એની શી ચિંતા! લાગણીને કોઇ જાત નથી. જે દિવસે ધર્મ કરતાં લાગણીનું બળ બોલકું થશે તે જ સાચો એકતા-દિન હશે. આજે તો આપણે દીન છીએ.

અમીના માશીના જીવનનો વિચાર કરું છું ત્યારે મારો ઇશ્વર અને એમનો ખુદા મને નિષ્ઠુર લાગે છે. બીજાને ઉપયોગી થનાર આ બાઇને શું ન્યાય ક્યાંય મળશે જ નહિ? આમ તો દુઃખને એ ગોપિત રાખે છે, પણ ક્યારેક ચહેરો બોલકો બની જાય છે. માનસશાસ્ત્રનો અભ્યાસ મને આકરો લાગે છે.

પતિને વગર વાંકે નોકરીમાંથી સસ્પેન્ડ કર્યા ત્યારે નાની વયનાં અમીનામાશીએ ભેંસ રાખીને ઘર ચલાવેલું. પતિની વ્યથા જાણે, પરંતુ અજ્ઞાનનો ડોળ કરીને ખુશ રાખવા કોશિશ કરે. (અનુ. પૃ. ૯૬)

૧૧ ૧૧ એકાદશ (અગિયાર) ૧૧ અને ૧૨ દ્વાદશ (બાર) ૧૨ ૧૨ ૧૨ ૧૨

રતિલાલ હરિભાઈ નાયક

આપણા ધર્મગ્રંથો, પ્રાચીન સાહિત્ય, ધાર્મિક ક્રિયાકાંડો, વૈદક વગેરે શાસ્ત્રો, સુભાષિતો, કહેવતો અને બોધવાક્યો ઇત્યાદિમાં અનેક રીતે વિવિધ અંકસંખ્યાઓ સંકળાએલી છે. એની જાણકારી જ્ઞાનને સમૃદ્ધ બનાવવા સાથે સમજવામાં સરળતા આણે છે. આ સંખ્યાઓ સાથે વણાએલાં સૂત્રો, બોધવાક્યો, કહેવતો વગેરેનું આ સંકલન રસપ્રદ અને માહિતીપ્રદ બની રહેશે. આમાં ઘણું ઉમેરણ થઈ શકે પણ વિસ્તારભયે તથા સકારણ કેટલુંક જતું કર્યું છે.

રુદ્ર (શિવ)નાં અગિયાર નામ: મન્યુ, મનુ, મહેશાન, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉગ્રરેતસ, ભવ, કાળ, વામદેવ અને ધૃતવ્રત.

રુદ્રની અગિયાર પત્નીઓ (રુદ્રાણીઓ): ધી, વૃત્તિ ઉશના, ઉમા, નિયુત, સાર્પસ, ઇલા અંબિકા, ઇરાવતી, સુધા અને દીક્ષા.

શિવનાં અગિયાર સ્થાનો: હૃદય, ઇન્દ્રિયો પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર અને તપ.

અગિયાર વિભૂતિઓ: પ્રભાવ, સંપત્તિ, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, દાન, સૌન્દર્ય, ભાગ્ય બળ, ક્ષમા અને વિજ્ઞાન.

ઇન્દ્રિયોના અગિયાર અધિષ્ઠાયક દેવો: દિશા, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર (સૂર્ય), ચંદ્ર અને બ્રહ્મા.

અગિયાર ગંધર્વો: તુમ્બુરુ, નારદ, હાહા, હૂહૂ, વિશ્વાસુ, સુષેણ, ચિત્રસેન, સુરુચિ, પૂર્ણાયુ, સુવર્ચા અને ધૃતરાષ્ટ્ર.

અગિયાર રાક્ષસો: હેતિ, પ્રહેતિ, પુરુષાદ, વધ, વ્યાઘ્ર, ચાર, બાત, વિદ્યુત, સૂર્ય, બ્રહ્મોપેત, અને યજ્ઞોપેત.

બાર આદિત્યો–સૂર્યનાં બાર નામ: મિત્ર, ભાનુ, રવિ, સૂર્ય, ખગ, પુષા, હિરણ્યગર્ભ, મરીચિ, આદિત્ય, સવિતા, અર્ક અને ભાસ્કર.

બાર રાશિઓ: મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધનુ, મકર, કુંભ અને મીન.

બારાક્ષરી (બારાખડી–સ્વર અને વ્યંજનનાં બાર રૂપો): ક, કા, કિ, કી, કુ, કૂ, કે, કૈ, કો, કૌ, કં અને કઃ

ગણપતિનાં બાર નામ: સુમુખ, એકદંત, કપિલ, ગજકર્ણક, લંબોદર, વિકટ, વિઘ્નનાશ, વિનાયક, ધુમકેતુ, ગણાધ્યક્ષ, ભાલચંદ્ર અને ગજાનન.

બાર ઋષિઓ: ભૃગુ, વસિષ્ઠ, ક્રતુ, અંગિરા મનુ, પુલસ્ત્ય, પુલહ, ગૌતમ, રૈભ્ય, મરીચિ ચ્યવન અને દક્ષ.

બાર માસ: કાર્તિક, માર્ગશીર્ષ, પોષ, માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ, આષાઢ શ્રાવણ, ભાદ્રપદ અને અશ્વિન.

બાર માસનાં બાર નક્ષત્રો: કૃત્તિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વા ફાલ્ગુની, ચિત્રા, વિશાખા, જ્યેષ્ઠા, પૂર્વાષાઢા, શ્રવણ, પૂર્વા ભાદ્રપદા અને અશ્વિની.

બાર વૈદિક સૌઢમાસ: મધુ, માધવ, શુક્ર, શુચિ, નભ, નભસ્ય, ઈષ, ઉર્જ, સહ, સહસ્ય, તમ અને તપસ્ય.

બાર જ્યોતિર્લિંગો: સૌરાષ્ટ્રમાં સોમનાથ, શ્રીશૈલ ઉપર મલ્લિકાર્જુન, ઉજ્જયિનીમાં મહાકાલ, નર્મદાતીરે ઓમકારેશ્વર (અમરેશ્વર), હિમાલય ઉપર કેદારનાથ, ડાકિની નામના સ્થળે ભીમશંકર, કાશીમાં વિશ્વનાથ, ગોદાવરી તટે ત્ર્યંબકેશ્વર, ચિતા ભૂમિમાં વૈદ્યનાથ, દારુકાવનમાં નાગેશ્વર, સેતુબંધ ઉપર રામેશ્વર અને (ઇલોરા નજીક) શિવાલયમાં ઘુશ્મેશ્વર.

બ્રાહ્મણના બાર ગુણો: શમ, દમ (વ્રત), તપ, વેદાધ્યાન, ત્યાગ, સંતોષ, સહનશીલતા, મમતા, કર્મવિદ્યા, અસૂયારહિતપણું, આત્મજ્ઞાન અને ધર્મસંપત્તિ.

બાર શક્તિઓ: લક્ષ્મી, પુષ્ટિ, સરસ્વતી, કાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા.

બાર આદિત્યોની બાર શક્તિઓ: ઈડા, સુષુમ્ના, વિશ્વાર્ચિ, ઇન્દુ, પ્રમર્દિની, પ્રહર્ષિણી, મહાકાલી, કપિલા, પ્રબોધિની નીલામ્બરા, વનાન્તસ્થા અને અમૃતાખ્યા.

બાર અપ્સરાઓ: મેનકા, રંભા, ઉર્વશી, પ્રમલોચા, અનુમ્લોચા, સેનજિત, પૂર્વચિતી તિલોત્તમા, રંભા, સ્વયંપ્રભા, મિશ્રકેશી અને જનવલ્લભા.

બાર નાગો (સર્પો): (૧) કાલિનાગ, વાસુકિ, તક્ષક, કચ્છનીર, એલાપત્ર, શંખપાલ, ધનંજય, ઐરાવત, મહાશંખ, કર્કોટક, અશ્વતર અને મહારગ.

(૨) વાસુકિ, સંકીર્ણ, તક્ષક, રંભક, એલાપત્ર, શંખપાલ, ઐરાવત, ધનંજય, મહાપદ્ય, કર્કોટક, કાદ્રવેય અને કુંબલાશ્વતર.

આત્મનિગ્રહના બાર યમ: અહિંસા, સત્ય, અસ્તેય, અસંગ, લજ્જા, અપરિગ્રહ, આસ્તિકપણું, બ્રહ્મચર્ય, મૌન, સ્થિરતા, ક્ષમા અને અભય.

બાર નિયમ: આંતરિક પવિત્રતા, બાહ્ય પવિત્રતા, જપ, તપ, હોમ, શ્રદ્ધા, અતિથિસત્કાર, ભગવાનની પૂજા, તીર્થાટન, પરકલ્યાણ, સંતોષ અને આચાર્યસેવા.

દ્વાદશાક્ષર મંત્ર: ૐ ભગવતે વાસુદેવાય નમઃ

દેવોનાં બાર આભૂષણો: કાનમાં કર્ણબંધ અથવા કુંડલ, ગળામાં હારસૂત્ર, ગળામાં ઝીણુમાલ, કેડમાં કટીસૂત્ર, સ્તનની નીચે સ્તનસૂત્ર, ખભા ઉપર સુંધમાલા, ઊંચે હાથે કેયુર, પેટ ઉપર ઉદરબંધ, પગમાં પાદવલય (કડાં), ડાબે ખભે યજ્ઞોપવીત, પગની પાની ઉપર પાદજાલક અને કેડથી પગના ઘૂંટણ સુધી વનમાલા.

બાર ઋષિઓ: પુલસ્ત્ય, પુલહ, અત્રિ, વસિષ્ઠ, અંગિરા, ભૃગુ, ભરદ્વાજ, ગૌતમ, કશ્યપ, ક્રતુ, જમદગ્નિ અને વિશ્વામિત્ર.

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે બાર સ્થાન (ભાવ): તન, ધન, સહજ, સુખ, પુત્ર, શત્રુ, જાયા, મૃત્યુ, ધર્મ, કર્મ, આય અને વ્યય.

બાર પૂજાવિધિ: આવાહન, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, જનોઈ, અલંકાર, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય.

બ્રાહ્મણના બાર ગુણો: ધર્મ, સત્ય, ઇન્દ્રિયનિગ્રહ, તપ, અદેખાઈ ન કરવી, લજ્જા, ક્ષમા, ગુણો ઉપર દોષારોપણ ન કરવું, યજ્ઞ, દાન, ધૈર્ય અને શાસ્ત્રજ્ઞાન.

વિષ્ણુનાં બાર નામ: કેશવ, નારાયણ, માધવ, ગોવિંદ, વિષ્ણુ, મધુસૂદન, ત્રિવિક્રમ, વામન, શ્રીધર, હૃષીકેશ, પદ્મનાભ અને દામોદર.

સૂર્યની બાર પત્નીઓ: નિક્ષુભા, રાજ્ઞી (રન્નાદે), ઉષા, પ્રત્યુષા, પ્રભા, રજની, સંજ્ઞા (છાયા), સવર્ણા, સમજ્ઞા, સુવર્ચસા, ત્વસ્રી અને વડવા.

સરસ્વતીનાં બાર નામ: મહાવિદ્યા, મહા-

કૃષ્ણવિવર*

એકાદ મોટો પદાર્થ પોતાના જ ગુરુત્વાકર્ષણના બળે સંકોચાવા લાગે તો અંતે તે એક એવા તબક્કે પહોંચે જ્યારે બહારથી તે અદૃષ્ટ જેવો થવા લાગે. કારણ, એ પદાર્થની સપાટી પર એટલું પ્રબળ ગુરુત્વાકર્ષણ હોય કે જેના લીધે પ્રકાશ સુધ્ધાં તે પદાર્થની અંદર ખેંચાઇ–શોષાઈ જાય, આવા આકાશી પદાર્થને 'કૃષ્ણવિવર' અથવા 'શ્યામ-ગર્ત' (બ્લૅક હોલ) કહે છે. પૃથ્વી જો સંકોચાઇને સેન્ટિમીટરથી યે ઓછા વ્યાસવાળી બની જાય તો એ કૃષ્ણવિવર થઈ જાય.

આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંતના નિષ્કર્ષ મુજબ, ગુરુત્વાકર્ષણના કારણે કૃષ્ણવિવરની સપાટી પાસે કાળની ગતિ શૂન્યવત્ બની રહે. મતલબ કે તેવી સપાટી નજીક થોડીક જ ક્ષણો વીતે તેની તુલનામાં કૃષ્ણવિવરથી અતિ દૂરના અંતરે અનેક વર્ષો વીતી ગયાં હોઈ શકે! કૃષ્ણવિવર નજીક જનાર યાનને ત્યાંના અતિ પ્રબળ ગુરુત્વાકર્ષણની તાણનો સામનો કરવાનો આવે. જેમ ચંદ્રના ગુરુત્વાકર્ષણને લીધે પૃથ્વી પરના સમુદ્રોમાં ભરતીઓટ થાય છે, તેમ જ કૃષ્ણવિવરના ગુરુત્વાકર્ષણથી ત્યાં જનાર યાન પૂરતું મજબૂત ન હોય, તો તરડાઈ-મરડાઈ જાય.

—પ્રો. જયંત નારળીકર

અનુવાદક • **ભરત પાઠક**

'આ કમ્પ્યુટર મારું વા'લું બહુ સતાવે છે!' કૉફી હલાવતાં-હલાવતાં પ્રકાશ ઉત્તેજિત થઇને કહેવા લાગ્યો. 'ગયા અઠવાડિયે તેની પાસે હું નહીં નહીં તો ય પચાસ વાર ગયો હોઈશ, પણ એનો જવાબ તો તેનો તે જ રહે છે!'

'શું કહે છે કમ્પ્યુટર?' સંજયે ઠાવકાઈથી પૂછ્યું. સંજય પોતે શુદ્ધ ગણિતનો વિદ્યાર્થી હતો એટલે કમ્પ્યુટર તરફ તુચ્છ નજરે જોતો–ઘર ધોળનાર રંગારાને એકાદ ચિત્રકાર જુએ તેવી રીતે.

'કમ્પ્યુટર કહે છે કે મારા મૂળ સિદ્ધાંતમાં ભૂલ થાય છે. સાચું કહું તો 'પ્રોફ' એ આપેલો ડેટા કમ્પ્યુટરને સુપ્રત કરીને હું દિવસભર નવરો પડીશ અને નક્કી કર્યા પ્રમાણે હાઇકિંગ પર જઈશ એમ મને લાગતું હતું; પણ 'માણસ ધારે છે કાંઈક અને કમ્પ્યુટર કરે છે કાંઈક' એ જ સાચું છે!'

ચર્ચિલ વેધશાળામાંથી ગુરુના ગ્રહ વિષેની થોડી નવી માહિતી કમ્પ્યુટરમાં ચકાસી જોવા માટે પ્રકાશ પાસે આવી હતી.

'તારા સરવાળા–બાદબાકીમાં ભૂલ પડી હશે.' ફિઝિક્સવાળાઓનું ગણિત કાચું હોય છે તેવી ગણિતકારોમાં પ્રચલિત સર્વસાધારણ માન્યતા સંજયે વ્યક્ત કરી.

'જો દોસ્ત, ભૂલ હોય ને તો એ મારી નહિ–ન્યૂટન અને આઈન્સ્ટાઈનની હોવી જોઇએ. ગ્રહોની ગતિની ગણતરી એમના સિદ્ધાંતોના આધારે માંડવામાં આવે છે એટલી તો તારા જેવા અલ્પશ્રુતને પણ ખબર છે. પરંતુ કમ્પ્યુટર કહે છે કે આ નવો ડેટા તેઓના સિદ્ધાંત સાથે બંધબેસતો નથી. ડેટામાં ભૂલ નથી તેની પ્રોફને ખાતરી છે. તો પછી દશેરાને દિવસે જ ઘોડી કેમ દૂકે છે?' પ્રકાશે ચર્ચાના પાયા નાખ્યા.

'મને થાય છે તું ખગોળશાસ્ત્ર-ક્ષેત્રના દશ અવતારોનાં નામ લેતો બેસ, એટલે તને પ્રેરણા મળશે.' સંજય મજાકથી સૂચન કરતો હતો: 'બોલ, ન્યૂટનાય નમઃ, હેલયે નમઃ, હર્ષલાય નમઃ, ઍડમ્સાય નમઃ, ઍડિંગ્ટનાય નમઃ...'

'ઍડમ્સ! ઍડમ્સ! શું લાખ રૂપિયાની વાત કરી છે દોસ્ત! બાલાદપિ સુભાષિતમ્ ગ્રાહ્યમ્!' સંજયની પીઠે એક જોરદાર ધબ્બો મારીને, કૉફી અર્ધી છોડી, પ્રકાશ ત્યાંથી રવાના થઈ ગયો.

સંજય જોતો જ રહ્યો. ઇન્સ્ટિટ્યૂટમાં ચક્રમપણાનો ઇજારો ફક્ત ગણિતવાળાઓએ જ રાખેલો હતો; એટલે પ્રકાશનું બ્હાવરાપણું તેને જચ્યું નહિ.

'પ્રોફ' એટલે ઇન્સ્ટિટ્યૂટના ખગોળશાસ્ત્રના પ્રાધ્યાપક રમેશ અગ્રવાલ. ગ્રહો ને ઉપગ્રહોના ભ્રમણનું ગણિત–'સેલેશીઅલ મિકેનિક્સ'ના વિષયમાં તેમણે વિશ્વભરમાં નામના મેળવી હતી. એકવીસમી સદીની શરૂઆતમાં આ વિષયમાં સંશોધન કરનારા બહુ થોડા વૈજ્ઞાનિકો હતા. એકાદ અઘરો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે સાથે સંકળાએલા ખગોળશાસ્ત્રીઓ અગ્રવાલની પાસે દોડી આવતા. એટલે ગુરુ અંગે પ્રાપ્ત થએલી નવી માહિતી તેમને મોકલવામાં આવી હતી.

પ્રકાશ પાવટે તેમનો માનીતો વિદ્યાર્થી હતો. તાજેતરમાં જ આવેલી માહિતી ઉપરઉપરથી જોઇને તેમણે ઝીણવટથી ચકાસી જોવા પ્રકાશ પાસે મોકલી હતી. 'ચોક્કસ નિર્ણય પર આવ્યા સિવાય મને મળવા આવીશ નહિ.' તેવી અલગ સૂચના તેને આપવી પડે તેમ ન હતું.

તો યે, એક અઠવાડિયું થયું છતાં હજી પ્રકાશ આવ્યો નહિ તેનું તેમને આશ્ચર્ય થતું હતું. હું જ એને કહેવરાવું એવો વિચાર કરતા હતા ત્યાં તો એ જ દોડતોદોડતો રૂમમાં આવ્યો. કમ્પ્યુટરના જવાબોની આખી યે થપ્પી તેમના ટેબલ પર ખડકીને તે શ્વાસભેર બોલવા લાગ્યો. તેમાંનો એક પણ અક્ષર પ્રોફેસર સાહેબને સમજાયો નહિ. પ્રકાશને આટલો બધો ઉત્તેજિત થએલો તેમણે કોઇ દિવસ જોયો ન હતો.

'શાંત થા! શાંત થા! મિનિટનું એક જ વાક્ય બોલ તો મને કાંઈક સમજાય!' સૌમ્ય સ્વરે તેમણે કહ્યું.

'સર! ૧૮૪૬ના અરસામાં યુરેનસ ગ્રહની અનિયમિતતા જોઇને, કેવળ તર્ક અને ગણિતના આધારે ઍડમ્સે યુરેનસની નજીકનો નવો ગ્રહ નેપચ્યુન શોધી કાઢયો હતો. મને ખાતરી છે કે ગુરુની નજદીકમાં પણ કોઈક નવી વસ્તુ આવેલી છે. કમ્પ્યુટરના જવાબો નક્કી એમ જ દર્શાવે છે.'

પુરાવા વગર કોઈ વિધાન કરવું નહિ એવો નિયમ પ્રોફેસરે પોતાના વિદ્યાર્થીઓના મનમાં ઠસાવેલો હતો. તો યે પ્રકાશનું વિધાન એવું અણધાર્યું હતું કે આ પ્રશ્નનો તોડ પોતે જાતે જ લાવવાનું તેમણે નક્કી કર્યું. તે પછીના દસ દિવસ ખગોળશાસ્ત્રની અનેકવિધ પદ્ધતિઓથી પરીક્ષણ કરીને તેમણે બન્નેએ એ વિધાન યોગ્ય છે એમ નક્કી કર્યું.

લંડનથી નીકળતા વૈજ્ઞાનિક સાપ્તાહિક 'નેચર'માં અગ્રવાલ–પાવટેનો લેખ પ્રસિદ્ધ થયો અને ખગોળશાસ્ત્રીઓમાં ખળભળાટ મચી ગયો. ગુરુની ગતિમાં નિર્માણ થએલી અનિયમિતતા તેની નજદીકમાં એક નવી વસ્તુને કારણે છે, એવું એ લેખમાં પ્રતિપાદન કરેલું હતું.

આ નવી વસ્તુને કામચલાઉ 'ક્ષ' નામ આપ્યું હતું અને 'ક્ષ'ના દ્રવ્યમાન, વેગ, ગુરુથી તેનું અંતર, ઇત્યાદિ માહિતી પ્રકાશિત કરવા-

*ઑગસ્ટ ૧૯૭૪. ખગોળશાસ્ત્ર ઉપરના એક પરિસંવાદમાં એક વક્તાનું કંટાળાજનક ભાષણ ચાલતું હતું. પ્રમુખ બિચારા પ્રયત્નપૂર્વક ભાષણ પર ધ્યાન દેવા મથતા હતા. શ્રોતાઓમાં ધુસપુસ ચહલપહલ વગેરેની શરૂઆત થઈ ગઈ હતી. એ સમયે પાસે પડેલું પેડ ઉઘાડી મેં ધડાધડ કંઈક લખવાનો આરંભ કર્યો. એકાદ શ્રોતા તો પોતાના વક્તવ્યની ચીવટથી નોંધ લે છે એવી મીઠી ગેરસમજ વક્તાને કદાચ થઈ હશે. હકીકતમાં મેં મારી પહેલી વિજ્ઞાનકથા–'કૃષ્ણવિવર' લખવાની શરૂઆત કરી હતી.

—જયંત નારળીકર

માં આવી હતી. 'ક્ષ' એ શું હશે તે અંગે જાતભાતની કલ્પનાઓ થવા લાગી. કાં તો મંગળ તથા ગુરુની વચ્ચે ફરતા અસંખ્ય એસ્ટેરોઇડ્સ-માંના થોડાએક એકત્રિત થઇને રચાએલો કોઇ નવો ગ્રહ હશે, અથવા તો સૂર્યમાળાની બહારથી આવેલો કોઈ ધૂમકેતુ હશે, એવું ઘણા લોકો માનતા હતા. 'ક્ષ'નું પ્રત્યક્ષ અવલોકન કરવા માટે તો દુનિયા-ભરની વેધશાળાઓમાં હોડ ચાલી.

પરંતુ કોઇને કશું ય દેખાયું નહિ!

આ રીતે ત્રણ વર્ષ વીતી ગયાં. 'ક્ષ' ભલે દેખાય નહિ પરંતુ, તેની હાજરી ચોક્કસ છે જ, તેની વૈજ્ઞાનિકોને ખાતરી થઈ ચૂકી હોવાથી, તેઓએ 'ક્ષ'ની દિશામાં અવકાશયાન પાઠવવાનું નક્કી કર્યું. સવાલ મહત્ત્વનો હતો. સૈકાઓથી ચાલતા આવેલા ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતનું ભાવિ તેના જવાબો પર તોળાતું હતું. 'ક્ષ'ની શોધ ભારતીય વૈજ્ઞાનિકે કરી હતી એટલે ભારતમાં આવેલા શ્રી હરિકોટા મથક પરથી અવકાશ-યાન પાઠવવાનું ગોઠવાયું, અને પ્રવાસી વૈજ્ઞાનિક તરીકે જવાનું માન પ્રકાશ પાવટેને મળ્યું. તેના એક માત્ર સાથીદાર તરીકે અવકાશયાનનો અમેરિકન કૅપ્ટન જૉન ફૉકનર હતો. જૉન પણ એક કુશળ વૈજ્ઞાનિક હતો. જાગતિક અંતરિક્ષ સંસ્થા (વર્લ્ડ સ્પેસ ઑર્ગેનિઝેશન) તરફથી ભારતમાંથી ગુરુ ભણી રવાના થનાર આ દસમું યાન હતું એટલે તેનો નંબર હતો : 'ડબલ્યુ-આઈ-જે-૧૦'. ગુરુ તરફ પ્રયાણનો યોગ્ય દિવસ નક્કી કરીને આ 'ડબલ્યુ-આઈ-જે-૧૦'ના ઉડ્ડયનની તૈયારીઓ થવા લાગી.

આ ત્રણ વર્ષના ગાળામાં પ્રકાશ પાવટે અને સંજય જોશી પીએચ. ડી. થઇને પોતાના જ ઇન્સ્ટિટ્યૂટમાં ફેલૉ તરીકે નિમાયા હતા. એક વર્ષ થયું સંજયનાં લગ્ન થયાં હતાં. પણ પ્રકાશ હજુ એકલરામ જ હતો. બેઉની દોસ્તી પહેલાં જેવી જ ગાઢ હતી. ટોળટપ્પાં, પરસ્પર મજાક-મશ્કરી બધું જેમનું તેમ હતું. ઉડ્ડયનના એક અઠવાડિયા અગાઉ સંજયની નવજાત દીકરીનો 'બારસો' (બારમે વાસે નામ પાડવાની ઉજવણી) હતો. તેના માટે એક સરસ ઢોંગલો લઇને પ્રકાશ સંજયના ઘરમાં દાખલ થયો.

'કેમ ભાભી, શું નામ પાડ્યું દીકરીનું?' ઢોંગલો ધરતાં તેણે પૂછ્યું.

'અનુપમા! લ્યો, તેડીને જોવી છે ને?'

'ના રે ભાઈ! આઘેથી જ ઠીક છે! આવડા નાના બાળકને હાથમાં લેતાં મને બહુ બીક લાગે છે.'

'તો ત્યારે આઘેથી જ કહો - કહો જોઇએ, અમારી દીકરી કોના જેવી દેખાય છે?'

'તમારા બન્ને જેવી!' પ્રકાશનો ડિપ્લોમેટિક જવાબ આવ્યો. 'છોકરી મીઠડી છે તેમાં શંકા જ નથી. હજુ અઢાર-વીસ વર્ષ પછી જોજો, કેટલાય રોમિયો આંટા મારતા થઈ જશે.'

'ત્યારે તમે જ શોધી જાઓને અઢાર-વીસ વર્ષ - અમે તમને જ જમાઈ કરી લઇશું! અનુપમાની માએ વર શોધવાનો આરંભ કરી દીધો. પણ લગ્નની વાત નીકળી એટલે અઢાર દિવસ પછીની હોય કે અઢાર વર્ષ પછીની - પ્રકાશ કાયમ લજવાઈ જાય. તેણે ઉતાવળે-ઉતાવળે વિદાય લીધી ને પોબારા ગણી ગયો.

'અમથો અમથો બિચારા બ્રહ્મચારીને ગભરાવી મૂક્યો!' સંજયે પત્નીને ઠપકો આપ્યો.

'ડબલ્યુ-આઈ-જે-૧૦' યાનનો પ્રવાસ નક્કી થયા મુજબ શરૂ થયો. પૃથ્વીનાં અનેક સ્પેસ-સ્ટેશનો સાથે તેનો સતત સંપર્ક હતો. સંદેશાઓની આપ-લે નિયમિત ક્રમે ચાલ્યા કરતી હતી. પરંતુ ગુરુની નજીક પહોંચ્યા પછી પરિસ્થિતિમાં ફેર પડ્યો. પ્રકાશે મિશન-કન્ટ્રોલને નીચે મુજબનો સંદેશો મોકલ્યો :

'ક્ષ'ની નજીક આવ્યા છીએ એમ લાગે છે. હજી સુધી કાંઈ જોઈ શકાતું નથી. પરંતુ મીટિઓરાઈટ, એસ્ટેરોઈડ્સ વગેરે અનેક વસ્તુઓ વેગપૂર્વક 'ક્ષ'ની દિશા તરફ જતી જોવામાં આવે છે. 'ક્ષ' જો ચમકતો હોત તો કહી શકાત કે, ભગવદ્ગીતામાંનું દીવા પર તૂટી પડતાં ફૂદાં-ઓનું વર્ણન...'

'ઠીક છે, ઠીક છે. કવિકલ્પના બંધ કરો. આગળ હવે શું કરવાના છો?' કંટ્રોલે પૂછ્યું.

'અરે ભલા માણસ, અણુવિસ્ફોટ જોઇને ઓપનહેમરને ગીતા સાંભરેલી. મને જે આ દેખાય છે, અથવા કહું તો જે નથી દેખાતું, તે અણુવિસ્ફોટ કરતાં યે અદ્ભુત છે. પરવાનગી મળે તો વધારે નજીક જઇને જોવા ઇચ્છું છું.' પ્રકાશે સંદેશો મોકલ્યો.

'પરવાનગી છે; પણ જોખમ જણાય કે તુરત પાછા વળજો.'

'ચોક્કસ. ડબલ્યુ-આઈ-જે-૧૦ને હું બરાબર સાચવીશ.' પ્રકાશ તરફથી કંટ્રોલ સુધી પહોંચેલા તે છેલ્લા સ્પષ્ટ શબ્દો હતા.

પ્રકાશની સૂચના મુજબ જૉને યાનને 'ક્ષ'ની દિશામાં વાળ્યું. ધીમેધીમે યાનનો વેગ વધવા લાગ્યો. 'અરે અરે, જરા સાચવીને ચલાવ; આપણે બહુ નજીક નથી જવું.' પ્રકાશે જૉનને સાવધાન કર્યો.

'એંજિન તો મેં ક્યારનું બંધ કર્યું છે. છતાં વેગ કેમ વધે છે તે સમજાતું નથી.' યાનમાં વેગમાપક તરફ ચિંતાતુર નજરે જોતાં જૉન બોલ્યો. વેગમાપકનો કાંટો આગળ ને આગળ સરતો હતો.

પ્રકાશના ભેજામાં એકદમ પ્રકાશ પડ્યો. ઝટપટ યાનમાંના કમ્પ્યુટર તરફ ધસી ગયો અને હજી સુધી ઉપયોગમાં નહીં લીધેલો એક પ્રોગ્રામ ખાનામાંથી કાઢીને કમ્પ્યુટરમાં ભર્યો. પ્રોગ્રામ પર નામ હતું : 'કૃષ્ણ-વિવર' (Black Hole). યાનના વેગમાં થતી વૃદ્ધિની માહિતી પંચ કરીને કમ્પ્યુટરમાં મૂકી; તો ક્ષણભરમાં છાપેલો જવાબ બહાર આવ્યો. એ વાંચીને પ્રકાશ હાંફળોફાંફળો જૉન પાસે આવ્યો.

'જૉન, જૉન! 'ક્ષ' એ શું છે તે કોયડો ઊકલી ગયો છે. પણ મને લાગે છે કે આપણી દૃષ્ટિએ હવે બહુ મોડું થઈ ગયું છે. 'ક્ષ' એ કૃષ્ણવિવર છે અને આપણે તેના ભણી અત્યંત વેગથી ધસી રહ્યા છીએ.'

કૃષ્ણવિવર એટલે પારાવાર સંકોચન પામેલો પદાર્થ. તેનું ગુરુત્વા-કર્ષણ એટલું તો પ્રબળ હોય કે તેમાંથી પ્રકાશ સુધ્ધાં બહાર પડી શકે નહીં. એટલે જ આ 'ક્ષ' પૃથ્વી પરની વેધશાળાઓને કે નજીક પહોંચેલા જૉનને અને પ્રકાશને દેખાતો ન હતો. આઈન્સ્ટાઈનના સિદ્ધાંત મુજબ કૃષ્ણવિવરો વિશ્વમાં હોઈ શકે ખરાં; પરંતુ આજ દિન સુધી એવો કોઈ કૃષ્ણવિવર વૈજ્ઞાનિકોને જડ્યો ન હતો. એટલે જ તો 'ક્ષ' એ એક કૃષ્ણવિવર હોઈ શકે તેવી કલ્પના બહુ થોડા વૈજ્ઞાનિકોએ કરેલી અને જેને તેઓએ પોતે પણ ખાસ ગણકારેલી નહિ.

'હવે શું થશે?' જવાબ લગભગ ખબર જ હતો છતાં જૉને પૂછ્યું.

'મોટે ભાગે તો આપણે કૃષ્ણવિવરના મુખમાં જઈ પડીશું. છતાં આશાનું એકાદ ઝાંખુંપાંખું કિરણ હજી કળાય છે. આપણા પ્રવાસનો પથ 'ક્ષ'ના કેન્દ્રબિંદુમાંથી પસાર ન થતાં તેને ફરતો આંટો લે છે. હજુ કમ્પ્યુટર ચોક્કસ કહી શકતું નથી, કારણ કે તેને ભ્રમણકક્ષા અંગે વધારે હકીકતની જરૂર છે. પણ હું ફરી કમ્પ્યુટર ચાલુ કરીને આવું ત્યાં સુધીમાં તું કંટ્રોલ સાથે સંપર્ક સાધ.'

જૉને કંટ્રોલને સંદેશો મોકલવા પ્રયત્ન કર્યો પણ કંઈ થયું નહિ. કંટ્રોલના શબ્દો અત્યંત ઝડપથી ઉચ્ચારાતા હોય તેમ સંભળાતા હતા;

અને કશો અર્થ પકડાતો ન હતો. એટલામાં પ્રકાશ પાછો આવ્યો. તેનો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો હતો.

'જૉન, કમ્પ્યુટર તો આપણા મોતની જ ભવિષ્યવાણી ભાખે છે. કમ્પ્યુટરની ગણત્રી મુજબ 'ક્ષ'ની નજીક પહોંચ્યા પછી આપણે તેને ફરતા દસ લાખ આંટા મારીશું અને તે પછી અંદર ખેંચાઈ જઈશું. કંટ્રોલ શી સલાહ આપે છે?'

જૉને એને પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો કે કંટ્રોલ સાથેનો સંપર્ક તૂટી ગયો છે. હવે બધા નિર્ણય એમણે પોતે જ લેવાના છે એ પ્રકાશને સમજાયું.

'હજી થોડી આશા છે. કૃષ્ણવિવરની આસપાસ જે અસ્થિર ગોળાકાર ભ્રમણકક્ષા હોય છે તેની પાસેથી પસાર થવાના છીએ. એ ભ્રમણકક્ષાની અસ્થિરતાનો મારે ફાયદો ઉઠાવવો છે. બરાબર યોગ્ય પળે આપણે જો એક રૉકેટ છોડીએ તો આપણા યાન આસપાસ નિર્માણ થએલી અસ્થિરતાને લીધે આપણું યાન બહાર ફેંકાઈ આવવાની શક્યતા છે. તેવું થઈ શકે તો પછી ઠીક; નહીં તો દુનિયાને આપણા રામરામ. હવે આપણે આપણા શીતાગારમાં પ્રવેશ કરવો જોઈએ.'

'એની શી જરૂર છે?' જૉને પ્રશ્ન પૂછ્યો.

'અરે, આપણે જેમજેમ 'ક્ષ'ની નજીક પહોંચીશું તેમતેમ આપણને તેના ગુરુત્વાકર્ષણની તાણ (Tidal Power) વધારે ને વધારે જણાતી જશે. ચંદ્રના ગુરુત્વાકર્ષણની આવી તાણના કારણે જ પૃથ્વી ઉપર સમુદ્રમાં ભરતીઓટ થાય છે. હવે 'ક્ષ' ભણી જતી વખતે ધારો કે તારું માથું સૌથી નજદિક અને પગ સૌથી દૂર છે. તો 'ક્ષ' ના ગુરુત્વાકર્ષણનો પ્રભાવ જેટલો તારા માથા પર પડશે એટલો પગ પર નહિ હોય. એનું પરિણામ શું આવશે?'

'માથા અને પગ વચાળેનું મારું સમસ્ત શરીર ખેંચાઈ-તણાઈ ઊઠશે?' જૉનનું ભેજું હવે કામ કરવા લાગ્યું હતું.

'બરાબર, અને આ તાણ એવી વિચિત્ર હશે કે આપણા દેહ તે ખમી શકશે નહિ. એટલે જો થીજાએલી અવસ્થામાં હોઇએ તો કદાચ આપણાં અંગો-ઇન્દ્રિયોને એટલી અસર ન પણ પહોંચે.' પ્રકાશે ખુલાસો કર્યો. 'તું એમ કર, અવકાશયાનને સ્વયંસંચાલનની સ્થિતિમાં મૂકી રાખ; કમ્પ્યુટર જ તેને પૃથ્વીની દિશા ભણી દોરી શકશે. આપણે નસીબના બળિયા હોઈશું તો પૃથ્વી પર મથક ઉપરના લોકો આપણને શીતાવસ્થામાંથી જગાડશે.'

બધી જ તૈયારીઓ પતાવીને શીતાગારમાં પ્રવેશ કરતાં અગાઉ બેઉ જણે ફરી એક વાર આકાશદર્શન કરી લીધું. તારકવૃંદો કંઈક વધારે તેજથી ઝબકતાં હતાં એમ લાગ્યું. આ જ શું જગતનું અંતિમ દર્શન નીવડશે?

શ્રીહરિકોટા મથક ઉપર 'ડબલ્યુ–આઈ–જે-૧૦' એવા નામાક્ષરવાળું અવકાશયાન ઊતર્યું તે વખતે ત્યાંના યંત્રવિશારદોને અત્યંત નવાઈ લાગી. એ નામનું યાન તેમને કોઈને યાદ આવતું ન હતું એટલું જ નહિ, પરંતુ તેના આગમનની કોઈ સૂચના પણ મળી નહોતી. આ વણનોતર્યા યાનની કસીકસીને ચકાસણી કર્યા પછી તેમણે અંદર પોઢેલા બન્ને કુંભકર્ણોને બહાર કાઢ્યા અને તેમને મૅક્સિમમ સિક્યુરિટિ મૅડિકલ સેક્શન (એમ. એસ. એમ. એસ.)માં મોકલી આપ્યા. મથક પરના લોકો આ બે જણના નામ કે ચહેરા કશાથી પરિચિત ન હતા.

'અરે, જરા આરામથી રહો—ડૉક્ટરે તમને હલવા-ચલવાની ને વિચારો કરવાની પણ મનાઈ કરી છે.' એમ. એસ. એમ. એસ.માંની પરિચારિકા અનુપમા પ્રકાશને કહેતી હતી. અહીંના મુખ્ય વૈજ્ઞાનિક થોડી જ વારમાં તમને મળવા આવવાના છે. તેમને જ બધું કહેજો.'

'મારે એક-બે મિત્રોને ફોન તો કરવા દે. હું સુખરૂપ છું એટલું તો જણાવી દઉં. આ જો, મારું ઑટોમૅટિક ઘડિયાળ બતાવે છે કે અહીંથી મને નીકળ્યાને ત્રણ વર્ષ થયાં. એ લોકો મારી ચિંતા કરતા હશે કે આ ક્યાં ગાયબ થઈ ગયો...'

'ત્રણ વર્ષ?' અંદર આવતાંઆવતાં પ્રકાશના શબ્દ કાને પડતાં જ મથકના મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. રામસ્વામી બોલી ઊઠ્યા, 'ત્રણ વર્ષ પહેલાં અહીંથી એક પણ અવકાશયાન માનવપ્રવાસી લઈને ગયું નથી. છેલ્લાં પાંચ વર્ષથી અમે માત્ર સ્વયંસંચાલિત યંત્રોવાળાં માનવવિહોણાં યાનો જ મોકલીએ છીએ.'

'શક્ય જ નથી. તમારાં દફતર તપાસી જુઓ.' પ્રકાશ નવાઈ પામી બોલી ઊઠ્યો. મારી ઘડિયાળ પ્રમાણે ત્રણ વર્ષ પંદર દિવસ પહેલાં હું અને જૉન ફૉકનર ગુરુની દિશામાં રવાના થયા હતા. જૉનને પૂછો. નહિ તો પ્રાધ્યાપક રમેશ અગ્રવાલનો સંપર્ક સાધો, એટલે તમને ખાતરી થશે.

'જૉન હજુ બેહોશ છે; પણ તમે કહો છો તે પ્રૉફેસર અગ્રવાલ હજુ તાજેતરમાં જ રીટાયર થયા છે. જોઉં, એમના ઘરનું સરનામું મળે તો.' રામસ્વામીએ માહિતી આપી.

પ્રકાશનું માથું ભમવા લાગ્યું, ડબલ્યુ–આઈ–જે-૧૦માં તે પ્રવાસે નીકળ્યો ત્યારે અગ્રવાલ સાહેબે હજુ માંડ ચાળીશી વટાવી હતી. તેણે ગભરાતાં-ગભરાતાં પૂછ્યું, 'અત્યારે કઈ સાલ ચાલે છે?'

જવાબમાં રામસ્વામીએ તેના હાથમાં તે દિવસનું વર્તમાનપત્ર મૂક્યું. એના પરથી તારીખ જોઇને પ્રકાશને મૂર્છા આવી ગઈ. તે વીસ વર્ષે પૃથ્વી પર પાછો ફર્યો હતો.

પ્રકાશને સ્વસ્થ થતાં બે અઠવાડિયાં લાગ્યાં. તેના ભેજાને ઠેકાણે લાવવામાં નર્સ અનુપમાનો મુખ્ય હાથ હતો. બ્રહ્મચારીની વિકેટ પડવાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં હતાં. 'તમારી પ્રેમગોષ્ઠીઓમાં અવકાશયાત્રાની વાત વચ્ચે ન આવે તે જરા જોજે, દીકરી, એવી ડૉક્ટરની સૂચના અનુપમા કાળજીથી પાળતી આવી હતી.

પ્રકાશ સાજો થયા પછી રામસ્વામીએ તેનો અગ્રવાલસાહેબ સાથે મેળાપ કરાવી આપ્યો. પ્રૉફેસર અગ્રવાલે પહેલાં પ્રકાશને સુખરૂપ પાછા ફર્યા બદલ અને અનુરૂપ વધૂ મેળવવા બદલ અભિનંદન આપ્યાં; અને પછી કાળહરણનો ખુલાસો કર્યો. આ બધો કીમિયો કૃષ્ણવિવરના પ્રબળ ગુરુત્વાકર્ષણને આભારી હતો. નિદ્રાધીન અવસ્થામાં કૃષ્ણવિવર ફરતા આંટા મારવામાં તેની ને જૉનની કાળગણના મુજબ સેકંડોની જ અવધિ વીતી હતી; કારણ કે ગુરુત્વાકર્ષણને લીધે તેમની કાળગતિ લગભગ સ્થગિત થઈ ગયેલી હતી. એ અવધિ દરમિયાન બાકીનું જગત સત્તર વર્ષ આગળ નીકળી ગયું હતું. કાળમાં સ્થગિત થએલા જૉન અને પ્રકાશનું વીશીની વયનું તારુણ્ય હજુ ટકી રહ્યું હતું. આઇન્સ્ટાઇનની 'રીલેટિવિટી' (સાપેક્ષવાદ)ના તેઓ બંને જીવતા-જાગતા નમૂના હતા.

'ઠીક, એમ છે ત્યારે! અને સંજય ક્યાં છે? મને જોઇને એને તો આઘાત જ લાગશે.' પ્રકાશે હસતાંહસતાં પૂછ્યું.

'સંજય કોણ?' અનુપમાએ પૂછ્યું.

'સંજય જોશી. મારો ખાસ દોસ્ત છે. અમે બંને એક જ ઇન્સ્ટિટ્યૂટમાં સંશોધન કરતા હતા. તેને ને મારે અનેક વાર વાદવિવાદ—અરે, રડે છે કેમ?'

'એ તો મારા પપ્પા. મા ને પપ્પા બેઉ વિમાની અકસ્માતમાં મૃત્યુ પામ્યાં ને હું સાવ અનાથ થઇ ગઈ...' ડૂસકાં વચ્ચે અનુપમાએ ખુલાસો કર્યો.

અનુપમાની માએ આદરેલી વરની શોધ પરિપૂર્ણ થઈ હતી. અનુપમા હવે અ-નાથ નહોતી. કૃપા કૃષ્ણવિવરની. □

સાહિત્યસંપર્ક

એક બહુ ઉપયોગી પ્રકાશન
ફોટોગ્રાફીસૂત્રપોથી

નામ અને તે પણ ગુજરાતીમાં જોઈ કદાચ ફોટોગ્રાફીમાં રસ ધરાવનારા પણ તેના પરથી નજર ખસેડી લે, પણ એ તેમની એક મોટી ભૂલ થશે. કારણ, રંગીન ફિલ્મના એક રોલ કરતાં યે ઓછી કિંમતની આ સૂત્રપોથીમાં 'ડેવલપિંગ' અંગે જે માહિતી આપી છે તે વ્યાસંગી કે વ્યવસાયી ફોટોગ્રાફરને માટે અત્યંત ઉપયોગી છે. ગુજરાતી ભાષામાં આ વિષયને આટલી વિશદ અને સરળ રીતે રજૂ કરતું આવું કોઈ પ્રકાશન હજીસુધી તો નજરે ચડ્યું નથી.

ડેવલપિંગ માટેની ફૉર્મ્યુલાને લગતાં પ્રકાશનો તો મળી રહે છે, પરંતુ તે બહુધા અંગ્રેજીમાં જ હોઈ અંગ્રેજી નહિ વાંચી શકનારને અંધારામાં અટવાતું પડે છે, તથા ક્યારેક કેવળ વ્યવસાયલક્ષી ફોટોગ્રાફરોની ધનએષણાના ભોગ પણ બનવું પડે છે. અને એટલે જ આ સૂત્રપોથીના લેખક વિક્રમ દલાલે પોતાના અભ્યાસ અને દીર્ઘ અનુભવોના આધારે આ પુસ્તક આગ્રહપૂર્વક ગુજરાતીમાં તૈયાર કર્યું છે.

વિજ્ઞાનના સ્નાતક અને ફોટોગ્રાફીના શોખમાંથી એ વ્યવસાય તરફ ઢળેલા લેખકે પોતાના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સહિત આ વિષયનો ઊંડો અભ્યાસ કર્યો છે. રંગીન ફોટોગ્રાફી અંગે જ્ઞાન મેળવવા તેઓ બેલ્જિયમ પણ જઈ આવ્યા છે. એ પછી અમદાવાદના 'નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ડિઝાઇન'માં પણ કામ કર્યું, વિજ્ઞાનના શિક્ષક પણ બન્યા, સાથોસાથ એમણે ઔદ્યોગિક ક્ષેત્રે ફોટોગ્રાફીમાં પણ વિકાસ સાધ્યો. વિજ્ઞાન એ એમનો માનીતો વિષય, એટલે એ ક્ષેત્રે જ્યાંજ્યાં ફોટોગ્રાફીની જરૂર પડે તે બધાંનો એમણે ઊંડો અભ્યાસ કરી તેમાં આગવી સિદ્ધિ અને ખ્યાતિ મેળવી. સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈના નેતૃત્વમાં થુમ્બામાં થયેલા અવકાશ સંશોધન અંગેના આયોજનોમાં ફોટોગ્રાફીના ક્ષેત્રે એમણે પણ કામ કર્યું. પરંતુ એમને સૌથી વિશેષ રસ તો છે પોતે જે કંઈ હાંસિલ કર્યું તેની લહાણ કરવામાં, અને એથી ૧૯૭૦માં એમણે પોતાને ત્યાં ગરાજમાં 'સ્કૂલ ઑવ ફોટોગ્રાફી'ની સ્થાપના કરી. ઉત્તરોત્તર વિકાસ થઈ આજે આ ફોટોશાળામાં ત્રણ સાધન-સજ્જ ડાર્કરૂમો સાથે ફોટોગ્રાફીના શિક્ષણનાં વિવિધ પાસાંઓમાં જરૂરી એવી પૂરતી સામગ્રી અને ઉમદા ગ્રંથસંગ્રહ સાથે પોતાનો આગવો ફ્લૅટ ધરાવે છે. લગભગ બસો ઉપરાંત નાનાંમોટાં અને વ્યવસાયી ફોટોગ્રાફરો સુધ્ધાંએ અહીંથી સુયોજિત પદ્ધતિએ ફોટોગ્રાફી અંગે યોગ્ય જ્ઞાન મેળવ્યું છે.

પરંતુ ફોટોગ્રાફી અંગે પાયાનું સાચું જ્ઞાન આપવું અને તેનાં પ્રમાણપત્રો આપવાં એ જ એકમાત્ર ઉદ્દેશ નથી. વિજ્ઞાન અને ઉદ્યોગનાં ક્ષેત્રો સહિત જ્યાંજ્યાં ફોટોગ્રાફીની જરૂર પડતી હોય – અને આજે તો જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં એ લગભગ અનિવાર્ય છે – તે બધાં ક્ષેત્રોને લક્ષમાં રાખીને આ વિષયનો યોગ્ય પ્રસાર કરવાની એમની નેમ છે – અથવા એ એમનું એક 'મિશન' છે. આ કાર્ય વધુ સારી રીતે થઈ શકે તે માટે એમણે હવે 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍપ્લાઇડ ફોટોગ્રાફી' નામે ટ્રસ્ટ બનાવ્યું છે. ફોટોગ્રાફીના ક્ષેત્રમાં લોકોપયોગી દૃષ્ટિ તથા યોગ્ય જ્ઞાનપ્રસારના ઉદ્દેશથી સ્થપાએલા આ ટ્રસ્ટનાં વિવિધ કાર્યોમાંનું એક કાર્ય ફોટોગ્રાફીને લગતાં યોગ્ય માહિતીપૂર્ણ ઉપયોગી પ્રકાશનો કરવાનું પણ છે. આ 'ફોટોગ્રાફીસૂત્રપોથી'થી તેનો આરંભ થાય છે.

આ પુસ્તકમાં ડેવલપર જાતે બનાવવાના લાભ સમજાવવાથી આરંભી તેને માટે જોઈતી સામગ્રી તથા તેના ઉપયોગ અને જાળવણીનાં સૂચનો, આ માટે વપરાતાં રસાયણોની પ્રક્રિયાની સમજ અને તેના ઉપયોગમાં લક્ષમાં રાખવાના મુદ્દા તથા તેની ખરીદી અંગે માર્ગદર્શન આપ્યું છે. વિવિધ પ્રકારના ડેવલપર વચ્ચેનો તફાવત તથા તે બનાવવાની તબક્કાવાર રીત સમજાવી છે. નૅગેટિવ સુધારવાના શક્ય ઉપચારો પણ તેમાં સમજાવ્યા છે. આ રીતે વિધવિધ ડેવલપર, સ્ટૉપબાથ, ફિક્સર, હાર્ડનિંગબાથ, રીડ્યુસર, ઇન્ટેન્સિફાયર, ટોનર વગેરેની મળીને કુલ ૬૯ ફૉર્મ્યુલા આ સૂત્રપોથીમાં સમાવી છે. ટૂંકમાં આ સૂત્રપોથી ડેવલપિંગને લગતા લગભગ બધા જ પ્રશ્નોને આવરી લેતી હોઈ ડાર્કરૂમમાં કાયમને માટે સંઘરી રાખવા યોગ્ય એક માહિતીપૂર્ણ ઉપયોગી પ્રકાશન બની રહે છે.

પૂરતા વિચારપૂર્વક તૈયાર થયેલી આ સૂત્રપોથી વધુમાં વધુ ઉપયોગી બની રહે તે ઉપરાંત એક સુંદર પ્રકાશન પણ બને એ દૃષ્ટિ પણ તેમાં દેખાઈ આવે છે. પુસ્તકના આરંભમાં જ લેખકે મૂકેલી 'પુસ્તકની પ્રાર્થના', મુદ્દાસર તબક્કાવાર સરળ લખાણ, સુઘડ છપાઈ અને બાંધણી વગેરે તેનાં દ્યોતક છે. આના અનુસંધાને આવાં, અને જરૂરી હશે ત્યાં દૃષ્ટાંતચિત્રો સાથેનાં એક પછી એક અન્ય પ્રકાશનો કરીને ફોટોગ્રાફીનાં બીજાં બધાં પાસાંને આવરી લેવાની આ પ્રકાશનમાળાની નેમ છે. આ સૂત્રપોથી પછીનું પ્રકાશન થશે 'ફ્લૅશનો સમુચિત ઉપયોગ'. અને પછી આગળ તબક્કાવાર અન્ય પ્રકાશનો. આથી જ ફોટોગ્રાફીમાં રસ ધરાવનાર સૌ વ્યાસંગી-વ્યવસાયી ફોટોગ્રાફરને અત્યારથી જ તેનો સંગ્રહ આરંભ કરવાની ભલામણ અહીં અસ્થાને નહિ ગણાય.

(પ્રકાશક: ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍપ્લાઇડ ફોટોગ્રાફી, ૧૦, ઇન્કિલાબ સોસાએટી, અમદાવાદ-૩૮૦૦૧૫, પાકું પૂઠું, પૃ. ૧૦૦, કિં. ૨૦/-, ટપાલખર્ચ અલગ. આ ઇન્સ્ટિટ્યૂટ તથા ફોટોગ્રાફીના ત્યાંના શિક્ષણ અંગે પૃચ્છા કરી ઇચ્છુકો વિશેષ માહિતી મેળવી શકશે.)

અનુસંધાન] **અમીના માશી** [પૃ. ૯૧ થી

સ્રી ખરે જ શક્તિનું ઇતર રૂપ છે. ના, સ્વયં શક્તિ છે. એ શક્તિના આરાધકોનું વિશ્વ સદા નિર્મળ અને નિર્દોષ રહ્યું છે.

જૈનબ સ્વભાવે જક્કી. પતિ સાથે ન ફાવ્યું. મેં ઘણી સલાહ આપેલી, સઘળી વ્યર્થ. એ ખુમારીથી પુનઃ માના ઘેર પાછી આવી નોકરી કરે છે. અમીના માશા રાખે છે. મા છે ને! અમીના માશીના જીવનની આ જ વિશેષતા કે કરુણતા! ઘણી વાર લાગે છે કે દુઃખોને સહન કરી કરીને જ એ જાડાં થઈ ગયાં છે. એમનું જાડાપણું એ દુઃખોનો સરવાળો છે. વ્યથાની કથા છે. સ્થૂળતા કથા કથતી રહે છે એ કોઈ સાંભળતું નથી. આમે ય માણસજાતને બહેરાશ આવી ગઈ છે આ સદીમાં. માટે જ માણસ હોવાનો ગર્વ હું કરી શકતો નથી. ☐



કલાકાર વિશ્વંભર ખન્ના

ચિત્ર એટલે કે પેઈન્ટિંગનો અર્થ આજે ઘણો બદલાઈ ગયો છે. આજે કલા-પ્રદર્શનોમાં એવી સંખ્યાબંધ કૃતિઓ પણ જોવા મળે છે કે જેમાં રંગનો બિલકુલ ઉપયોગ થયો ન હોય. એના બદલે કાચ, પથ્થર, કાષ્ઠ, તારનાં ગૂંચળાં મોતી એવું એવું કંઈ વપરાયું હોય. દિલ્હીના એક જાણીતા કલાકાર વિશ્વંભર ખન્ના પોતાની કૃતિઓમાં મીનાકારીનો ઉપયોગ કરે છે. આ રીતે ચિત્રસર્જન કરતા ભારતમાં એ એક જ કલાકાર છે.

મૂળ તો એ ગ્રાફિક્સના કલાકાર. દિલ્હીની કૉલેજ ઑવ આર્ટમાંથી ગ્રાફિક્સમાં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ એમને શિષ્યવૃત્તિ મળી, અને તેઓ 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ના પ્રોસેસ ખાતામાં એચર તરીકે એ કામના વધુ અભ્યાસાર્થે જોડાયા. આમાં એમણે મુદ્રણક્ષેત્રની ઉમદા કારીગરીની અચ્છી સૂઝ મળી. પણ અહીં પોતાની સર્જન-શક્તિને વિકસાવવાનો વિશેષ કંઈ અવકાશ ન લાગવાથી એ છોડીને તેઓ કૉલેજ ઑવ આર્ટમાં જોડાયા. દોઢેક વર્ષ પછી ભારત સરકારની શિષ્યવૃત્તિ મળતાં ગ્રાફિક્સ અને એચિંગના વધુ અભ્યાસ માટે તેઓને ઝેકોસ્લોવાકિયા જવાની તક મળી.

અઢી વર્ષે ત્યાંથી પાછા ફર્યા બાદ એમને લાગ્યું કે પોતાને જે રીતે કામ કરવું હતું તેને માટે જોઈતાં પૂરતાં સાધન-સામગ્રી ભારતમાં સુલભ નથી. આથી તેઓ કોઇ નવા માધ્યમની ખોજમાં લાગ્યા. અલબત્ત, આ દરમિયાન તેઓ ગ્રાફિક્સ અને તૈલચિત્રો તો કરતા



કલાકાર ખન્નાની ત્રણ કૃતિઓ : ઉપર તથા જમણીબાજુ એમનાં બે એનામલ (મીનાકારી વાળાં) પેઇન્ટિંગ તથા ડાબી બાજુ નીચે એક ગ્રાફિક-લીથોગ્રાફ.

જ હતા. આ શોધમાં એમનું લક્ષ મીનાકારી પ્રતિ ખેંચાયું. મીનાકારીના ઉત્સાદ સોની કારીગરો પાસેથી એમણે એ કારીગરીની સમજણ મેળવી અને તેને પોતાની અભિવ્યક્તિના માધ્યમ તરીકે અપનાવવા નિર્ણય કર્યો. અલબત્ત, સોની કારીગરો તો એમને મીનાકારીનું કૌશલ સમજાવી શકે, પણ ચિત્રસર્જનમાં તેને પ્રયોજવા માટે તો એમણે જાતે જ પ્રયોગો કરવા પડ્યા, અને તે તેમણે કરવા માંડ્યા. આ કામ ઘણો શ્રમ માગી લેતું હતું, પરંતુ એ એક આહ્વાન પણ હતું, જે એમણે સ્વીકારી લીધું.

અને થોડાં જ વર્ષોમાં એમણે તેના પર કાબૂ મેળવી લઇને પોતાનાં ચિત્રસર્જનોમાં તેનો ઉપયોગ કરવા માંડ્યો. એવામાં એમને ઓહાયોમાં મીઆમી યુનિવર્સિટીમાં કલા-શિક્ષક તરીકે તાલીમ માટે આમંત્રણ મળ્યું. ત્યાં એમને મીનાકારીના કૌશલ તથા તેને માટેનાં વધુ સાધન-સામગ્રીનો પરિચય થયો. પરિણામે તેઓ પોતાનાં સર્જનમાં આ માધ્યમને વધુ સારી રીતે પ્રયોજતાં શીખી ગયા. આ જ્ઞાન અને અનુભવને લીધે વૉશિંગ્ટન ડી. સી.માં યોજાએલા એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં ભાગ લેવાનું એમને આમંત્રણ મળ્યું, જેમાં પોતાની કૃતિઓ રજૂ કરનાર એ એક જ ભારતીય હતા.

પછી તો એમણે મીનાકારીમાં રાષ્ટ્રીય ઍવોર્ડ પણ મેળવ્યો. દિલ્હીની એક મોટી હોટેલમાં એમની આ નવતર પદ્ધતિએ મ્યૂરલ કરવાનું કામ પણ મળ્યું, અને આમ ઉત્તરોત્તર એમણે દેશવિદેશમાં અવારનવાર પોતાની કૃતિઓ રજૂ કરવા માંડી.

પોતાની સર્જકતાને આ માધ્યમમાં મુક્તપણે કામ કરવામાં નડતી મર્યાદાઓ હવે તેઓ ઓળંગી ગયા છે. આ પ્રકારના ચિત્રસર્જનની એમની રીત પણ આગવી છે. કોઇ આકાર-આકૃતિને પહેલેથી કલ્પી લઇને ચિત્ર ન બનાવતાં તેઓ પોતાના આ માધ્યમને જ અનુસરે છે. કોઇ લાગણીથી પ્રભાવિત થઇને પછી તેને અભિવ્યક્ત કરવા માધ્યમની ખોજ કરવામાં તેઓ માનતા નથી. માધ્યમથી જ એ આરંભ કરે છે. એનાથી જ આકર્ષણ પામી તેઓ તેને એક આહ્વાન ગણી, જે તે માધ્યમના પ્રચ્છન્ન સૌન્દર્યને પ્રયોજવા એ પ્રેરાય છે.



મીનાકારીના માધ્યમમાં કામ કરવા માટે એમને કલાકો સુધી ઊંચા ઉષ્ણતામાનવાળી ભઠ્ઠી પાસે બેસવું જરૂરી હોઇ બહુધા તેઓ શિયાળાની ઠંડી મોસમમાં બેએક માસ દરમિયાન જ આ કામ કરે છે. આથી એમની આ પ્રકારની નવી કૃતિઓ પણ શિયાળા પછી પ્રદર્શિત થતી રહે છે. બીજા સમયમાં તેઓ ગ્રાફિક્સ કરે છે અને કલાશિક્ષણ આપે છે.

આભૂષણો અને શોભનોમાં સીમિત રહેલી મીનાકારીને વિશ્વંભર ખન્નાએ ચિત્રસર્જનોમાં પ્રયોજીને એક નવી જ દિશા બતાવી છે. મીનાને લીધે એમની કૃતિઓ એક અનોખું આકર્ષણ પેદા કરે છે. અન્ય ચિત્રમાધ્યમો







◁ ઍઝેસ્કાએ પેન્સિલમાં આલેખેલી પોતાની તસવીર. ઉપર તેણે રંગીન પેસ્ટલ્સથી બનાવેલું એક પોર્ટ્રેટ, તથા જમણીબાજુ ચારકોલથી કરેલું એક ડ્રૉઇંગ. સામેના પૃષ્ઠ પર ઍઝેસ્કાનાં બીજાં કેટલાંક આલેખનો આપ્યાં છે. પૂરી આત્મશ્રદ્ધાથી અંકાએલી ખચકાટ વિનાની રેખા અને તેનું લાઘવ એ તેની આલેખનશક્તિનું દ્યોતક લક્ષણ છે. એ રેખાઓનો પ્રત્યેક વળાંક આલેખનમાં ઊંડાણ પૂરે છે.



હેન્રી ગોદીએર બ્ઝેસ્કા


આ અંકના પૂઠા ઉપર તથા અહીં કેટલાંક આલેખનો-ડ્રૉઇંગ્સ આપ્યાં છે. તેનાં આલેખક ફ્રેંચ શિલ્પી હેન્રી ગોદીએર બ્ઝેસ્કાનું માત્ર ચોવીસ જ વર્ષની વયે ઈ. ૧૯૧૫ના જૂન માસમાં ન્યૂવિલે સેન્ટ વાસ્તમાં ફ્રેંચ હરોળમાં લડતાં અવસાન થએલું. બાળપણ, અભ્યાસનાં વર્ષો ને સૈન્યમાં આપેલી સેવાનો ગાળો બાદ કરતાં બાકી રહેતી થોડાં જ વર્ષોની એની કલાકાર તરીકેની કારકિર્દીમાં પણ એણે ઘણી આશાસ્પદ ખ્યાતિ મેળવી હતી. શિલ્પાંકન ઉપરાંત એણે કરેલાં ડ્રૉઇંગ્સ તથા પેસ્ટલ્સમાં કરેલાં ચિત્રો આજે વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમ, માન્ચેસ્ટર સિટી આર્ટ ગૅલેરી, નૅશનલ મ્યૂઝિયમ ઑવ વેલ્સ તથા અન્ય ખાનગી સંગ્રહોમાં સંઘરાએલાં છે. તેમાંથી એણે કેળવેલી સિદ્ધહસ્તતાની પ્રતીતિ મળી રહે છે,

પોતાનાં ડ્રૉઇંગ્સ માટે એણે ચારકોલ, પેન્સિલ, શાહી તથા પેસ્ટલ્સનો ઉપયોગ કર્યો છે. એનું કેટલુંક કામ તો અભ્યાસનાં વર્ષો દરમિયાનનું છે, પરંતુ એ કાળે પણ એણે જે લાઘવયુક્ત રેખાસામર્થ્ય દર્શાવ્યું છે તે પ્રશંસનીય છે. જ્યારે પેસ્ટલ્સથી કરેલાં એનાં છબીચિત્રોમાં ગોગાંની અસર દેખાય છે. માત્ર બે જ પરિમાણમાં સરકતી એની લઘુતમ રેખાઓ ઊંડાણનો પણ ભાસ કરાવે છે. માનવ પાત્રો ઉપરાંત પક્ષી-પ્રાણીઓનાં આલેખનમાં પણ તેને રસ હતો. આ બધાંનાં એણે જે આલેખનો કર્યાં તેમાં અતિ આવશ્યક એવી ઓછામાં ઓછી રેખાઓનો ઉપયોગ કરવા છતાં તેણે ચિત્રવસ્તુની લાક્ષણિકતાને પ્રકટ કરી છે. આમાં નથી ક્યાંય ખચકાટ, નથી બિનજરૂરી અતિરેક કે નથી વિગતોનો ગૂંચવાડો, સીધું સરળ અને સચોટ તેનું આલેખન છે. કલાના વિદ્યાર્થીઓને તેમાંથી અવશ્ય પ્રેરણા મળી રહેશે.

—બંસીલાલ દલાલ

કરતાં એ વધુ ટકાઉ છે એટલું જ નહિ, તેની પારદર્શક કે અર્ધપારદર્શક રંગભભક, તેના ઓછાવત્તા ઊપસતા થર તથા કલાકારની આગવી સૂઝ મુજબનાં આકાર આકૃતિઓનાં સમતોલ સંયોજનોને પરિણામે એ એક સુંદર કલાકૃતિ બની રહે છે. અલબત્ત, એમની આ ચિત્રકૃતિઓ પરંપરિત ચિત્રશૈલીની આકૃતિઓવાળી નથી હોતી, પણ જે અમૂર્ત આકારોમાં એ સંયોજિત હોય છે તેમાં એમના કૌશલ, રંગછાયાનું પ્રમાણભાન, આકાર રંગનું અરસપરસ સમતોલન અને આકર્ષણ હોય છે જ. ચિત્ર વિષેના બદલાએલા ખયાલો પ્રમાણે એ એક સુંદર સર્જન બની રહે છે, જેમાં કલાકારના આગવા વ્યક્તિત્વનો સ્પર્શ પ્રમાણી શકાય છે.

ઇ. ૧૯૫૪થી માંડી આજ સુધીમાં વિશ્વંભર ખન્નાએ દેશ-વિદેશમાં પ્રદર્શનોમાં પોતાનાં ગ્રાફિક્સ તથા આ 'એનામલ પેઇન્ટિંગ્સ' રજૂ કર્યાં છે. 'ઇંડિયન કાઉન્સિલ ફૉર કલ્ચરલ રીલેશન્સ'ના ઉપક્રમે રશિયા, પોલૅન્ડ, હંગેરી, યુગોસ્લાવિયા વગેરે દેશોમાં એમણે અભ્યાસયાત્રાઓ કરી છે કેન્દ્રની લલિતકલા અકાદમીએ દેશપરદેશમાં યોજેલા કલાપ્રદર્શનોમાં પણ એમની કૃતિઓ સ્થાન પામી છે. અમેરિકાની કૉંગ્રેસ લાયબ્રેરી, પ્રાગની નૅશનલ ગૅલેરી ઑવ મૉડર્ન આર્ટ, નવી દિલ્હીની નૅશનલ ગૅલેરી ઑવ મૉડર્ન આર્ટ અને લલિતકલા અકાદમી, પંજાબ મ્યૂઝિયમ, વૉશિંગ્ટન ડી. સી.ના સ્મિથસોનીઅન ઇન્સ્ટિટ્યૂટ, દિલ્હીના પાલમ વિમાનમથક, મોસ્કોમાં ભારતીય દૂતાવાસ વગેરે અનેક સ્થળે એમની કૃતિઓ સંઘરાઈ છે. ભારતના ટપાલખાતાની ફિલાટેલિક એડવાઇઝરી કમિટી, દિલ્હી ટી.વી. કેન્દ્ર અને આકાશવાણીની સલાહકાર સમિતિ, દિલ્હી તથા ભારતની ક્રાફ્ટ કાઉન્સિલની કારોબારી સમિતિઓમાં, એમ અનેક સ્થળે પણ તેઓ સંકળાએલા છે, અને અનેક રાષ્ટ્રીય સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પણ વરણી પામતા રહ્યા છે. એમના સૌજન્યથી કલાકાર જયંત સિદ્ધપુરા દ્વારા મેળવેલા એમના એક રંગીન ચિત્રના બ્લૉકોના ઉપયોગ સાથે એમની કેટલીક કૃતિઓ અહીં તથા આ અંકમાં અન્યત્ર આપી છે જે એમની કલાની દ્યોતક છે. □





આ કયું પ્રાણી છે? બકરો તો નથી, કારણ એના માથે ઘેટા જેવાં વળાંકાકાર શિંગડાં અને દેહ ઉપર ઊન છે. પણ એ ઘેટો યે નથી. કારણ એનો દેહ બકરાનો છે. પ્લાસ્ટિક સર્જરીની નહિ, પણ અનુવંશશાસ્ત્રની આ કરામત છે.

કૅમ્બ્રિજમાં ઍનિમલ રિસર્ચ સ્ટેશન અને ઍગ્રિકલ્ચરલ રિસર્ચ કાઉન્સિલના ઇન્સ્ટિટ્યૂટ આવ ઍનિમલ ફિઝીઓલૉજીમાં વર્ણ-સંકરતાના આવા પ્રયોગો થયા છે. અહીં દર્શાવેલો આ ઘેટા-બકરો એક વર્ષની વયનો છે. એનું વર્તન નર બકરા જેવું છે. તેના રક્તમાં ઘેટાં અને બકરાં બંનેના જેવાં લાલ-કણો છે. એના શરીર ઉપરનું ઊન ઘેટાના જેવું વાંકડિયું નહિ, પણ બકરાના શરીર ઉપરના સીધા વાળ જેવું છે. તેના વીર્યમાં વંશ-વિસ્તારવાની ક્ષમતા જણાઈ નથી.

આવા બીજા ત્રણ પ્રયોગો થયા હતા. તેમાંના એકમાં કુલ સાત બચ્ચાં જન્મ્યાં હતાં એ બધાંનાં માથાં-મહોરાં ઘેટાં જેવાં હતાં. પરંતુ તેમાંનાં ત્રણ બચ્ચાંના શરીર ઉપર બકરાના વાળ જેવું ઊન હતું. ઘેટા અને બકરાના મિશ્ર વીર્યથી ફલિત કરેલાં બીજને માદાના ગર્ભાશયમાં આરોપીને આ બચ્ચાં પેદા કરવામાં આવેલાં.

બીજા પ્રયોગમાં જન્મેલાં બે બચ્ચાંનાં માથાં બકરાં જેવાં હતાં, પણ તેમાંના એકના શરીર ઉપર ઘેટાના જેવું ઊન હતું.

ત્રીજા પ્રયોગમાં નવ બચ્ચાં જન્મેલાં. જેમાંનાં છ સામાન્ય ઘેટાં જેવાં. એક સામાન્ય બકરા જેવું અને બે ઘેટાં-બકરાંની મિશ્ર જાતના જેવાં હતાં.

કૃત્રિમ વીર્યદાન કરતાં આ તદ્દન ભિન્ન છે. આમાં તો એક જાતનાં માબાપથી ફલિત કરેલા બીજને બીજી જાતની માદાના ગર્ભાશયમાં આરોપીને તેમાં તેનો વિકાસ સાધવા જેવું છે. આ ઉપરાંત બીજી પણ અમુક પ્રક્રિયાઓ કરવામાં આવે છે. જેમ કે બંને જાતિના ફલિત બીજનાં કોષોનું અમુક નિશ્ચિત તબક્કે જોડાણ કરી ત્રીજી જ ઘેટીના ગર્ભાશયમાં તેનો વિકાસ કરી સંકર બચ્ચું મેળવવામાં આવ્યું.

આવા બીજા પ્રયોગો પણ થાય છે. વનસ્પતિમાં સંકર જાતો પ્રકટાવ્યા પછી વિજ્ઞાન હવે આ તરફ ઢળ્યું છે એટલું જ નહિ, તેમાં પ્રગતિ પણ દાખવી છે.

આ સંકર ઘેટાબકરાને વિજ્ઞાનીઓએ 'શિપ-ગોટ કાઇમિઅરા' (Sheep-goat chimeara) નામ આપ્યું છે. કાઇમિઅરા એ ગ્રીક પુરાણોનું એક કાલ્પનિક પ્રાણી છે જેને સિંહનું માથું, બકરાનું શરીર અને મોંમાંથી જ્વાળા કાઢતા સાપની પૂછડી હોવાનાં વર્ણન મળે છે. આપણે આ 'શિપ-ગોટ'ને શું નામ આપીશું? 'અજ-મેષ' કહીશું?

ઇતિહાસ-ધારા......અશોક હર્ષ

મહારાજા વિક્રમાદિત્યના સમયની પુષ્પાવતી નગરી કે જે માધવાનલ અને કામકુંદલાની પ્રેમકથાથી પ્રખ્યાત હતી, ત્યાં આજે માત્ર બનૂડ નામે એક ગામ છે. પંજાબના એ ગામનું નામ બન્નો ધોબણ પરથી પડ્યું છે, જે સોળમી સદીની એક પ્રખ્યાત ગાયિકા ગણાતી હતી.

કહેવાય છે કે સંગીત સમ્રાટ તાનસેને અકબરના દરબારમાં દીપક રાગ ગાયા પછી તેના શરીરમાં જે જલન ઊપડેલી તે આ બન્નો ધોબણે મલ્હાર રાગ ગાઇને શાંત પાડેલી. તાનસેન શરીરમાં જલન સાથે ગામના પાદરે એક વડ નીચે આવીને પડ્યો ત્યારે કૂવે પાણી ભરતી બન્નોએ તેને જોયો અને તુરત પાણી ભરવું પડતું મૂકી તેની પાસે પહોંચી ગઇ. હકીકત જાણી તે પણ ત્યાં વડના ઝાડ નીચે બેસી ગઈ અને મલ્હાર આલાપવો શરૂ કર્યો. એ સાથે જ મૂશળધાર વરસાદ વરસી પડ્યો ને તાનસેનની જલન શાંત થઈ.

બન્નો ધોબણ અને તાનસેનને શો સંબંધ એવો પ્રશ્ન સ્વાભાવિક છે. બન્નો તાનસેનની સંગીતસખી હતી અને તાનસેન અવારનવાર તેને ત્યાં આવતો. આને સમર્થન આપતો એક દસ્તાવેજ પંજાબ પુરાતત્ત્વવિભાગને બનૂડના એક પરિવારમાંથી પ્રાપ્ત થયો છે જેમાં જણાવવામાં આવ્યા મુજબ એ સમયના એ પ્રદેશના રાજા રામચંદ્રે ઈ. ૧૫૬૨માં તાનસેનનો પરિચય મુગલ સમ્રાટ અકબર સાથે કરાવેલો. જન્મે બ્રાહ્મણ પણ મુસ્લિમ ધર્મ સ્વીકારનાર તાનસેને 'સંગીતસાર', 'રાગમાલા' 'શ્રી ગણેશસ્તોત્ર' વગેરે વિવિધ રચનાઓ કરેલી છે.

જ્યાં આજે બનૂડ વસ્યું છે એ પુષ્પાવતી નગરી તેના વિવિધ પુષ્પ છોડોના વિશાળ બગીચાઓ માટે પ્રખ્યાત હતી. પાણીપતના યુદ્ધમાં ઊતરતાં પહેલાં બાબરે અહીં જ તેનો પડાવ નાખેલો. અકબરના જમાનામાં પણ સરહિંદ રાજ્યનું એ એક મહત્ત્વનું નગર હતું. ગુરુ ગોવિંદસિંહના બે પુત્રોને ઔરંગઝેબે દીવાલમાં જીવતા ચણાવ્યા તેનું વેર લેવા સરહિંદમાં કત્લ ચલાવનાર બંદા વેરાગીએ આ નગરનો પણ નાશ કર્યો. આજનું બનૂડ અને એનાથી દસ માઇલ દૂર આવેલું છત બંને એ જ નગરના ભાગ હતા, અને આજે ય બંને વચ્ચેનો પટ ખંડેરોથી ભરેલો છે.

બનૂડમાં બન્નો ધોબણનું મંદિર આજ પણ ઊભું છે, જેમાંની તેની પ્રતિમાની વિધિવત્ પૂજા થાય છે અને હોળીના દિવસે ત્યાં લોકસંગીત ને શાસ્ત્રીય સંગીતનો જલસો જામે છે.

ઝૂલણા

સાધનો જે મળ્યાં વ્યક્તિને, તેહનો શુભ સમન્વય કરી કાર્ય કરવું;
દિવસ સંધ્યા-ઉષાથી સુહાવાય, તો તારકે રાત્રિનું રૂપ ગરવું.

— ખબરદાર

ધનુર્વિદ્યાનો અભ્યાસ કરતાં દિલ્હીના બાદશાહ ગ્યાસુદ્દીનને હાથે એક છોકરાનો જાન ગયો. તેની ફરિયાદ છોકરાની માતા તરફથી કાજી સિરાજુદ્દીન પાસે જતાં તેણે બાદશાહ સામે હુકમનામું કાઢી બોલાવ્યો, ને સામાન્ય ગુનેગાર પેઠે જ સામે ઊભો રાખી ન્યાય તોળ્યો. મુકદ્દમો પતી ગયા પછી એકાંત મળતાં રાજાએ પોતાના પોશાકમાં સંતાડેલી નાની તલવાર કાઢી કાજીને કહ્યું કે, 'તેં જો બરોબર ન્યાય ન તોળ્યો હોત તો આજ હું તારો આ વડે શિરચ્છેદ જ કરવાનો હતો'. 'અને' – કાજીએ જવાબ આપ્યો–'તમે જો મારા ન્યાયનો હુકમ ન માનત તો હું પણ આ સોટી વટે તમારા બરડાની બરાબર ખબર લેત!'

કહેવતો : 'દીકરીની મા રાણી, ઘડપણમાં ભરે પાણી.' શરૂનું સુખ પાછળથી દુઃખમાં પરિણમવા માટે વપરાતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ છે કે પુત્રીઓ નાનપણમાં બધી ઘેર હોય ત્યારે માને કામકાજની કશી ફિકર ન રહેતાં આરામ રહે; પણ મોટપણે તે બધી સાસરે જતાં – જો પુત્ર ન હોય તો પાછલી અવસ્થાએ માને વેતરું કરવાનો વખત આવે.

$$\frac{૮+૮}{૮}(૮\times૮\times૮-૮)-૮=૧૦૦૦$$

$$\frac{૮૮૮૮-૮૮૮}{૮}=૧૦૦૦$$

અમેરિકામાં ગયા વર્ષે ૬૬ ટકા લોકોએ ૧૦૦ અબજ ડોલરની ખરીદી ટપાલ મારફતે જ કરી હતી. આ રીતે તેઓ ઘરવખરીની નાની મોટી ચીજો સહિત લગભગ ૫૦ હજાર વસ્તુઓ ખરીદે છે. આ ખરીદીમાં સરળતા રહે તે સારું ત્યાં દર વર્ષે ચારથી પાંચ હજાર કૅટલૉગ પ્રકટ થાય છે.

ઇંગ્લૅન્ડના રાજા હેન્રી પહેલા (ઈ. ૧૦૬૮–૧૧૩૫)ના હાથની લંબાઈ ૩૬ ઇંચ જેટલી હતી. એણે એના ત્રીજા ભાગ જેટલી લંબાઈ નિશ્ચિત કરી, અને એથી એક ફૂટની લંબાઈ ૧૨ ઇંચ નિશ્ચિત થઈ. જો એનો હાથ એથી વધુ કે ઓછો લાંબો હોત તો એક ફૂટની લંબાઈ પણ એ મુજબ ઓછી કે વધુ હોત.

ગરમીમાં સાકર, ઠંડીમાં મરી ને વર્ષામાં મીઠું મેળવી છાશ પીવી. હરસ, મરડો, અતિસાર, મંદાકિન, મેદ, કમળો અને સંગ્રહણીવાળા માટે છાશનું સેવન હિતકર છે, તો વ્રણ, રક્તપિત્ત, અતિ દુર્બળતા, મૂર્ચ્છા, ચર્મરોગ અને આમવાતવાળા માટે છાશ વર્જ્ય છે,

ઉનાળામાં તાપથી તથા કેરીના રસના અતિસેવનથી ઘણાંને ઝાડા થઈ જાય છે. આમાં કેરીની ગોટલીની અંદરનો ગર્ભ અકસીર ઇલાજ છે. નાના બાળકને તેનો ઘસારો ચટાડી શકાય.

મિંગ વંશના પ્રથમ સમ્રાટ હુંગ વુ (૧૩૬૮–'૯૮)એ પોતાના શાસન દરમિયાન એક વખત દસ જ દિવસના ગાળામાં જુદીજુદી ૩૩૯૧ બાબતોને સ્પર્શતા ૧૬૬૦ જેટલા કાગળો પર સહીઓ કરી હતી.

શાર્લેમાનનું નામ તો ઇતિહાસ-પ્રસિદ્ધ છે.. તેનો પિતા માત્ર સાડાચાર ફૂટ જ ઊંચો હતો. પણ એની તલવાર છ ફૂટ લાંબી હતી અને એ એક બહુ અચ્છો લડવૈયો હતો. આથી ઊલટું તેની પત્ની બર્થા લોકોમાં 'લાંબા પગવાળી' તરીકે જાણીતી હતી.

બર્લિનના રંક ભૂખ્યા માટે ફાળો એકઠો કરવા ઈ. ૧૯૩૦માં આઈન્સ્ટાઈન પોતાના હસ્તાક્ષરો આપવા માટે લગભગ ૨૧ રૂપિયા જેટલી રકમ લેતો, અને જો પોતાના ફોટોગ્રાફની ઉપર હસ્તાક્ષરો આપવાના હોય તો તેને માટે એ લગભગ ૩૫ રૂપિયા લેતો.

બરફ

નસકોરી ફૂટે ત્યારે બરફવાળું ઠંડું પાણી કે બરફ ભરેલી રબરની બૅગ માથા પર રાખવી. અકસ્માતથી વાગે અને લોહી વહેવા લાગે તો ઘા ઉપર બરફનો ટુકડો દબાવવાથી વહેતું લોહી બંધ થાય છે. * વાગવાથી, પડવાથી, ઘસાવાથી, છોલાવાથી, સોજો આવે, મૂઢમાર પડે, દુખાવો થાય તો તેના ઉપર બરફ ઘસવાથી રાહત થાય છે. તાવ ખૂબ હોય તો માથે કે પગે બરફ ઘસવો. * ઊલટી થતી હોય અને અત્યંત તરસ લાગતી હોય તો બરફનો ટુકડો મોંમાં રાખવો. * વાગવાથી ઢીમણું ઊપસી આવે તો તુરત તેના ઉપર બરફ લગાડવો.